**આજનો સુવિચાર**
સારૂ પરિણામ મેળવવા માટે વાતોથી નહીં, પણ રાતોથી લડવુ પડે છે!

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૨૯૪ જૂનાગઢ તા.૨૫-૧૧-૨૦૨૪ સોમવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 294, Junagadh : Date : 25 November, 2024, Monday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay

# આંદામાન નજીક દરિયામાંથી પાંચ ટન ડ્રગ્સનો જથ્થો ઝડપાયો

**દેશના ઈતિહાસનો અત્યાર સુધીનો ડ્રગ્સનો સૌથી મોટો જથ્થો ઝડપાયો : કિંમત જાહેર કરવામાં આવી નથી**




નવી દિલ્હી તા.૨૫

ભારતીય કોસ્ટ ગાર્ડે આંદામાન નજીકના દરિયામાંથી ૫ ટન ડ્રગ્સ જપ્ત કર્યું છે. સંરક્ષણ અધિકારીઓએ સોમવારે સવારે જણાવ્યું હતું કે ભારતીય કોસ્ટ ગાર્ડે આટલું મોટું કન્સાઈનમેન્ટ અગાઉ ક્યારેય પકડ્યું નથી. આ ડ્રગ્સ ફિશિંગ બોટમાંથી મળી આવ્યું હતું.

ડ્રગ્સના પ્રકાર અને આંતરરાષ્ટ્રીય બજારમાં તેની કિંમત વિશે હજુ સુધી માહિતી આપવામાં આવી નથી. આ કેસમાં પૂછપરછ અને ધરપકડ અંગે કોઈ માહિતી આપવામાં આવી નથી. સંરક્ષણ અધિકારીઓએ કહ્યું કે મામલાની તપાસ બાદ જ માહિતી આપવામાં આવશે.

૧૦ દિવસ પહેલાં ૭૦૦ કરોડની કિંમતનું ડ્રગ્સ જપ્ત થયું હતું ભારતીય કોસ્ટ ગાર્ડ અને ગુજરાત ATSએ ૧૫ નવેમ્બરે ગુજરાતના પોરબંદર દરિયાકાંઠેથી ૫૦૦ કિલો ડ્રગ્સ જપ્ત કર્યું હતું. તેની કિંમત ૭૦૦ કરોડ રૂપિયાથી વધુ હોવાનું કહેવાય છે. દિલ્હી એનસીબીને આ ડ્રગ્સ વિશે માહિતી મળી હતી. આ પછી દિલ્હી NCBએ ગુજરાત NCB, કોસ્ટ ગાર્ડ અને નેવીની મદદથી એક બોટ પકડી જેમાં ડ્રગ્સ છુપાવવામાં આવ્યું હતું.

## પર્થ ટેસ્ટમાં ટીમ ઈન્ડિયા વિજયથી માત્ર ૨ વિકેટ દુર

પર્થ તા.૨૫

બોર્ડર-ગાવસ્કર ટ્રોફીની પર્થ ટેસ્ટમાં ઓસ્ટ્રેલિયા સામે ભારત મજબૂત સ્થિતિમાં છે. ૫૩૪ રનને ચેઝ કરી રહેલી ઓસ્ટ્રેલિયન ટીમે ૮ વિકેટ ગુમાવી દીધી છે. ભારત હવે જીતથી માત્ર ૩ વિકેટ દૂર છે. ઓસ્ટ્રેલિયા તરફથી એલેક્સ કેરી અને મિચેલ સ્ટાર્ક ક્રિઝ પર છે. ઓસ્ટ્રેલિયાએ આજે સવારે ૧૨/ ૩ના સ્કોરથી રમત શરૂ કરી હતી.

## સંભલ હિંસામાં ચારના મોત : ૨૦ ઘાયલ

સંભલ તા.૨૫

યુપીના સંભલમાં ભારે હિંસા થઈ હતી. જામા મસ્જિદના સર્વેક્ષણનો વિરોધ કરી રહેલા પ્રદર્શનકારીઓ અને પોલીસ વચ્ચેની અથડામણમાં ચાર લોકો માર્યા ગયા છે, ૨૦ સુરક્ષા કર્મચારીઓ અને ચાર વહીવટી કર્મચારીઓ અને અન્ય ઘણા લોકો ઘાયલ થયા હતા. આ દરમિયાન, પથ્થર મારો કરવામાં આવ્યો હતો, પ્રદર્શનકારીઓએ વાહનોને આગ લગાવી હતી અને પોલીસે ભીડને વિખેરવા માટે ટીયર ગેસ અને લાઠીચાર્જ કર્યો હતો.

## દેશભરમાં કાતિલ ઠંડીનો દોર શરૂ

નવી દિલ્હી, તા.૨૫:

જમ્મુ-કાશ્મીર, હિમાચલ પ્રદેશ અને લદ્દાખમાં હિમવર્ષાના કારણે ઉત્તર ભારતના રાજ્યોમાં ઠંડીમાં નોંધપાત્ર વધારો થયો છે. મધ્યપ્રદેશ, રાજસ્થાન અને છત્તીસગઢમાં પણ તાપમાનમાં ઘટાડો શરૂ થઈ ગયો છે.દેશભરના અનેક રાજ્યોમાં કડકડતી ઠંડી શરૂ થઈ ગઈ છે. પહાડોમાં હિમવર્ષા થઈ રહી છે ત્યારે મેદાની વિસ્તારોમાં તીવ્ર ઠંડીના કારણે લોકો ઠંડીનો સામનો કરી રહ્યા છે. પારો ગગડવાને કારણે અનેક રાજ્યોમાં ઠંડી ઝડપથી વધી રહી છે અને સવાર-સાંજ ગાઢ ધુમ્મસ છવાઈ રહ્યું છે.

## સંસદના શિયાળુ સત્રનો તોફાની પ્રારંભ રાજયસભાની કાર્યવાહી આવતીકાલ સુધી સ્થગિત



નવી દિલ્હી તા.૨૫

સંસદના શિયાળુ સત્રનો આજથી અપેક્ષા મુજબ જ તોફાની પ્રારંભ થયો છે.

લોકસભાની કાર્યવાહી સવારે ૧૧ વાગ્યે શરૂ થઈ હતી. પાંચ મિનિટ બાદ ગૃહની કાર્યવાહી બપોરે ૧૨ વાગ્યા સુધી સ્થગિત કરી દેવામાં આવી હતી. રાજ્યસભામાં કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ અદાણીનો મુદ્દો ઉઠાવ્યો હતો. જે બાદ હોબાળો થયો હતો. રાજ્યસભાની કાર્યવાહી આવતીકાલ સુધી સ્થગિત કરવામાં આવી છે.

સત્રની શરૂઆત પહેલા વડાપ્રધાન મોદીએ કહ્યું- શિયાળુ સત્રમાં વાતાવરણ પણ ઠંડુ રહેશે. મને એવી આશા છે. કમનસીબે, મુઠ્ઠીભર લોકો રાજકીય લાભ માટે ગુંડાગીરી દ્વારા સંસદને કન્ટ્રોલ કરવાનો પ્રયાસ કરે છે. જનતા તેમને જુએ છે અને પછી સજા કરે છે.

લોકસભામાં હાલમાં મૃત્યુ પામેલા સાંસદોને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. લોકસભા સ્પીકર ઓમ બિરલા દિવંગત સાંસદોની ઉપલબ્ધિઓનો ઉલ્લેખ કર્યો હતો. આ પછી લોકસભાની કાર્યવાહી ૧૨ વાગ્યા સુધી સ્થગિત કરવામાં આવી છે.

શિયાળુ સત્ર ૨૦ ડિસેમ્બર સુધી ચાલશે. આ દરમિયાન ૧૯ બેઠકો થશે. સરકારે વકફ સુધારા બિલ સહિત ૧૬ બિલોની યાદી સંસદમાંથી મંજૂરી માટે તૈયાર કરી છે. રવિવારે રક્ષા મંત્રી રાજનાથ સિંહની અધ્યક્ષતામાં સર્વપક્ષીય બેઠક યોજાઈ હતી. જેમાં ૩૦ પક્ષોના કુલ ૪૨ નેતાઓ હાજર રહ્યા હતા. કોંગ્રેસ સહિતના વિપક્ષી નેતાઓએ લોકસભામાં પહેલા દિવસે અદાણી કેસ પર ચર્ચાની માંગ કરી હતી.

## શેરબજારમાં તોફાની તેજી : સેન્સેક્સમાં ૧૩૦૦ પોઈન્ટનો જોરદાર ઉછાળો



મુંબઈ,તા.૨૫

મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીમાં ભાજપ મહાયુતિનો મહાવિજય થયાનો પડઘો શેરબજારમાં પડયો હોય તેમ આજે ઉઘડતામાં જ ૧૩૦૦ પોઈન્ટની જોરદાર તેજી થઈ હતી. ઈન્વેસ્ટરોની સંપતિમાં ચાર લાખ કરોડથી અધિકનો વધારો થયો હતો.સેન્સેક્સ ૮૦,૦૦૦ તથા નીફટી ૨૪,૦૦૦ ને પાર થયા છે. હેવીવેઈટથી માંડીને મીડકેપ-સ્મોલકેપ સહીત તમામ શેરોમાં સાર્વત્રિક લેવાલીથી ઉછાળો હતો.

યુદ્ધ-ભૌગોલીક ટેન્શનથી સાવચેતી હતી છતાં તે કારણને ડીસ્કાઉન્ટ કરવામાં આવ્યું હતું. સંસદના સત્રમાં વિમા ક્ષેત્રે ૧૦૦ ટકા વિદેશી રોકાણની છુટ જેવા વિધેયકને મંજુરી મળવાના સંકેતોની પોઝીટીવ અસર હતી.

### :: સમાચાર રાઉન્ડઅપ ::

- મહારાષ્ટ્રમાં આવતીકાલ સુધીમાં નવી સરકારની રચના થઈ જવી જોઈએ નહીંતો રાષ્ટ્રપતિ શાસન લાગુ કરવું પડશે : આજે મહાયુતી સરકારના મુખ્યમંત્રીના નામની જાહેરાત થઈ જશે : એક મુખ્યમંત્રી અને બે નાયબ મુખ્યમંત્રીની ફોર્મ્યુલા નક્કી થઈ.
- અમદાવાદમાં વધુ એક તથ્યકાંડ થતો રહી ગયો : નશામાં બેફામ ઓડી કારના ચાલકે પાંચથી છ વાહનો હડફેટે લીધા : વિડીયો વાયરલ
- હવે એજ્યુકેશન લોન સરળ બનશે : નવી યોજનામાં લોનની અપર લિમિટ નહીં હોય.
- અમેરીકામાં અંધાધૂંધ ગોળીબારની વધુ એક ઘટના : ૬ના મોત.
- યુપીમાં બોલેરો-બસ વચ્ચે ભયાનક ટક્કર : પાંચ જાનૈયાઓના મોત.

હાર્દિક શુભેચ્છા....
ભણતર સાથે ગણતરના પાઠ - તો નકકી શાળા ... જ હશે...
**શ્રી કૃષ્ણ વિદ્યા મંદીર**
● ધો. ૧ થી ૧૨ (ગુજરાતી માધ્યમ)
● પ્લે હાઉસ, L.K.G., H.K.G. (અંગ્રેજી / ગુજરાતી માધ્યમ)
**જોઈએ છે**
P.T.C., B.Ed. લાયકાત ધરાવતા શિક્ષિકા ઉમેદવારોએ સવારના ૧૦ થી ૧૨ કલાક વચ્ચે જરૂરી ડોકયુમેન્ટસ સાથે રૂબરૂ મળવું
પ્રમુખનગર, દીપાંજલી, ટીંબાવાડી, જૂનાગઢ
મો. ૯૪૨૮૩ ૭૮૦૭૦
સંચાલક : વાઢેર સાહેબ - (નિવૃત, મુરલીધર હાઈસ્કુલ)
શોભના મેડમ : (નિવૃત, કાંબલીયા વિદ્યાલય)
દક્ષા મેડમ : (પ્રિન્સીપાલ)
Email : kvm_05@yahoo.com

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનાં ૪૮માં વર્ષમાં મંગલપ્રવેશ નિમિતે હાર્દિક શુભેચ્છા....
**કિરણ સર્જીકલ હોસ્પિટલ**
જનરલ સર્જરી, લેપ્રોસ્કોપી અને એન્ડોસ્કોપી સેન્ટર
**ડો. અમિત વી. ભુવા**
M.S. (જનરલ)



**અનુભવ**
● ભૂતપુર્વ સર્જન સિવિલ હોસ્પિટલ - અમદાવાદ (૩ વર્ષ)
● કન્સઈટન્ટ સર્જન સિવિલ હોસ્પિટલ - જૂનાગઢ (૪ વર્ષ)
● ભૂતપૂર્વ કન્સલટન્ટ સર્જન એન્ડ એન્ડોસ્કોપી (૬ વર્ષ) ત્રિમૂર્તિ હોસ્પિટલ - જૂનાગઢ
ત્રીજો માળ, દ્વારીકા પ્લાઝા-૨, ઝાંઝરડા ચોકડી, જૂનાગઢ
: નામ નોંધાવવા માટે સંપર્ક :
૯૯૭૪૨ ૨૦૧૪૦

CARE+ LABORATORY
રજીસ્ટ્રેશન માટે સંપર્ક કરો : 24x7
8005 70 8005
**અમારી બીજી બ્રાન્ચ**
અક્ષર આઈકોન, ગ્રાઉન્ડ ફલોર, ગંગા પાર્ક, કે.જે. કેન્સર હોસ્પિટલની બાજુમાં, ઝાંઝરડા બાયપાસ રોડ, જૂનાગઢ
**હેલ્થ ચેકઅપ બેઝીક કેમ્પ**
- CBC - લોહીના કણોની તપાસ
- RBS - સુગરની તપાસ
- HbA1c - સરેરાશ સુગરની તપાસ
- Lipid Profile - લોહીમાં ચરબીની તપાસ
- SGPT & SGOT - લીવરની તપાસ
- Creatinine - કિડનીની તપાસ
- Uric Acid - સાંધાના દુખાવાની તપાસ
- TSH - થાઈરોઈડની તપાસ
- Vitamin B12 - વિટામીન બી૧૨ ની તપાસ

સ્પેશિયલ ઓફર માત્ર 749/- કિંમત 2870/-

**હેલ્થ ચેકઅપ એડવાન્સ કેમ્પ**
હેલ્થ ચેકઅપ બેઝીક કેમ્પ +
- Vitamin D - હાડકાના વિટામીન ડી ની તપાસ
- Electrolytes (Na,Cl,K) - સોડીયમ,કલોરાઈડ અને પોટેશ્યમ નું લેવલ
- I.Calcium - ફ્રી કેલ્શીયમ નું લેવલ
- Ferritin - બોનમેરોમાં લોહતત્વનું પ્રમાણ
- T3 T4 TSH - થાઈરોઈડની સંપુર્ણ તપાસ

સ્પેશિયલ ઓફર માત્ર 1349/- કિંમત 5050/-

સચોટ નિદાન માટે ૧૨ કલાક ભૂખ્યા પેટે લોહી આપવું અનિવાર્ય છે.
કેમ્પ : દર બુધવારે અને રવિવારે સવારે ૮.૩૦ થી બપોરના ૧૨.૦૦
કેમ્પ સ્થળ :- કેર + લેબોરેટરી, ડૉ. કાઝી સાહેબની જૂની હોસ્પિટલ, ચીતાખાના ચોક પાસે, જૂનાગઢ - ૩૬૨ ૦૦૧.

**ધમાકા એક્ષચેન્જ ઓફર**
તમારૂ જુનું ફર્નિચર આપી જાવ નવું ફર્નિચર લઈ જાવ
આ ઓફર ટુંક સમયમાં માટે જ છે







PARDAWALA
- શું તમે તમારા બજેટમાં દિકરા-દીકરી ના લગ્ન માટે ફર્નિચર બનાવવા માંગો છો...?
- શું તમે તમારા બજેટમાં ઘર માટે ફર્નિચર બનાવવા માંગો છો...?
- શું તમે તમારા બજેટમાં ઓફીસ કે દુકાન માટે ફર્નિચર બનાવવા માંગો છો...?
- શું તમે તમારા બજેટમાં પડદા, વોલપેપર કે કારપેટ ખરીદવા માંગો છો...?


**જો હા... તો હવે**
જૂનાગઢ શહેરમાં અમો લાવ્યા છીએ તમારા બજેટમાં તમામ પ્રકારનું ફર્નિર્ચર જે તમારી ઈચ્છા મુજબનું બનાવી આપશું અને તૈયાર પડદા, ગાદલા, વોલપેપર કારપેટ તેમજ પડદા નું કાપડ ખુબજ સસ્તા ભાવમાં મળશે. માટે આજે જ અમારા શો રૂમની અવશ્ય મુલાકાત લેશો.
**સી.સી. પડદાવાલા**
તળાવ દરવાજા ફાટક પાસે, સહયોગ ચેમ્બર સામે, જૂનાગઢ - ૩૬૨૦૦૧. મોબાઈલ : ૯૯૭૮૬ ૫૪૧૫૫
(ઓફર/સ્કીમ મર્યાદિત સમય માટે.)

હાર્દિક શુભેચ્છા..
**પ્રસાદ ડેન્ટલ હોસ્પિટલ**
દાંત, પેઢા, તથા મોં નાં રોગોની સારવાર અને નિદાન કેન્દ્ર



**ડો. પ્રકાશ જે. ડોડીયા**
B.D.S.
દાંત, પેઢા, તથા મોં નાં રોગનાં નિષ્ણાંત
એકસ-રે,, ઈન્ટ્રાઓરલ કેમેરા, એન્ડોમોટર, એપેકસ લોકેટર જેવા સાધનોથી અત્યાધુનિક સારવાર
ચેપી રોગોથી બચવા સ્ટીમ સ્ટીરીલાઈઝર, ઓટોકલેવ તથા ગ્લાસ બીડ સ્ટરીલાઈઝર જેવી સુવિધા
સોમ, બુધ અને શુક્ર સવારે ૯ થી ૧ સાંજે ૫ થી ૮ જૂનાગઢમાં મળશે
મંગળ, ગુરૂ અને શનિ સવારે ૯ થી ૧ ગોંડલમાં મળશે
પાદર ચોક, શાકમાર્કેટ, રાજલક્ષ્મી કોમ્પ્લેક્ષ, જોષીપરા, જૂનાગઢ.
મો. ૯૭૨૩૪ ૩૧૩૫૮ ફોન : ૦૨૮૫-૨૬૧૧૦૨૨
કૈલાશ કોમ્પ્લેક્ષ-એફ, વછેરાનાં વાડાની સામે, ગોંડલ (ફોન : ૦૨૮૨૫) ૨૯૫૫૨૦

ઓપરેશનો મફત... ઓપરેશનો મફત... ઓપરેશનો મફત
(પીએમ જય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે )
અન્યો માટે રાહતદરે સારવાર
**હરિ-કલા**
યુરોસર્જીકલ હોસ્પિટલ
**ડો. જયંત એચ. પંડયા**
જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેકટલ સર્જન





ઉપલબ્ધ સેવાઓ :
● હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ૧૦૦% સારૂ થવાની ગેરેંટી
● પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો
પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪,
મો. ૯૨૬૫૦ ૬૪૬૭૪, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
**ડૉ. ધવલ સંઘવી**
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩




તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...




"Chiropratic"
ગરદન સંબંધિત માથાનો દુઃખાવો ઘટાડવામાં મદદ કરે છે. તમારી મુદ્રામાં સુધારો કરે છે. પીડા ઘટાડે છે અને તમારી કરોડરજ્જુ અને અન્ય સાંધાઓની ગતિની શ્રેણીમાં સુધારો કરે છે. અસ્થિવા જેવી ક્રોનિક સ્થિતિના લક્ષણો ઘટાડે છે. ગરદન અથવા કરોડરજ્જુની નાની ઈજાઓ, ખાસ કરીને વ્હીપ્લેશની સારવાર કરે છે.



"Tera- Herts"
ટેરાહાર્ટ્ઝ આવર્તન સામાન્ય શારીરિક કોષોની સમાન આવર્તન પર વાઈબ્રેટ કરે છે, તેથી તે તમારી રોગ પ્રતિકારક શકિતને વેગ આપે છે, કોષોમાં ચયાપચયની પ્રર્વતિમાં વધારો કરે છે, સેલ્યુલર ઓકિસજનેશનમાં વધારો કરે છે તેમજ રકત પ્રવાહમાં વધારા કરે છે.



"Kashya Therapy"
શરીરની ગરમી ઘટાડે છે. આંખોમાં થતી બળતરા મટાડે છે. રકત પરિભ્રમણ સુધારે છે.



"Accupressure"
ચોકકસ ચેતાને ઉત્તેજીત કરવાથી પીડાની સંવેદના ઘટાડવામાં મદદ મળી શકે છે. સંશોધકો એ પણ જોયુ કે એકયુપ્રેશર સ્ટ્રેસ હોર્મોન કોર્ટિસોલનું સ્તર ઘટાડે છે. તે એન્ડોર્ફિન્સનું સ્તર પણ વધારે છે. જે રસાયણોનું સ્તર પણ વધારે છે. જે રસાયણો છે. જે મુડને વેગ આપે છે. અને પીડાન લાગણી ઘટાડે છે. છેલ્લે, એકયુપ્રેશર રકત પરિભ્રમણને સુધારી શકે છે.

**KHUSHI WELNESS** Ayurvedic-Herbal
Chiropratic & Bone Setting
**યુસુફજય આજીલ જહુરખાન** (M.D.CH.T.) (અપોઈન્ટમેન્ટ લેવી ફરજીયાત)
સ્નાયુના દુઃખાવા તથા સાંધાના દુઃખાવા કમર, ઘુટણ, ખંભા, ગરદન, સાયટીકા, ગાદી ખસી જવી
મો. ૯૮૨૪૨ ૦૦૫૩૩, ૭૫૭૫૮ ૯૧૦૬૮
ચિતાખાના ચોક, ક્રિસ્ટલ કોમ્પલેક્ષ, દુકાન નં. ૩૦૪, ત્રીજો માળ, જુનાગઢ.

Since 1983
શંખ બ્રાન્ડ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩
● મરચું
● હળદર
● ધાણાજીરૂ
● ગરમ મસાલો




C M Y K C M Y K C M Y K

## ચિંતન શિબિરમાં આધ્યાત્મિક ઉદય : પરમ શાંતિ અને અહો ઐશ્વર્યના દાતા શ્રી સોમનાથ મહાદેવની પૂજા સાથે વિકાસયાત્રા અવિરત રાખવાના આશીર્વાદ

# મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, મંત્રીઓ અને રાજ્ય સરકારના શીર્ષ અધિકારીઓએ સોમનાથ મહાદેવના દર્શન પૂજન કરી ગુજરાતની સુખાકારીની કામના કરી

## જ્યાં શ્રી કૃષ્ણે કર્મ ફળનો સિદ્ધાંત આપ્યો તે પ્રભાસ તીર્થમાં યોજાયેલ ચિંતન શિબિરમાં કર્મયોગનો સિદ્ધાંતનું ચિંતન

સોમનાથ, તા.૨૫

પ્રથમ જ્યોતિર્લિંગ દેવાધીદેવ સોમનાથ મહાદેવના સાનિધ્યમાં ગુજરાત રાજ્ય સરકારની ૧૧મી ચિંતન શિબિરનો ત્રિ-દિવસીય કાર્યક્રમ સમાપન થવા જઈ રહ્યો છે. ત્યારે આ ત્રણ દિવસ દરમ્યાન શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા રાજ્યના વિકાસ માટે અહર્નીશ સક્રિય મુખ્યમંત્રીશ્રી, મંત્રીશ્રીઓ અને ગુજરાત સરકારના શીર્ષ અધિકારીઓ માટે ભક્તિ પૂર્ણ આતિથ્ય અનુભવનું સર્જન કરવામાં આવ્યું હતું. તમામ મહાનુભાવો માટે શ્રી સોમનાથ મંદિરમાં યથાયોગ્ય અભિવાદન, દર્શન, જલાભિષેક અને પ્રસાદની વ્યવસ્થા કરવામાં આવી હતી. આ ઉપરાંત ચિંતન શિબિરના સમયને અનુરૂપ મહાનુભાવો માટે શ્રી સોમેશ્વર પૂજા માટેના વિશેષ સ્લોટ ગોઠવીને શાસ્ત્રોકત વિધિ-વિધાન સાથે ઉત્તમ પૂજન કરાવવામાં આવ્યું હતું.

પ્રભાસ તીર્થમાં ચિંતનશિબિરનો પ્રારંભ માનનીય મુખ્યમંત્રી દ્વારા શ્રી સોમનાથ મહાદેવના દર્શન કરીને સોમનાથ મહાદેવને પૂજા સામગ્રી અને ગુલાબનો પુષ્પહાર અર્પણ કરીને સોમેશ્વર મહાપૂજન કરીને કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે સોમનાથ ટ્રસ્ટના ટ્રસ્ટીશ્રી જે ડી પરમાર અને સચિવ યોગેન્દ્રભાઈ દેસાઈ દ્વારા મુખ્યમંત્રીનું સન્માન અભિવાદન કરાયું હતું.





જનસુખાકારી માટે અમૃતમંથન સમાન આ ચિંતન શિબિર કાર્યક્રમ દરમ્યાન રાજયના માન્ય મંત્રી ઋષિકેશભાઈ પટેલ, મુળુભાઈ બેરા, કુબેરભાઈ ડીંડોર, પ્રફુલભાઈ પાનશેરીયા, શ્રીમતી ભાનુબેન બાબરીયા, કુંવરજીભાઈ બાવળીયા, બળવંતસિંહ રાજપૂત, જગદીશભાઈ વિશ્વકર્મા, મુકેશભાઈ પટેલ, બચુભાઈ ખાબળ સહિતના મંત્રીઓએ સોમનાથ મહાદેવની સોમેશ્વર મહાપૂજા કરી હતી.

આ સાથે રાજ્યના વહીવટને સુચારૂ રૂપે વહન કરતા અને અમલીકરણને સુગમ બનાવતા રાજ્યના શીર્ષ અધિકારીઓ જે.પી ગુપ્તા, અશ્વિનીકુમાર, સુશ્રી જયંતિ રવી, કે. કે. નિરાલા, સુશ્રી આરતી ચંદ્રા, બંછનિધી પાની, રાજકુમાર બેનીવાલ, રાહુલ ગુપ્તા, અનુપમ આનંદ, સંજીવ કુમાર, સુશ્રી આરતી કંવર, સુશ્રી મમતા વર્મા, ટી નટરાજન, વિનોદ રાવ, સુશ્રી પી.ભારતી સહિતના અધિકારીઓએ પણ સોમનાથ દાદાની સોમેશ્વર મહાપૂજા કરી ધન્યતા અનુભવી હતી.

આ પ્રસંગે મંત્રી બળવંતસિંહ રાજપૂત દ્વારા કરાયેલ ધ્વજા પૂજામાં તમામ મંત્રીઓ અને અધિકારીશ્રીઓ ઉત્સાહભેર જોડાયા હતા. પૂજા કરેલ ધ્વજાજીની ઢોલ શરણાઈના સાદે મંદિર પરિસરમાં શોભાયાત્રા કાઢવામાં આવી હતી અને જે રીતે સૌનો સાથ સૌનો વિકાસ સૂત્રનું અનુસરણ કરીને ગુજરાત રાજ્યને શીર્ષ ઉપર લાવવામાં આવ્યું છે એવી જ રીતે સાથે મળીને મહાનુભવોએ ટ્રસ્ટની સ્વહસ્ત ધ્વજારોહણ સુવિધાનો લાભ લઈને ધ્વજાજીને પોતાના હાથી શિખર સુધી પહોંચાડ્યા હતા. જ્યારે સોમનાથ મહાદેવના નૂતન ધર્મધ્વજનું આરોહણ થયું હતું ત્યારે જય સોમનાથના નાદથી સમગ્ર મંદિર પરિસર ગુંજી ઉઠયું હતું.

ત્યારે આ તકે શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા ત્રિવેણી સંગમ અને ગૌલોકધામ, શ્રી ભાલકા તીર્થ ખાતે આવનાર મહાનુભાવો માટે વિશેષ વ્યવસ્થા પણ કરવામાં આવેલ હતી. પંકજ જોશી, મનોજકુમાર દાસ, શ્રીમતી અવંતિકા સિંઘ, રૂપવંતસિંઘ જે.પી.ગુપ્તા સહિતના અધિકારીઓએ સૂર્યોદય સમયે ગોલોકધામ ખાતે દર્શન અને જલાભિષેક કરેલ. તેમજ સુશ્રી જયંતિ રવી, સુશ્રી આરતી કંવર, સુશ્રી મમતા વર્મા સહિતના મહાનુભવોએ ભાલકાતીર્થ ખાતે શ્રીકૃષ્ણના દર્શન પૂજન કરેલ.

ત્યારે આ ચિંતનશિબિર વિશેષ એટલા માટે રહી કારણકે ગુજરાત અને ભારતની અસ્મિતા સોમનાથ મંદિરના નિર્માણ સાથે જ સુદ્રઢ બની હતી. નવસર્જન અને ઉત્તરોત્તર વિકાસ સોમનાથની ભૂમિનો પર્યાય છે. સ્વતંત્રતા બાદ સોમનાથનો નિરંતર વિકાસ અને ગુજરાતનો વૈશ્વિક નકશામાં ઉદય એકબીજાને સમાંતર રહ્યા છે. અહીં યોજાયેલ ચિંતન શિબિર ગુજરાતના સર્વાંગી વિકાસને વધુ ઉન્નત અને કલ્યાણકારી બનાવશે તેવી સૌએ શ્રદ્ધા વ્યક્ત કરી હતી.

---

### સંત બિરસા મુંડાની ૧૫૦મી જન્મ જયંતિ નિમિત્તે

## માતૃશ્રી એમ.જી. ભુવા કન્યા વિદ્યા મંદિર - જોષીપુરા ખાતે જનજાતિય ગૌરવ પખવાડાની ઉજવણી





જૂનાગઢ, તા.૨૫

દેશનાં પ્રતિસ્ઠિત સ્વાતંત્ર્ય સેનાની, ક્રાંતિકારી તેમજ આદિવાસી વિસ્તારનાં સામાજિક, શૈક્ષણિક, આર્થિક અને સાંસ્કૃતિક ક્ષેત્રમાં જેમનું અમૂલ્ય યોગદાન છે એવા સંત બિરસા મુંડાની ૧૫૦મી જન્મ જયંતિ નિમિત્તે ભારત સરકાર દ્વારા શાળાકક્ષાએ જનજાતિ ગૌરવ પખવાડા તરીકે ઉજવવાનું આયોજન કરવામાં આવ્યું છે.

ભારતના આદિવાસી વિસ્તારના ધરતીબાબા અને સંત તરીકે પૂજાય છે એવા બિરસા મુંડાના આદર્શો, સિદ્ધાંતો અને કાર્યોમાંથી પ્રેરણા મેળવીને વર્તમાન અને ભાવિ પેઢીમાં રાષ્ટ્રીય ચેતના જાગૃત થાય એવા ઉદ્દેશથી જનજાતિ ગૌરવ પખવાડા દરમ્યાન વિશેષ સભાઓ, વિવિધ પરિસવાંદો, આદિજાતિ સંસ્કૃતિ અને પરંપરા સંબધિત વ્યાખ્યાનો, આદિજાતિ કલાઓનું પ્રદર્શન અને પ્રોજેક્ટ્સ આધારિત અનેકવિધ પ્રવૃતિઓ હાથ ધરવામાં આવી છે.

માતૃશ્રી એમ.જી. ભુવા કન્યા વિદ્યા મંદિર-જોષીપુરા, જૂનાગઢ ખાતે સંત બિરસા મુંડાની ૧૫૦મી જન્મ જયંતિ નિમિત્તે તા.૧૫-૧૧-૨૦૨૪ થી ૨૫-૧૧-૨૦૨૪ સુધી ‘જનજાતિય ગૌરવ પખવાડા’ ની ઉજવણીમાં નિબંધ લેખન, વકતૃત્વ સ્પર્ધા, સૂત્ર લેખન, ફિલ્મ પ્રદર્શન જેવી વિવિધ પ્રવૃતિઓ હાથ ધરવામાં આવી રહી છે. જેમાં શાળાના આચાર્ય સુશ્રી જયશ્રીબેન રંગોલિયા સહિતના શિક્ષકોના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થિનીઓ ઉત્સાહભેર ભાગ લઈ રહી છે. શાળામાં જનજાગૃતિની આવી પ્રવૃતિ યોજવા બદલ સંસ્થાના ચેરમેન જે.કે.ઠેસિયા, જોઈન્ટ મેનેજિંગ ટ્રસ્ટી સુશ્રી મૃણાલીનીબેન ગોધાણી, કેમ્પસ ડાયરેકટર સી.પી.રાણપરિયા, સહિતના ટ્રસ્ટીઓ, વિદ્યાગુરૂઓ અને શાળા પરિવારે હર્ષની લાગણી સાથે અભિનંદન પાઠવ્યા છે.

---

## અદાણી જૂથને ઊની આંચ નહીં આવે, મજબૂત પાયો અને નક્કર વ્યૂહરચનાના પુરાવાઓ મજબૂત કેશ ફલો અને શેરબજારમાં રિકવરીથી રોકાણકારોને હાશકારો

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૨૫

અદાણી જૂથ ઉપર લાગેલા આરોપો બાદ અત્ર-તત્ર સર્વત્ર અનેક અટકળો સેવાઈ રહી છે. એક તરફ શેરબજારમાં ધોવાણ બાદ થયેલી રિકવરીથી રોકાણકારોને રાહત થઈ છે. તો બીજી તરફ નિષ્ણાંતોનું માનવું છે કે અદાણી જૂથનીલાંબા ગાળાની મજબૂત વ્યૂહરચના ઉપર આ કેસની કોઈ અસર થશે નહીં. $ ૨૫૦ મિલિયનના લાંચના કેસમાં કોઈપણ ગેરરીતિનો સ્પષ્ટપણે ઈનકાર કરતાઅદાણીના ગ્રૂપના શેરોએ ગ્રૂપની માર્કેટ કેપિટલાઈઝેશનમાં ઘટાડો થયાના એક દિવસમાં જનોંધપાત્ર પુનરાગમન કર્યું છે.

વૈવિધ્યસભર બિઝનેસ ધરાવતુ અદાણી ગ્રુપતેના કોક્રિટ પાયા અને વ્યૂહરચનાના પગલે આગળ વધતું જ રહેશે,નિષ્ણાતો તેના માટે સટીક અને નક્કર કારણો જણાવી રહ્યા છે. સૌ પ્રથમ આર્થિક બાબતોની વાત કરીએ તો અદાણી જૂથ ફાઈનાન્સની દ્રષ્ટિએ ખૂબ જ મજબૂતી ધરાવે છે.

૧.મજબૂત કેશ ફલો અને ઉચ્ચ રોકડ સ્તર:નાણાકીય વર્ષ ૨૦૨૪ માં અદાણી જૂથનો રોકડ નફો ૫૧% વધ્યીને લગભગ રૂા.૫૬,૦૦૦ કરોડ થયો હતો. બુકમાં નોંધાયેલ નફાની વાત કરીએ તો તે આશરે રૂા.૫૪,૦૦૦ કરોડ હતો. તે બંને મળીને કુલ રકમ રૂા.૧.૧ લાખ કરોડ થાય છે. દેવાની વાત કરીએ તો, ચોખ્ખું દેવુ આગામી ૧૦ વર્ષમાં સ્પ્રેડ રિપેમેન્ટ સામે ૩ વર્ષથી ઓછા સમયમાં ચૂકવી શકાય છે. અદાણી જૂથનું કુલ દેવું આશરે રૂા.૨.૨ લાખ કરોડ હતું. જેનો અર્થ એ છે કે, જો કોઈ વધારાના પ્રોજેકટ્સમાં એક્સપાન્સન કે વૃદ્ધિ ન થાય તો પણ દેવું ૩ વર્ષથી ઓછા સમયમાં આસાનીથી ચૂકવી શકાય છે. રૂા. ૧.૧ લાખ કરોડની આ રકમ સામે, આગામી ૧૦ વર્ષ માટે નિર્ધારિત દેવું ચૂકવણી દરેક દસ વર્ષમાં રૂા.૫,૫૦૦ કરોડથી રૂા.૩૭,૩૨૪ કરોડની રેન્જમાં છે. (FY34 સુધી). તેથી કોઈ પણ વર્ષમાંદેવાની ચુકવણી અદાણીના રોકડ પ્રવાહ અને રોકડના સંયુક્ત રીતે ૪૦% કરતાં વધુછે.

૨. ગ્રોથ કેપિટલ માટે ભારતીય બેંકો સાથે પૂરતો હેડરૂમ:ભારતીય બેંકોનું દેવું એક્સપોઝર આશરે રૂા.૯૨,૦૦૦ કરોડ હતું અને તેની રૂા. ૫૬,૦૦૦ કરોડની મોટાભાગની રોકડ ભારતીય બેંક્રો પાસે છે-જેનો અર્થ થાય છે કે નેટ એક્સપોઝર માત્ર રૂા.૩૬,૦૦૦ કરોડ છે.આ રકમ અન્ય ભારતીય કંપનીઓ જેમ કે ટાટા સ્ટીલ, JSW સ્ટીલ, રિલાયન્સ વગેરેના એક્સપોઝર કરતાં ખૂબ ઓછી છે. જિયોપોલિટિકલી પણ અદાણી જૂથની ભૂમિકા ખુબ જ મહત્વની છે. રિન્યુએબલ એનર્જી, પોર્ટ્સ સહિતના બિઝનેસમાં જૂથનું રોકાણ અને એકસપર્ટાઈઝ કોઈનાથી છૂપી નથી.

૩. અદાણીના એનર્જી પ્રોજેક્ટ્સ વિદેશમાં ન થાય તોતેઓને ફટકો:કારણ કે, અદાણી જૂથ ભારતમાં સૌથી મોટા પુનઃપ્રાપ્ય પ્રોજેક્ટ્સનું નિર્માણ કરી રહ્યું છે. જે ભારતને ઈંધણની આયાતના સંદર્ભમાં સેંકડો અબજોની બચત કરશે. વૈશ્વિક એનર્જી કાર્ટેલ સાથે આ સારી રીતે ચાલી રહ્યું નથી.

૪.વાત પોર્ટસની કરીએ તો, ભારતના વિદેશી વેપારને સુરક્ષિત કરવા માટેઅદાણી ઈઝરાયેલ, આફ્રિકા, ઓસ્ટ્રેલિયા, મધ્ય-પૂર્વ, પૂર્વ એશિયાના દેશોમાં બંદરો બનાવી રહ્યું છે - જે ફરીથી યુએસ ડીપ સ્ટેટ અને ચીન સાથે સારી રીતે ચાલી રહ્યું નથી જે તે જગ્યામાં પહેલેથી જ સ્પર્ધા કરી રહ્યા છે. તેવામાં અદાણી જૂથના વ્યૂહાત્મક રોકાણો ભવિષ્યમાં ફાયદાકારક જ નીવડશે.

૫. વાત પડોશી દેશ બાંગ્લાદેશની કરીએ તો,તાજેતરના બાંગ્લાદેશમાંસત્તા પરિવર્તન એ જગત જમાદાર યુએસના હસ્તક્ષેપનું પરિણામ છે, જેણે બાંગ્લાદેશના દરિયાકાંઠેથી તેની કંપની-એક્સેલેટ એનર્જી દ્વારા-અમેરિકન મુખ્ય ઓઈલ જાયન્ટ કૈસર ફેમિલી, બ્લેકરોક અને વેનગાર્ડની માલિકીની-જે ૨૦ ટ્રિલિયન કરતાં વધુ ભંડોળનું સંચાલન કરે છે તેના દ્વારા પહેલેથી જ ઑફ-શોર ગેસની શોધ શરૂ કરી દીધી છે. તેવામાં બાંગ્લાદેશમાં અમેરિકાનો હસ્તક્ષેપ વધવાનીભરપૂર સંભાવનાઓ છે. સમૂહે જણાવ્યું હતું કે તેનો પોર્ટફોલિયો Ebitda ના ૨.૫ ગણાથી ઓછો છે, જે દેવુચૂકવવાની જૂથની ક્ષમતા દર્શાવે છે. વળી કોન્ટ્રાક્ટ્સમાંથી કમાણી તેના કુલ પોર્ટફોલિયોના ૭૦% જેટલી છે, જે રોકાણકારોને વૃદ્ધિની ખાતરી આપે છે.

---

## અદાણી મુંદ્રાપોર્ટને ‘શિપિંગ ટર્મિનલ ઓફ ધ યર’નો એવોર્ડ એનાયત

અમદાવાદ, તા.૨૫ : અદાણી પોર્ટ્સ એન્ડ સ્પેશિયલ ઈકોનોમિક ઝોન (APSEZ) મુંદ્રાએ ફરી એકવાર અનોખી સિદ્ધિ હાંસલ કરી છે.૧૧મા આંતરરાષ્ટ્રીય સમુદ્ર મંથન એવોર્ડ્સ-૨૦૨૪ માં અદાણી મુંદ્રા પોર્ટે મેદાન માર્યુ છે. મુંદ્રા પોર્ટના ઉત્કૃષ્ટ યોગદાન અને નોંધપાત્ર સિદ્ધિઓ માટે૨૦૨૪નો ‘શિપિંગ ટર્મિનલ ઑફ ધ યરનો એવોર્ડ’એનાયત કરવામાં આવ્યોછે. મુંબઈ ખાતે ગુરૂવાર (૨૧મી નવેમ્બર)ના રોજ આયોજિત સમુદ્ર મંથન એવોર્ડ્સમાં APSEZ - મુન્દ્રા પોર્ટને પ્રતિષ્ઠિત શિપિંગ ટર્મિનલ ઓફ ધ યરનો એવોર્ડ એનાયત થયો છે. સમુદ્ર મંથન પુરસ્કારો પ્રતિષ્ઠિત જ્યુરી દ્વારા વિગતવાર પસંદગી પ્રક્રિયા દ્વારા ભારતીય મેરીટાઈમ ફ્રેટરનિટીમાં સર્વશ્રેષ્ઠ યોગદાન આપનારને એનાયત કરવામાં આવે છે. અદાણી પોર્ટ્સને મળેલો આ પ્રતિષ્ઠિત પુરસ્કાર ઓપરેશન અને સામુદ્રિક વ્યાપારની ગતિવિધીઓમાં નોંધનીયયોગદાનનો પુરાવો છે. APSEZ સંચાલિત સેવાઓમાં ઓક્ટોબર મહિના દરમિયાન ઓપરેશનલ કામગીરીમાં વૃદ્ધિ નોંધાઈ હતી.અદાણી પોર્ટ મુન્દ્રા અભૂતપૂર્વ સિદ્ધિઓ હાંસલ કરી ઉત્તરોત્તર




પ્રગતિના શિખરો સર કરી રહ્યું છે. ઑક્ટોબરમાં મુંદ્રા પોર્ટ કુલ ૩૭.૯ મિલિયન મેટ્રિક ટન (MMT) કાર્ગોનું સંચાલન કર્યુ હતું. આ સાથે કંપનીના YTD (વર્ષ-ટુ-ડેટ) કાર્ગો હેન્ડલિંગમાં વધારો નોંધાયો હતો.મુન્દ્રા પોર્ટ જહાજોના સૌથી ઝડપી ટર્ન અરાઉન્ડ ટાઈમનો પણ રેકોર્ડ ધરાવે છે. ગ્રાહકલક્ષી અભિગમ સાથે ઓપરેશનલ કાર્યક્ષમતામાં સતત સુધારા પર ધ્યાન કેન્દ્રિત કરીને મુન્દ્રા પોર્ટ નવા બેન્ચમાર્ક સ્થાપ્યા છે. કાર્ગો હેન્ડલિંગ, કન્ટેનર રેક હેન્ડલીંગ, અને મરીન ઓપરેશન્સમાં અભૂતપૂર્વ સીમાચિહ્નો હાંસલ કરનાર મુંદ્રા પોર્ટ ભારતનું એકમાત્ર પોર્ટ છે.

---

## મહાવિકાસ આઘાડીએ ૨.૫ વર્ષ માત્ર આરોપો લગાવવામાં વિતાવી દીધા

મુંબઈ, તા. ૨૫

મહારાષ્ટ્રની વિધાસભા ચૂંટણીના પરિણામોના વલણોમાં મહાયુતિ ગઠબંધનની પ્રચંડ જીત પર મુખ્યમંત્રી એકનાથ શિંદેની પ્રથમ પ્રતિક્રિયા બહાર આવી છે. CM શિંદેએ તમામ મતદારોનો આભાર માન્યો છે અને કહ્યું કે, આ એક વિશાળ જીત છે. અમને તમામ વર્ગોના મત મળ્યા છે. મહાવિકાસ આઘાડીએ ૨.૫ વર્ષ માત્ર આરોપો લગાવવામાં વિતાવી દીધા. અમે આ આરોપોનો જવાબ નિવેદનોથી નહીં પરંતુ કામથી આપ્યો છે. સીએમ એકનાથ શિંદેએ વધુમાં કહ્યું કે, મહાયુતિના તમામ કાર્યકર્તાઓ ખંતથી કામ કરી રહ્યા છે. તેઓએ અમને એવી જીત અપાવી છે જે પહેલા ક્યારેય મળી નથી. જ્યારે કેન્દ્ર અને રાજ્ય સરકાર સાથે મળીને કામ કરે છે ત્યારે વિકાસ થાય છે. કેન્દ્ર સરકારે હંમેશા અમારા રાજ્યને મદદ કરી છે. મહારાષ્ટ્રના મુખ્યપ્રધાન અને શિવસેનાના વડા એકનાથ શિંદેએ કહ્યું કે, જેમની પાસે વધુ સીટો હોય તેને ઝસ પદ આપવામાં આવે તે અંગે કોઈ એવી વાત થઈ નથી. હવે અંતિમ પરિણામો આવવા દો. આ પછી ત્રણેય પક્ષો સાથે બેસીને ચર્ચા કરશે. પીએમ મોદી છે, જેપી નડ્ડા છે, અમે બધા સાથે મળીને નિર્ણય કરીશું. એકનાથ શિંદેએ કહ્યું કે, જે રીતે મહાયુતિએ એક થઈને ચૂંટણી લડી છે, તે જ રીતે બધા સાથે બેસીને સીએમ પદનો નિર્ણય કરશે.



ઘર ચલાવવા લોન લીધી હવે લોન ભરવા માટે લોન લેવી પડશે !



ડોકટરે મનાઈ નથી કરી, મોંઘુ દાટ થતા અમેજ તેલ ખાવાનું બંધ કર્યુ છે !



દેશનો વિકાસ થયાની વાત છોડ, આપણો વિકાસ અટકી ગયો છે તેનું શું ?

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

## તંત્રી લેખ

# કમલાની હારના ભારતીય રાજકારણ માટે બોધપાઠ

અમેરિકાની ચૂંટણીમાં પણ લગભગ ભારત જેવી જ સ્થિતિ દોહરાવાઈ. જે રીતે ભારતમાં કોંગ્રેસ પાર્ટી પર અતિવાદી વામપંથીઓએ કબ્જો કરી લીધો છે, એવી જ રીતે અમેરિકામાં ડેમોક્રેટિક પાર્ટી પર પણ તેમનો કબ્જો છે. કમલા હેરિસને અતિવાદી વામપંથી બુદ્ધિજીવીઓ તરફ ઝોકનું નુકસાન રાષ્ટ્રપત ચૂંટણીમાં આકરી હાર રૂપે ચૂકવવું પડ્યું. પારંપરિક રૂપે ડેમોક્રેટિક પાર્ટીની ઓળખ કામકાજી વર્ગની પાર્ટી રૂપે થઈ રહી છે, પરંતુ છેલ્લા કેટલાક સમયથી તેમનું નેતૃત્વ અભિજાત્ય ગ્રંથિનો શકાર થઈને સામાન્ય અમેરિકનોની ભાવનાઓ અને આકાંક્ષાઓથી કપાઈ ગયું. સામાન્ય અમેરિકન દક્ષિણ અમેરિકા અને અરબ દેશોથી આવી રહેલા ગેરકાયદે પ્રવાસીઓને કારણે મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે, કારણ કે આ બહારના લોકોને કારણે અપરાધ તો વધી રહ્યા છે, સાથે જ અમેરિકનો માટે રોજગારના અવસરો પણ ઘટી રહ્યા છે. તેમ છતાં ડેમોક્રેટિક પાર્ટી માટે તે કોઈ મુદ્દો નથી રહ્યો. ઉપરથી તે અમેરિકાની અભિજાત્ય સંસ્થાઓમાં હમાસના પક્ષમાં કાર્યક્રમ આયોજિત કરાવતી રહી. ડેમોક્રેટ્સના નિવેદનોથી એ અનુભૂતિ થઈ કે તેમને અમેરિકનો અને તેમની આર્થિક મુશ્કેલીઓ કરતાં વધારે ગેરકાયદે પ્રવાસીઓનાં હિતો અને માનવાધિકારોની ચિંતા છે અને શ્વેત અને ઈસાઈ સમુદાય જેવા બહુસંખ્યક વર્ગોની ભાવનાઓનો તેમનો કોઈ મતલબ નથી. એવું લાગ્યું કે મોંઘવારી અને આર્થિક સમસ્યાઓને લઈને પણ હેરિસ અજાણ હતાં. બીજી તરફ ડોનાલ્ડ ટ્રમ્પનું વલણ સ્પષ્ટ હતું. તેમણે લોકોને કહ્યું કે તેઓ તેમને મત આપે જેથી તે અપરાધિક પૃષ્ઠભૂમિવાળા ગેરકાયદે આપ્રવાસીઓને બહાર કાઢવાની સાથે જ મેક્સિકો અને અન્ય દેશોથી આવનારા ગેરકાયદે આપ્રવાસીઓને રોકવા માટે દક્ષિણી સીમા પર મજબૂત દિવાલ બનાવી શકે. સાથે જ ચીની આયાતો પર અંકુશ માટે ટેરિફ વધારવા, અમેરિકામાં વિનિર્માણને ઉત્તેજન આપવા અને અર્થવયવસ્થાની મજબૂતી પર પણ ધ્યાન આપી શકે.

ભારતમાં પણ કોંગ્રેસ પાર્ટી એ લોકો સાથે ઊભી રહે છે જેઓ 'ભારત તેરે ટુકડે હોંગે'નો નારો લગાવે છે, રોહિંગ્યા-બાંગ્લાદેશી ઘૂસણખોરોની ઢાલ બને છે અને પાકિસ્તાની આતંકીઓ માટે આંસુ વહાવતા ફારુક અબ્દુલ્લા સાથે ગઠબંધન કરે છએ. ડેમોક્રેટિક પાર્ટીની રીતભાત ભારતની કોંગ્રેસ પાર્ટી જેવી જ દેખાય છે. અમેરિકન મીડિયાનો એક મોટો હિસ્સો પણ વામપંથી ચુંગાલમાં છે, જેણે રિપબ્લિકન પાર્ટી અને ડોનાલ્ડ ટ્રમ્પ વિરુદ્દ્ઘ ખૂબ ઝેર ઓક્યું. અમેરિકી મીડિયા આખી દુનિયાને ભરમાવતું રહ્યું કે હેરિસ જીતી રહ્યાં છે, પરંતુ અમેરિકી જનતાએ મીડિયાનો આ પક્ષપાતી ખેલ સમજતાં તેને પાઠ ભણાવ્યો. ચૂંટણી અભિયાનમાં હેરિસે ટ્રમ્પને હિટલર, તાનાશાહ, નસ્લવાદી, મહિલા વિરોધી અને અશિષ્ટ અને ગમાર પણ કહી દીધા. કેટલાય એંકરો અને સ્ટુડિયોમાં આવેલા મહેમાનો પણ આ ગાળો દોહરાવતા રહ્યા. અમેરિકાની મુશ્કેલી એ છે કે વિશ્વનો સૌથી સમૃદ્દ્ઘ મૂડીવાદી દેશ હોવા છતાં પણ ત્યાંની યુનિવર્સિટીઓ દ્વારા ડાબેરી પ્રોફેસરો અદ્ધે છાત્રોને ભારે પ્રોત્સાહન આપવામાં આવે છે. કમ્યુનિસ્ટો અને એવા જ અન્ય લોકોને 'શોધ' પરિયોજનાઓ માટે ભારે-ભરખમ આર્થિક સંસાધનો ઉપલબ્ધ કરાવવામાં આવે છે, જે હંમેશાં યહૂદીઓ અને ઈઝરાયલ અને હિંદુઓ તથા ભારત વિરુદ્દ્ઘ હોય છે. તેઓ એ દર્શાવે છે કે કટ્ટર ઈસ્લામ જેવું કશું નથી અને ઈસ્લામિક દેશોમાં બધું જ ઠીકઠાક છે. તેઓ હમાસ જેવા આતંકી સંગઠનોના પક્ષમાં મહિનાઓ લાંબા પ્રદર્શન અભિયાન ચલાવે છે તો અમેરિકામાં ઘૂસવાની ફિરાકમાં રહેતા ગેરકાયદે પ્રવાસીઓની તરફેણ કરે છે. આ બધું લોકતંત્ર અને અભિવ્યક્તિની સ્વતંત્રતાના નામ પર કરવામાં આવે છે. છાત્રો અને શહેરી કુલીન વર્ગો પર તેમનો વ્યાપક પ્રભાવ છે. આ જ કારણ છે કે કોલેજના વિદ્યાર્થીઓ અને શહેરી મતદારોએ હેરિસના પક્ષમાં મતદાન કર્યું, જ્યારે મોટી સંખ્યામાં ગ્રામીણ મતદારો અને યુનિવર્સિટી શિક્ષણથી વંચત લોકોએ ટ્રમ્પનું સમર્થન કર્યું.

ભારતમાં પણ જેએનયુ જેવી યુનિવર્સિટીઓ અને સેન્ટ સ્ટીફન્સ કોલેજના વામપંથી માનસિકતા ધરાવતા છાત્રોને લાગે છે કે માત્ર તેઓ જ જાણે છે કે દેશ કેવી રીતે ચલાવવો અને તેમની વાત જ સર્વોપર છે. તેઓ મીડિયાનો એજન્ડા નક્કી કરવાને પણ પોતાનો વિશેષાધિકાર સમજે છે. તેમાંના મોટાભાગના ભાજપ અને નરેન્દ્ર મોદીને નફરત કરે છે. પોતાની વિચારધારા પ્રત્યે તેમની એવી મુગ્ધતા છે કે તેનાથી વિપરીત લોકો માટે તે કોઈ સ્થાન નથી જોતા. પોતાની આ માનસિકતાને કારણે તેમણે કેટલીય વાર મોદીના રાજકીય સમાપનની ઘોષણા કરી, પરંતુ વ્યાપક જનસમર્થનના જોરે મોદી આ વર્ગને હરાવતા રહ્યા છે, કારણ કે દેશની જનતા આ વામપંથીઓની ચુંગાલમાં નથી આવતી. તેમ છતાં વામપંથીઓનો આ નાનકડો સમૂહ કોઈ બોધ નથી લેતો અને ટીવી ચેનલોથી લઈને દરેક મંચ પર પોતાના જ્ઞાનનાં વખાણ કરવાનું છોડતો નથી. દુનિયાભરમાં તેમની આ જ રીતભાત છે. અમેરિકામાં પણ સીએનએન જેવી ચેનલો વારંવાર એ જ ક્લિપ દેખાડતી રહી જેનાથી ટ્રમ્પની છબ ખરાબ થવાના અણસાર હતા. આ તેમના વિરુદ્દ્ઘ એકદમ દુષ્પ્રચાર જેવું હતું. સૌથી હતપ્રભ કરનારો પ્રયાસ તો એ ઓપિનિયન પોલ હતો, જે ચૂંટણીની પૂર્વસંધ્યાએ દેખાડવામાં આવ્યો હતો. આ પોલ અનુસાર ટ્રમ્પ આયોવા રાજ્યમાં હારી રહ્યા હતા, જ્યારે છેલ્લી બે ચૂંટણીઓમાં તેઓ અહીંથી ભારે અંતરથી જીતી રહ્યા હતા. જોકે આ રાજ્ય લાંબા સમયથી રિપબ્લિકન પાર્ટીનો ગઢ રહ્યું છે તો એ પોલ દ્વારા મતદારોને એ જ સંદેશ આપવાની શરારત કરવામાં આવી કે ટ્રમ્પ બહુ ઘેરા સંકટમાં છે. જો તેઓ આયોવામાં હારી જશે તો કયા આધાર પર રાષ્ટ્રપતિ ચૂંટણી જીતી શકશે? વાસ્તવિકતા એ રહી કે ટ્રમ્પે આ રાજ્યમાં બહુ સહજતાથી જીત નોંધાવી.

અમેરકી જનતાએ હેરિસને વ્યાપક રૂપે નકારીને હાર્વર્ડ અને સ્ટેનફોર્ડ જેવી અભિજાત્ય સંસ્થાઓ અને મીડિયાના શરારતી વલણને પાઠ ભણાવવાનું કામ કર્યું. ભારતમાં કોંગ્રેસ પાર્ટી માટે પણ તેમાં બોધપાઠ છૂપાયેલો છે કે જ્યાં સુધી તે અલ્પસંખ્યક તુષ્ટીકરણ અને બહુસંખ્યકોની ભાવનાઓની અવગણના કરતાં વામપંથીઓને પોતાનો એજન્ડા તૈયાર કરવા દેશે, ત્યાં સુધી તેની એવી જ દુર્ગતિ થતી રહેશે, જેવી અમેરિકાની ચૂંટણીમાં ડેમોક્રેટક પાર્ટીની થઈ.

### સોયાબીનના ખૂબ સારા ભાવ ખેડૂતોને મળી રહ્યા છે

# જૂનાગઢ માર્કેટિંગ યાર્ડમાં સોયાબીનની બમ્પર આવક

## સોયાબીનની ૪૭૬૦ ક્વિન્ટલ આવક સામે એક મણનો ઊંચો ભાવ ૯૭૯ રૂપિયા અને નીચો ભાવ ૭૦૦ રૂપિયા અને સામાન્ય ભાવ ૮૧૦ નોંધાયો છે

જૂનાગઢ, તા.૨૫

ગત વર્ષની જેમ આ વર્ષે પણ સોયાબીનના ખૂબ સારા ભાવ ખેડૂતોને મળી રહ્યા છે. જૂનાગઢ માર્કેટિંગ યાર્ડમાં ઓપન માર્કેટમાં ખેડૂતો પોતાનો પાક વેચવા માટે આવી રહ્યા છે.

ત્યારે હાલમાં સોયાબીનની સારી એવી આવક નોંધાઈ રહી છે. આ વર્ષે ખેડૂતોએ સોયાબીનનું વાવેતર કર્યું છે, ત્યારે નવા સોયાબીનની પણ આવક શરૂ થઈ ગઈ છે. ત્યારે સોયાબીનની સારી આવકની સાથે ખેડૂતોને સારો ભાવ મળવાથી ખેડૂતો પણ ખુશ જોવા મળી રહ્યા છે. જૂનાગઢ યાર્ડમાં સોયાબીનની સાથે સાથે અન્ય ૧૩ જણસીની પણ આવક નોંધાઈ હતી. આજે સૌથી વધુ સોયાબીનની આવક નોંધાઈ હતી. સોયાબીનની ૪૭૬૦ ક્વિન્ટલ આવક સામે એક મણનો ઊંચો ભાવ ૯૭૯ રૂપિયા અને નીચો ભાવ ૭૦૦ રૂપિયા અને સામાન્ય ભાવ ૮૧૦ નોંધાયો છે. લોકવન ઘઉંની ૩૭૮ ક્વિન્ટલ આવક સામે એક મણનો ઊંચો ભાવ ૬૨૭ રૂપિયા અને નીચો ભાવ ૫૦૦ રૂપિયા, જ્યારે સામાન્ય ભાવ ૬૦૦ રૂપિયા નોંધાયો છે. ચણાની ૧૨૬ ક્વિન્ટલ આવક સામે એક મણનો ઊંચો ભાવ ૧૨૫૦ રૂપિયા અને નીચો ભાવ ૧૦૦૦ રૂપિયા અને સામાન્ય ભાવ ૧૨૦૦ રૂપિયા નોંધાયો છે. અડદની ૨૫૫ ક્વિન્ટલ આવક સામે એક મણનો ઊંચો ભાવ ૧૬૪૪ રૂપિયા અને નીચો ભાવ ૧૩૦૦ રૂપિયા અને સામાન્ય ભાવ ૧૫૦૦ રૂપિયા નોંધાયો છે. તુવેરની ૧૨૫ ક્વિન્ટલ આવક સામે એક મણનો ઊંચો ભાવ ૨૧૩૩ રૂપિયા અને નીચો ભાવ ૧૮૫૦ રૂપિયા અને સામાન્ય ભાવ ૨૦૦૦ રૂપિયા નોંધાયો છે. મગફળીની ૫૬૦ ક્વિન્ટલ આવક સામે એક મણનો ઊંચો ભાવ ૧૧૦૫ રૂપિયા અને નીચો ભાવ ૮૦૦ રૂપિયા અને સામાન્ય ભાવ ૯૫૦ રૂપિયા નોંધાયો છે.

તલની ૫૬૭ ક્વિન્ટલ આવક સામે એક મણનો ઊંચો ભાવ ૨૫૭૧ રૂપિયા અને નીચો ભાવ ૧૯૦૦ રૂપિયા અને સામાન્ય ભાવ ૨૨૦૦ રૂપિયા નોંધાયો છે. જીરુંની ૩૭ ક્વિન્ટલ આવક સામે એક મણનો ઊંચો ભાવ ૪૫૯૫ રૂપિયા અને નીચો ભાવ ૪,૦૦૦ રૂપિયા અને એક મણનો સામાન્ય ભાવ ૪૪૦૦ નોંધાયો છે.

### રેશન કાર્ડના નિયમોમાં મોટો ફેરફાર

# રેશન કાર્ડ પર મળતા રાશનની માત્રા પણ બદલાઈ

## ૧૪ કિલો ઘઉં અને ૨૧ કિલો ચોખા મળે છે તેમાં પણ ફેરફાર કરવામાં આવ્યા છે, અંત્યોદય કાર્ડમાં હવે ૧૮ કિલો ચોખા ૧૭ કિલો ઘઉં આપવામાં આવશે

અમદાવાદ, તા.૨૫

ભારત સરકાર દેશના લોકો માટે ઘણી યોજનાઓ ચલાવે છે. સરકારની અલગ અલગ યોજનાઓનો લાભ દેશના અલગ અલગ લોકોને મળે છે. સરકાર પોતાની મોટાભાગની યોજનાઓ દેશના ગરીબ અને જરૂરિયાતમંદ લોકો માટે લાવે છે. ભારતમાં આજે પણ ઘણા લોકો એવા છે જે બે ટંકનું ભોજન પણ નથી કરી શકતા.

આવા લોકોને ભારત સરકાર નેશનલ ફૂડ સિક્યોરિટી એક્ટ હેઠળ ખૂબ ઓછા દરે રેશન પૂરું પાડે છે. સરકાર આ માટે લોકોને રેશન કાર્ડ જારી કરે છે. જેની મદદથી લોકો ઓછી કિંમતે રેશનની સુવિધાનો લાભ લઈ શકે છે. ખાદ્ય વિભાગે રેશન કાર્ડ પર મળતી વસ્તુઓમાં ફેરફાર કર્યો છે. તો ૧ જાન્યુઆરી ૨૦૨૫થી આ મોટો ફેરફાર થશે.

નેશનલ ફૂડ સિક્યોરિટી એક્ટ એટલે કે રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા અધિનિયમ હેઠળ ઓછી કિંમતે મળતા રેશનમાં ફેરફાર કરવામાં આવ્યો છે. પહેલા જે માત્રામાં રેશન મળતું હતું તે હવે બદલી દેવામાં આવ્યું છે. વાત કરીએ તો પહેલા જ્યાં એક યુનિટમાં ૩ કિલો ચોખા અને ૨ કિલો ઘઉં મળતા હતા. હવે તેમાં ૨ કિલો ઘઉં અને અઢી કિલો ચોખા કરવામાં આવ્યા છે એટલે કે તેમાં અડધો કિલો ચોખા ઘટાડવામાં આવ્યા છે.તો વળી અડધો કિલો ઘઉં વધારવામાં આવ્યા છે. જોકે જે યુનિટમાં પહેલા ૫ કિલો રેશન મળતું હતું તે ૫ કિલો જ છે. અંત્યોદય રેશન કાર્ડ ધારકોને ૩૫ કિલો રેશન મળે છે જેમાં ૧૪ કિલો ઘઉં અને ૨૧ કિલો ચોખા મળે છે. તેમાં પણ ફેરફાર કરવામાં આવ્યા છે, અંત્યોદય કાર્ડમાં હવે ૧૮ કિલો ચોખા ૧૭ કિલો ઘઉં આપવામાં આવશે. જોકે રેશનની માત્રા એ જ છે. પરંતુ ચોખા ઘટાડીને ઘઉં વધારવામાં આવ્યા છે. ૧ નવેમ્બરથી આ નિયમ લાગુ થઈ ગયા છે.

ખાદ્ય વિભાગે બધા રેશન કાર્ડ ધારકોને કેવાયસી કરાવવા માટે સૂચના જારી કરી દીધી છે. બધા રેશન કાર્ડ ધારકોએ ઈ કેવાયસી ફરજિયાત કરાવવું જરૂરી છે. જે રેશન કાર્ડ ધારકો ઈ કેવાયસી નહીં કરાવે તેમના રેશન કાર્ડ રદ કરી દેવામાં આવશે. જણાવી દઈએ કે સરકારે આ માટે પહેલા ૧ ઓક્ટોબર સુધીની ડેડલાઈન આપી હતી, જેને પછીથી ૧ નવેમ્બર સુધી વધારવામાં આવી હતી. તો હવે આ ડેડલાઈન ૧ ડિસેમ્બર સુધીની છે એટલે કે બધા રેશન કાર્ડ ધારકોએ ૧ જાન્યુઆરી ૨૦૨૫ પહેલા રેશન કાર્ડની કેવાયસી કરાવી લેવી પડશે. નહીંતર તેમને મફત રેશન અને ઓછી કિંમતે રેશનની સુવિધા મળવાનું બંધ થઈ જશે.

### ૬૦૦ વર્ષોથી વધુ સમય ગુજરાતની ઐતિહાસિક રાજધાની પાટણ રહ્યું હતુ

# પાટણની 'રાણીની વાવ': બે વર્ષમાં દેશ-વિદેશના પાંચ લાખથી વધુ પ્રવાસીએ લીધી મુલાકાત

## સમગ્ર ભારતમાં વર્લ્ડ હેરિટેજ સપ્તાહની ઉજવણી કરવામાં આવી રહી છે



પાટણ, તા.૨૫

ગુજરાતમાં પટોળા માટે પ્રખ્યાત પાટણ ખાતે આવેલી રાણીની વાત ગુજરાતના સ્મારકો અને કલાનો ઉત્કૃષ્ટ વારસો છે. રાણીની વાવના જળ વ્યવસ્થાપન તેમજ કલાના ઉત્કૃષ્ટ વારસાને ધ્યાનમાં રાખીને યુનેસ્કો દ્વારા વર્ષ ૨૦૧૪માં રાણીની વાવને વર્લ્ડ હેરિટેજ સાઈટમાં સ્થાન મળ્યું હતું. રાણીની વાવની કલાકૃતિને નીહાળવા માટે રાજ્ય, દેશ અને દુનિયાના પ્રવાસીઓ મુલાકાતે આવતા હોય છે, ત્યારે છેલ્લા બે વર્ષમાં વર્લ્ડ હેરિટેજ સાઈટ રાણીની વાવ ખાતે દેશભરમાંથી આશરે પાંચ લાખથી વધુ મુલાકાતીઓ આવ્યાં છે, જેમાંથી લગભગ ચાર હજારથી વધુ વિદેશી સહેલાણીઓએ મુલાકાત લીધી.

ભારતીય પુરાતત્ત્વીય સર્વેક્ષણ દ્વારા સમગ્ર ભારતમાં ૧૯ નવેમ્બરથી ૨૫ નવેમ્બર ૨૦૨૪ દરમિયાન વર્લ્ડ હેરિટેજ સપ્તાહની ઉજવણી કરવામાં આવી રહી છે, ત્યારે ગુજરાતના પાટણમાં આવેલી વર્લ્ડ હેરિટેજ સાઈટ રાણીની વાવ વિશ્વભરના પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બની છે. ભારતીય ચલણી ૧૦૦ રૂપિયાની નોટમાં પણ રાણીની વાવનું ચિત્ર અંકિત કરાયું છે. બીજી તરફ, રાણીની વાતની અદભૂત કલાકૃતિ નીહાળવા માટે દેશવિદેશથી પ્રવાસીઓ આવે છે.

રાણીની વાવની અદભૂત કળા અને કોતરણી નીહાળવા માટે ગત વર્ષ ૨૦૨૩-૨૪માં આશરે ૩.૫૨ લાખથી વધુ ભારતીય અને ૩,૩૨૭ વિદેશી પ્રવાસીઓએ મુલાકાત લીધી હતી. જ્યારે ઑક્ટોબર ૨૦૨૪ સુધીમાં ૧.૫૮ લાખથી વધુ ભારતીય અને ૯૬૨ વિદેશ પ્રવાસીઓ આવ્યા હતા. જ્યારે વર્ષ ૨૦૧૬માં રાણીની વાવ 'આઈકોનિક ક્લીન પ્લેસ' તરીકે પસંદગી પામ્યું હતું, આ પછી નરેન્દ્ર મોદીના હસ્તકે એવોર્ડ આપવામાં આવ્યો હતો.

ગુજરાતમાં પ્રાચીન કાળમાં લગભગ ૬૦૦ વર્ષોથી વધુ સમય ગુજરાતની ઐતિહાસિક રાજધાની પાટણ રહ્યું હતું. પાટણમાં પ્રતાપી સોલંકી વંશે ઈ.સ. ૯૪૨ થી ૧૧૩૪ના મધ્ય કાળ સુધી શાસન કર્યું. જે એ સમયે પશ્ચિમ ભારતની રાજધાની તરીકે પ્રખ્યાત હતું. આ દરમિયાન પાટણમાં કેટલાક મંદિરો, મસ્જિદો, મકબરા, વાવ અને તળાવોનું નિર્માણ કરાયાં. જેમાં એક પ્રખ્યાત રાણીની વાવ કલા અને સ્મારકો દ્રષ્ટીએ ઉત્કૃષ્ટ વારસો છે, જ્યાંની જળ વ્યવસ્થાપન તેમજ કલાનું એક અલગ નજરાણું મુલાકાતીઓને નીહાળવા મળે છે. પાટણ જિલ્લાના પાટણ શહેરથી લગભગ બે કિ.મી. સરસ્વતી નદીના તટ પર રાણીની વાવ આવેલી છે. ઈ.સ. ૧૦૨૨થી ૧૦૬૩ દરમિયાન 'સુવર્ણ યુગ' તરીકે ઓળખાતા સોલંકી વંશના પ્રતાપી શાસક ભીમદેવ પહેલાની પત્ની રાણી ઉદયમતીએ તેમના પતિની યાદમાં આ વાવનું નિર્માણ કરાવ્યું હતું. આ વાવની દિશા પૂર્વ-પશ્ચિમ અને તેનું પ્રવેશદ્વાર પૂર્વ દિશામાં આવેલું છે.

આ વાવની લંબાઈ ૬૩ મીટર અને પહોળાઈ ૨૦ મીટર તથા ઉંડાઈ ૨૭ મીટર જેટલી છે. તેનું બાંધકામ મુખ્યત્વે ઈંટો દ્વારા કરવામાં આવ્યું છે. જેના ઉપરનો ભાગ પથ્થરોથી કંડારવામાં આવ્યો છે. વાવના મુખ્ય બે ભાગ છે, જેનો પૂર્વ ભાગ ૭ માળનો પગથીયાવાળો, ગલીયાળો તથા પશ્ચિમ ભાગ તરફનો કૂવો ગલીયારા સાથે જોડાયેલો છે.

મળતી માહિતી પ્રમાણે, દેશની આઝાદી પહેલા એટલે કે ઈ.સ. ૧૯૩૬માં રાણીની વાવને ભારતીય પુરાતત્ત્વ સર્વેક્ષણ દ્વારા રાષ્ટ્રીય સ્મારક તરીકે સંરક્ષિત ઘોષિત કરી હતી. ઈ.સ. ૧૯૬૨-૨૩માં ભારતીય પુરાતત્ત્વ સર્વેક્ષણે આ સ્થળે ઉત્ખનન કાર્યનો પ્રારંભ કર્યો, જેના ફળસ્વરૂપે રાણીની વાવનો જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો હતો.

ઉત્ખનન કાર્ય દરમિયાન રાણી ઉદયમતિની દેવનાગરી ભાષામાં લખાણવાળી પ્રતિમામાં મહારાજ્ઞી (મહારાણી) શ્રી ઉદયમતિ લખાણ હતું. જૂના લખાણોના આધાર પર આ વાવ લગભગ ૧૩મી સદીની હોવાનું માનવામાં આવે છે, જે રાણી ઉદયમતિ દ્વારા નિર્મિત હોવાનું જણાયું હતું. જ્યારે યુનેસ્કો દ્વારા વર્ષ ૨૦૧૪માં વર્લ્ડ હેરિટેજ સાઈટમાં સ્થાન મળ્યું હતું.

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

મનુષ્ય તેના સારા આચરણ અને સારા ગુણને કારણે જ ઓળખાય છે.

– અજ્ઞાત

**: આજનું પંચાંગ :**

વિક્રમ સં. ૨૦૮૧, શા. શાકે. ૧૯૪૬, પા.તીર-૧૩૯૪, મુ. જમાદુલ અવ્વલ-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૧, કચ્છી સં. ૨૦૮૧, કારતક વદ-૧૦, તા.૨૫ નવેમ્બર ૨૦૨૪, સોમવાર, પારસી તા.૧૩, મુસ્લિમ તા.૨૨, ઉત્તરાફાલ્ગુની નક્ષત્ર, વિષ્કુંભ યોગ, વણિજ કરણ, સૂ.ઉ.૭:૧૨, સૂ.અ.૬:૦૪

આજનો દિવસ સામાન્ય છે.

આજે જન્મેલા બાળકની રાશી કન્યા (૫ ઠ ણ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

## સાપ્તાહિક રાશી ભવિષ્ય

## તા. ૨૫-૧૧-૨૦૨૪ થી ૦૧-૧૨-૨૦૨૪ સુધીનું આપનું સાપ્તાહિક રાશિ ભવિષ્ય

**મેષ : અ.લ.ઈ. સ્વામિ - મંગળ**

કાર્યક્ષેત્રે અસ્વસ્થતા આપનાર પારિવારીક ક્ષેત્રે સફળતા આપનાર બની રહે. રોકાયેલા નાણાં છૂટા થાય. મનની મૂંઝવણ દૂર થાય, કાર્યસિધ્ધિ પ્રાપ્ત થાય, માલ-મિલ્કત અંગેના પ્રશ્નો હલ થાય. તેમાં લાભ મળે તેવી શક્યતા રહેલી છે. કૌટુંબિક રીતે વાતાવરણ સારૂં રહે. સંતાનોથી લાભ થાય.

**વૃષભ : બ.વ.ઉ. સ્વામિ - શુક્ર**

આ સપ્તાહ માનસિક આનંદ-ઉત્સાહમાં વધારો કરનારો નીવડે. માંગલિક કાર્યમાં ધન વ્યયના યોગ છે. આ સપ્તાહ આત્મવિશ્વાસ વધારનારું અને ગુપ્ત યોજનાઓ પાર પાડવા માટે મહત્વનું બની રહે. વડીલો અને મિત્રોનો સહકાર મળે. કોર્ટ-કચેરીના કાર્યોમાં સફળતા ન મળે તેથી ધીરજ રાખવી હિતાવહ.

**મિથુન : ક.છ.ઘ. સ્વામિ - બુધ**

આ સમય દરમિયાન વ્યર્થ વાદ-વિવાદથી દૂર રહીને સ્વસ્થ ચિતે પોતાના કાર્યને વળગી રહેવું હિતાવહ. ભાવનાત્મક પીડા અનુભવાય. આ સપ્તાહ દરમિયાન આરોગ્ય બાબતે સાવધ રહેવું હિતાવહ. જીવનસાથીની તબિયત અંગે ચિંતા રહે. વડીલોથી સહકાર મળે પરંતુ ભાઈ-ભાંડુથી પરેશાની રહે.

**કર્ક : ડ.હ. સ્વામિ - ચંદ્ર**

આ સપ્તાહ દરમિયાન ઈચ્છિત કાર્યોથી સફળતા મળે. નવિન ઓળખાણો થાય. રચનાત્મક કે સામાજિક કાર્યોમાં અણધારી સફળતા પ્રાપ્ત કરી શકશો. ગુપ્ત શત્રુઓનું ષડયંત્ર પાર ન પડે પરંતુ સચેત રહેવું હિતાવહ. નાણાંકીય લાભ થાય સાથે-સાથે ખર્ચના પણ પ્રસંગો બને.

**સિંહ : મ.ટ. સ્વામિ - સૂર્ય**

આ સપ્તાહ દરમિયાન આકસ્મીક પ્રાવસ થાય અને લાભ પણ મળે. કાર્યબોજમાં વધારો થાય સાથે-સાથે નવા કાર્યક્ષેત્રો પણ વિકસાવી શકાય. નાણાંકીય ક્ષેત્રે ધીરે-ધીરે પ્રગતિ થતી જોવા મળે. જેથી થોડી રાહત મળે. તબિયત સંભાળવી હિતાવહ.

**કન્યા : પ.ઠ.ણ. સ્વામિ - બુધ**

આ સપ્તાહ દરમિયાન પારિવારીક સંઘર્ષનો ભોગ બનવાનો વખત આવે. આર્થિક ક્ષેત્રે સમસ્યારૂપ બનનાર આ સપ્તાહમાં આવક-જાવક સરભર રહે. નોકરીયાત વર્ગને ઉપરી અધિકારીની મદદ મળે. નાણાંકીય બાબતો કે જામીનગીરી અંગેની બાબતોમાં સાવચેતી જરૂરી બને.

**તુલા : ર.ત. સ્વામિ - શુક્ર**

આ સપ્તાહ દરમિયાન મિત્ર પરિવારનો સહકાર પ્રાપ્ત થાય. સામાજિક માન-પ્રતિષ્ઠામાં વધારો થાય. આરોગ્ય બાબતે સાવચેતી રાખવી હિતાવહ. વિદ્યાર્થીવર્ગે અભ્યાસમાં મહેનત કરવી જરૂરી બને. હિતશત્રુવર્ગથી સાવધ રહેવું હિતાવહ.

**વૃશ્ચિક : ન.ય. સ્વામિ - મંગળ**

આ સપ્તાહ દરમિયાન નવિન જવાબદારી આવી પડે પરંતુ મનની મુરાદો પૂરી થાય. સપ્તાહ દરમિયાન જોખમી કાર્યોમાં મહેનત દ્વારા સફળતા પ્રાપ્ત થાય. મકાન-જમીનને લગતા કાર્યો અટકી-અટકીને સફળ થાય. આકસ્મીક પ્રવાસ થાય. એકંદરે આ સપ્તાહ મિશ્રફળ આપનારું નીવડે. પ્રિયજનથી મિલન-મુલાકાત થાય.

**ધન : ભ.ધ.ફ.ઢ. સ્વામિ - ગુરૂ**

આ સપ્તાહ પ્રગતિપૂર્ણ રહેશે. કોર્ટ-કચેરીને લગતા કાર્યમાં સફળતા આપતું આ સપ્તાહ મહિલાવર્ગને ગૃહસ્થ જીવનમાં વિશેષ આનંદ આપશે. વ્યાપાર-ધંધામાં અણધારી સફળતા મળશે. માંગલિક કાર્યોનું આયોજન થાય. તેમજ નવિન શુભ સમાચાર મળે.

**મકર : ખ.જ. સ્વામિ - શની**

આ સપ્તાહ દરમિયાન જોખમી કાર્યમાં સફળતા મેળવી શકશો. કાર્યબોજ વિશેષ રહે. સતત પ્રવૃત રહેવાને કારણે માનસિક તનાવનો અનુભવ થાય. કૌટુંબિક રીતે આનંદ રહે. આનંદ-પ્રમોદનો પ્રસંગ બને. નવિન ખરીદી થાય. તબિયત સંભાળવી હિતાવહ.

**કુંભ : ગ.શ.ષ.સ. સ્વામિ -શની**

આ સપ્તાહ દરમિયાન અસાધારણ કીર્તિ, ધન, લાભ વગેરે પ્રાપ્ત કરી શકશો. અધ્યાત્મિક કાર્યમાં રૂચિ વધે. આ સપ્તાહ નવિન શુભ સમાચાર આપનાર નીવડે. માંગલિક કાર્યોનું આયોજન થાય. તંદુરસ્તી જળવાઈ રહે. જીવનસાથીના સહકાર દ્વારા લાભ મેળવી શકશો.

**મીન : દ.ચ.ઝ.થ. સ્વામિ - ગુરૂ**

આ સપ્તાહ દરમિયાન વ્યર્થ ક્રોધ પર કાબુ રાખવો હિતાવહ છે. વ્યર્થ ખર્ચ પર નિયંત્રણ રાખી નાણાંકીય બાબતે સાવચેત રહેવું. પારિવારીક સંબંધો દ્વારા લાભ પ્રાપ્ત કરી શકશો. તબિયતની નાની-મોટી તકલિફો રહ્યા કરે. ખાવા-પીવામાં સાવચેતી રાખવી હિતાવહ.

# શું અદાણી વિરૂધ્ધ લાંચ કેસ એ મોદી માટે ખરાબ સમાચાર છે ?



(એજન્સી) તા.૨૫ ૧૬,૯૦૦ કરોડ ડૉલરના માલિક અને એશિયન બિઝનેસ ટાયકૂન ગૌતમ અદાણી સામે અત્યાર સુધીનો સૌથી મોટો ખતરો અમેરિકાથી આવ્યો છે. મોદી શાસન દરમ્યાન અજેય ગણાતા આ ઉદ્યોગપતિ ઉપર અમેરિકી ન્યાય વિભાગે ગુનાહિત આરોપો લગાવ્યા હતા. ભારતના વિપક્ષે ગૌતમ અદાણી ઉપરના આરોપોને મુદ્દો બનાવવાની તક ગુમાવી દીધી છે. જો કે, ભારતમાં વિપક્ષના નેતા અને કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીએ તેને મુદ્દો બનાવવાનો પૂરો પ્રયાસ કર્યો હતો. પરંતુ બ્લૂમબર્ગે તેના વિશ્લેષણમાં લખ્યું છે કે, ગૌતમ અદાણી કેસ નવા ચૂંટાયેલા અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ માટે અણધારી ભેટ છે અને ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી માટે શરમજનક છે.

૫૪ પાનાના આરોપમાં એવો આક્ષેપ કરવામાં આવ્યો છે કે, ૨૦૨૦માં અદાણી ગ્રીન એનર્જી લિમિટેડની પાવર ખરીદવા માટે કોઈ ખરીદદાર ન હતો. અદાણીની કંપનીને આ વીજળી સોલાર એનર્જી કોર્પોરેશન ઓફ ઈન્ડિયા પાસેથી મળી હતી, જે વેચવાની હતી. આ કરાર જોખમમાં હોવાનું જણાયું હતું. આરોપમાં કહેવામાં આવ્યું છે કે, આ પછી ગૌતમ અદાણીએ પોતાની લાંચ યોજનાને આગળ ધપાવી હતી. યુએસ જસ્ટિસ ડિપાર્ટમેન્ટનું કહેવું છે કે, ગૌતમ અદાણીએ ભારતીય સરકારી અધિકારીઓને ૨૫ કરોડ ડૉલર (રૂા.૨૦૦૦ કરોડથી વધુ)ની લાંચ આપવા સાથે ભ્રષ્ટાચાર કર્યો હતો અને રોકાણકારો અને બેંકોને જૂઠું બોલીને અબજો ડૉલર એકઠા કર્યા હતા અને ન્યાયમાં અવરોધ ઊભો કર્યો હતો. અદાણી ગ્રુપે આરોપોને પાયાવિહોણા ગણાવ્યા અને કહ્યું કે, તે તમામ કાયદાઓનું સંપૂર્ણ પાલન કરે છે અને દરેક સંભવિત કાનૂની આશરો લેવામાં આવશે.

ભારતની આર્થિક રાજધાની મુંબઈમાં પશ્ચિમી રાજ્ય મહારાષ્ટ્રમાં વિધાનસભાની ચૂંટણી પૂરી થયા બાદ આ સમાચાર આવ્યા છે. જો આ સમાચાર એક દિવસ પહેલા પણ આવ્યા હોત તો મહારાષ્ટ્રની ચૂંટણીનો મુદ્દો બદલાઈ શક્યો હોત. જો કે, વિપક્ષી નેતા રાહુલ ગાંધીએ ક્રોની કેપિટલિઝમ, ખાસ કરીને અદાણીની મોદી સાથેની નિકટતાને મહારાષ્ટ્ર ચૂંટણીમાં તેમના પ્રચારનો કેન્દ્રીય ભાગ બનાવ્યો હતો. રાહુલ ગાંધીના આરોપોને અમેરિકાના ન્યાય વિભાગ અને અમેરિકી તપાસ એજન્સી એફબીઆઈએ સમર્થન આપ્યું છે. એટલે કે રાહુલ જે પ્રકારના આક્ષેપો કરી રહ્યા હતા તેની પુષ્ટિ એફબીઆઈ દ્વારા કરવામાં આવી હતી.

અદાણી પાસે મુંબઈમાં બે એરપોર્ટ છે અને તે શહેરને વીજળી પણ સપ્લાય કરે છે. ટૂંક સમયમાં અદાણીની કંપની ધારાવી પ્રોજેક્ટનું કામ શરૂ કરવા જઈ રહી છે. રાહુલ ગાંધી અને તેમના સાથીઓએ આક્ષેપ કર્યો છે કે, વિવાદાસ્પદ ૩૦૦ કરોડ ડૉલર પ્રોજેક્ટની શરતો રાજ્ય સરકાર દ્વારા અદાણી માટે ખૂબ જ હળવી બનાવવામાં આવી હતી. મહારાષ્ટ્ર ઉપર મોદીની પાર્ટી બીજેપી અને તેના સાથી પક્ષોનું નિયંત્રણ છે. રાહુલ ગાંધીના આરોપો ઉપર અદાણી કે મોદીએ કોઈ પ્રતિક્રિયા આપી નથી. જો મહારાષ્ટ્રમાં સરકાર બદલાશે તો ધારાવી યોજના ઉપર પુર્નઃ વિચાર કરવામાં આવશે. નરેન્દ્ર મોદી અને તેમનો પક્ષ ચૂંટણી જીતી રહ્યો છે પરંતુ અદાણી જૂથ ઉપરના આક્ષેપોએ મોદી અને ભાજપ માટે શંકા પેદા કરી છે. જો કે, અદાણીનો આરોપ ટ્રમ્પ માટે વધુ સારા સમયે આવ્યો છે. તેમનું આવનારૂં પ્રશાસન આ મુદ્દા ઉપર વધુ બજાર પ્રવેશ માટે ભારત સાથે સોદાબાજી કરી શકે છે. ખાસ કરીને અમેરિકન ટેક્નોલોજી કંપનીઓ માટે ટ્રમ્પ હવે ભારત સાથે કડક ભાષામાં વાત કરી શકે છે.

અદાણીના શેર અને બોન્ડ પહેલેથી જ ઘટી રહ્યા છે. અદાણીની લોનની ફાઈલ રિસ્ક કમિટીમાં લઈ જવા માટે બેંકર્સે યુએસ જસ્ટિસ ડિપાર્ટમેન્ટના આરોપના પરિણામની રાહ જોવી પડશે. શા માટે બેંકરો ગૌતમ અને સાગર સામે ફોજદારી આરોપોનો બોજ ઊઠાવશે ? અદાણી વડાપ્રધાનના મિત્ર છે અને ગયા વર્ષે જાન્યુઆરીમાં જ્યારે ન્યૂયોર્ક સ્થિત હિન્ડનબર્ગ રિસર્ચે એશિયાના બીજા સૌથી ધનિક વ્યક્તિ ઉપર કોર્પોરેટ ઈતિહાસનું સૌથી મોટું કૌભાંડ ચલાવવાનો આરોપ મૂક્યો હતો, ત્યારે માત્ર મોદી સરકાર જ નહીં, પરંતુ ભાજપ પણ અદાણીના સમર્થનમાં કૂદી પડ્યો હતો.

અમેરિકાના તાજેતરના આરોપોએ બધું બદલી નાંખ્યું છે. એવો આક્ષેપ કરવામાં આવ્યો છે કે, અદાણીએ રોકાણકારોને આ 'લાંચ યોજના' છૂપાવી હતી જેમણે ગયા વર્ષે ઓછામાં ઓછા માર્ચથી વિદેશમાં નાણાંનું યોગદાન આપ્યું હતું. જો કે, એફબીઆઈ એજન્ટોએ સાગરને અમેરિકામાં સર્ચ વોરંટ આપ્યું હતું. પરંતુ આ વાત પણ રોકાણકારોથી છૂપાવવામાં આવી હતી.

અદાણીનું લાંચ કૌભાંડ ભારતમાં મોટો મુદ્દો બની શકે છે. પરંતુ જો આ મામલો લાંબો સમય ચાલશે તો વિપક્ષ મોદી સરકારને ઘેરશે. જો કે, મોદીની પોતાની ભારતીય જનતા પાર્ટી કદાચ વિચારી શકે છે કે, ૭૪ વર્ષની વયે ૨૦૨૯ની ચૂંટણીમાં પણ ભાજપનું નેતૃત્વ કરવા તૈયાર હોય તેવા વડાપ્રધાનને કેટલા સમય સુધી સમર્થન આપવું જોઈએ. એકંદરે અદાણી સામેના મેગા-લાંચના આક્ષેપો જેટલા લાંબા સમય સુધી ચાલુ રહેશે, તેટલી જ ભાજપની સ્વચ્છ છબી અંગેની ચર્ચા વધુ તીવ્ર બનશે. જો કે, રાહુલ ગાંધીએ અદાણી ઉપરની ચર્ચાને કેન્દ્ર મંચ ઉપર લાવી દીધી છે, પરંતુ જ્યાં સુધી સમગ્ર વિપક્ષ તેમની સાથે નહીં રહે ત્યાં સુધી આ મુદ્દો લાંબો ચાલશે નહીં. આવતા વર્ષે દિલ્હી અને બિહારમાં વિધાનસભાની ચૂંટણી છે. અદાણીના મેગા લાંચ કેસ ઉપર આમ આદમી પાર્ટીએ કોઈ ટિપ્પણી કરી નથી. આરજેડી ચોક્કસપણે અવાજ ઊઠાવે છે. પરંતુ કોંગ્રેસ એકલી આ મુદ્દાને લંબાવી શકે તેમ નથી. જો શનિવારના પરિણામોમાં ભાજપ કે એનડીએ પોતાની સરકાર બનાવવામાં સફળ રહે છે તો વિપક્ષ આ મુદ્દાને આક્રમક રીતે ઊઠાવી શકશે નહીં.

# ઓકટોબરમાં નિવૃત્ત થયેલા શિક્ષકોની જગ્યાએ જ્ઞાન સહાયક આપવા માંગણી

અમદાવાદ, તા.૨૫ રાજ્યની સ્કૂલોમાં ૩૧ ઓકટોબર, ૨૦૨૪ના રોજ નિવૃત્ત થયેલા શિક્ષકોની ખાલી જગ્યા ઉપર કાયમી ભરતી ન થાય ત્યાં સુધી વચગાળાની વ્યવસ્થા રૂપે જિલ્લા કક્ષાએથી જ્ઞાન સહાયકની ફાળવણી કરવા અથવા તો જ્ઞાન સહાયકની પસંદગીની સત્તા સંસ્થાઓને આપવા માટે શિક્ષણમંત્રીને રજૂઆત કરાઈ છે. પ્રાપ્ત માહિતી અનુસાર, રાજ્યમાં જૂન-૨૦૨૪થી શૈક્ષણિક સત્રની શરૂઆત થયા બાદ પ્રથમ સત્ર પૂર્ણ થયો છે. પ્રથમ સત્રના અંતે ૩૧ ઓકટોબર, ૨૦૨૪ના રોજ રાજ્યના ઘણા શિક્ષકો નિવૃત્ત થયા છે. આ શિક્ષકોના નિવૃત્તિના કારણે ઘણી શાળાઓમાં જગ્યા ખાલી પડી છે. આ ખાલી જગ્યાઓના લીધે વિદ્યાર્થીઓના શિક્ષણ ઉપર અસર પડે તેમ છે. જેથી આ ખાલી જગ્યાઓ ઉપર જ્યાં સુધી કાયમી શિક્ષકોની ભરતી ન થાય ત્યાં સુધી વચગાળાની રાહતરૂપે જ્ઞાન સહાયકની ભરતી કરવામાં આવે તે માટે રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ દ્વારા રાજ્યના શિક્ષણમંત્રીને રજૂઆત કરવામાં આવી છે. રાજ્યમાં ૨૭ ફેબ્રુઆરીથી ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડની ધોરણ૧૦ તથા ધોરણ-૧૨ની પરીક્ષાઓ તથા શાળાની વાર્ષિક પરીક્ષાઓને શરૂ થવાની છે. જેથી આ પરીક્ષાને ધ્યાને રાખી મોટી સંખ્યામાં શિક્ષકોની જગ્યા ખાલી રહે તે શિક્ષણ હિતમાં ન હોવાનું રજૂઆતમાં જણાવાયું છે. જ્ઞાન સહાયકની ભૂતકાળની ભરતી તથા તે જગ્યા ઉપર પસંદગી પામેલા ઉમેદવાર હાજર થનાર ઉમેદવારોનો રેશિયો આંતરિયાળ વિસ્તારમાં ખૂબ ઓછો હોય છે. એક વખત ભરતી થયા પછી ઘણા ઉમેદવાર હાજર થતા નથી, ઉપરાંત ઘણા હાજર થયા બાદ છોડીને જતાં રહેતા હોય છે. જેના કારણે સરેરાશ ૧૫થી ૨૦ ટકા જગ્યાઓ શહેરી કક્ષાએ અને ૨૫થી ૩૦ ટકા જગ્યાઓ આંતરિયાળ વિસ્તારમાં ખાલી રહે છે. વધુમાં, ગ્રાન્ટેડ તથા સરકારી પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને આવી ખાલી જગ્યાઓ ભરવા માટે ખૂબ લાંબા સમય સુધી રાહ જોવી પડે છે. સરકારે નિયત કરેલી લાયકાત તથા નિયમ મુજબના શિક્ષકોની નિમણૂક સંચાલક મંડળ તથા સરકારી શાળાઓમાં એસ.એમ.સી. કક્ષાએથી કરી શકાય તથા વર્તમાન વ્યવસ્થા મુજબ તેઓનો પગાર તેમના ખાતામાં જ સીધો કરવામાં આવે તો મોટાભાગે જગ્યાઓ પૂરેપૂરી ભરાય તેવી પૂર્ણ શક્યતાઓ છે.

# જમીન મહેસૂલ ક્ષેત્રના જીએએસ કેડર અધિકારીઓ સામે કાર્યવાહીના આદેશ

અમદાવાદ, તા.૨૫ સરકારે ગુજરાતમાં જમીન મહેસૂલ ક્ષેત્રના રાજ્ય કેડર-જીએએસ અધિકારીઓ સામે કાર્યવાહી કરવાનો આદેશ આપ્યો છે, જેમણે અગાઉ પ્રીમિયમ પાત્ર જમીનોના કેસોમાં પ્રીમિયમની રકમ જમા કરાવ્યા વિના NA ઓર્ડર જારી કર્યા છે અને જેમણે આવા આદેશોની નોંધ સ્વીકારી છે. મહેસૂલ વિભાગે મંગળવાર, ૧૯ નવેમ્બર, ૨૦૨૪ના રોજ જમીનના વર્તમાન અરજદાર અથવા કબજેદાર પાસેથી ૧૦ ટકા પ્રીમિયમ વસૂલ કરીને બિન-કૃષિ પરવાનગી આપવાનો પ્રસ્તાવ મૂક્યો હતો, જેના માટે પ્રીમિયમ અગાઉ પ્રતિબંધિત પાવર પ્રકાર- PSP અને જારી કરાયેલ નવી અવિભાજ્ય સ્થિતિમાં ચૂકવવાપાત્ર હતું. સંયુક્ત સચિવ એસ.સી.પટેલની સહી હેઠળ જારી કરાયેલી આ દરખાસ્ત સાથે તેમણે રાજ્યના તમામ જિલ્લાના કલેક્ટરને પત્ર મોકલ્યો છે. જેમાં સ્પષ્ટપણે જણાવાયું છે કે ભૂતકાળમાં બિનખેતીના કેસોમાં જેમની પાસે પ્રીમિયમ વસૂલવાનું હતું, પરંતુ બિનખેતી-એનએ માટે આડેધડ રીતે આટલી રકમ વસૂલ્યા વિના પરવાનગી આપવામાં આવી હતી, આ અત્યંત ગંભીર બાબત છે. આવા કિસ્સાઓમાં, બિન-કૃષિ પરવાનગી આપનાર નિવૃત્ત અને સેવા આપતા સત્તાવાળાઓ અને મહેસૂલ રેકોર્ડમાં બિન-કૃષિ ઓર્ડરની એન્ટ્રીને મંજૂરી આપતા નિવૃત્ત અને સેવા આપતા અધિકારીઓને જવાબદાર ઠેરવવા જોઈએ. એટલું જ નહીં, આવા જવાબદાર વ્યક્તિઓ સામે શિસ્તભંગના પગલાં લેવાની સરકારને સત્તા હોય તેવા તમામ કેસ કલેક્ટરના અભિપ્રાય સાથે મહેસૂલ વિભાગને મોકલવાના રહેશે. આથી સરકારને આર્થિક નુકસાન પહોંચાડનાર કોઈપણ સરકારી અધિકારી સામે શિસ્તભંગના પગલાં લઈ શકાય. અત્રે ઉલ્લેખનીય છે કે ભૂતકાળમાં કલેક્ટર, ડીડીઓથી લઈને પ્રાંત અધિકારીઓ (એસડીએમ) અને ટીડીઓ તેમજ ઘણા જિલ્લાના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ-એડીએમના સ્તરે પ્રીમિયમ વસૂલ્યા વિના બિનખેતીની પરવાનગીઓ આપવામાં આવી છે. વિભાગીય અધિકારી (નાયબ મામલતદારો), મામલતદારો, કલેક્ટર અને મહેસૂલ વિભાગ-SSRDના વિશેષ સચિવ તેને મંજૂરી આપી છે. જ્યાં પ્રીમિયમ કલેક્શન ફરજિયાત છે ત્યાં રાજ્યમાંથી કલેક્ટર અને મહેસૂલ વિભાગના સચિવને કરોડો રૂપિયાના પ્રીમિયમનો વેડફાટ થયો છે. અમદાવાદ, ગાંધીનગર, રાજકોટ, સુરત, વડોદરા, સુરેન્દ્રનગર, મહેસાણા, પાટણ, કચ્છ, ખેડા, આણંદ, વલસાડ જેવા અનેક ઔદ્યોગિક રીતે વિકસિત જિલ્લાઓમાં મહેસૂલ અધિકારીઓ કોઈપણ જાતની આનાકાની વિના સરકારી તિજોરીને નુકસાન પહોંચાડી રહ્યા છે.

# ભારતે કેનેડામાં વધુ કોન્સ્યુલર કેમ્પ રદ કર્યા ન્યૂનતમ સુરક્ષા પ્રદાન કરવામાં નિષ્ફળ

**કેનેડામાં ભારતીય હાઈ કમિશને ૨ અને ૩ નવેમ્બરના રોજ બ્રેમ્પટન અને સરેમાં આવા બે કેમ્પ ઉપર ખાલિસ્તાની ટોળાં દ્વારા હુમલા કર્યા પછી કેટલાક આયોજિત કોન્સ્યુલર કેમ્પને રદ કરવાનો નિર્ણય લીધાના દિવસો બાદ આ તાજેતરનું પગલું આવ્યું છે**



(એજન્સી) તા.૨૫ એક સત્તાવાર નિવેદનમાં જણાવાયું છે કે, કેનેડિયન સત્તાવાળાઓની 'વધારે જોખમો સામે લઘુત્તમ સુરક્ષા' પૂરી પાડવાની અસમર્થતાને પગલે, ટોરોન્ટોમાં ભારતીય કોન્સ્યુલેટે દેશમાં કેટલાક વધુ કોન્સ્યુલર કેમ્પ્સ રદ કર્યા છે. ટોરોન્ટોમાં ભારતના કોન્સ્યુલેટ જનરલે એક સત્તાવાર નિવેદનમાં જણાવ્યું હતું કે, 'ઉચ્ચ જોખમો સામે લઘુત્તમ સુરક્ષા પૂરી પાડવા માટે સુરક્ષા એજન્સીઓ દ્વારા જણાવવામાં આવેલી સતત અસમર્થતાને કારણે, કોન્સ્યુલેટને કેટલાક વધુ કોન્સ્યુલર કેમ્પ્સ રદ કરવા પડ્યા છે. તેમાંથી મોટા ભાગના કોઈપણ પૂજા સ્થાનો ઉપર નહોતા, જેમાં એક પોલીસ સુવિધાનો સમાવેશ થાય છે,' કેનેડામાં ભારતીય હાઈ કમિશને ૨ અને ૩ નવેમ્બરના રોજ બ્રેમ્પટન અને સરેમાં આવા બે કેમ્પ ઉપર ખાલિસ્તાની ટોળાં દ્વારા હુમલા કર્યા પછી કેટલાક આયોજિત કોન્સ્યુલર કેમ્પને રદ કરવાનો નિર્ણય લીધાના દિવસો બાદ આ તાજેતરનું પગલું આવ્યું છે. નિવેદનમાં ઉમેરવામાં આવ્યું હતું કે, 'કોન્સ્યુલેટ ગ્રેટર ટોરોન્ટો વિસ્તારમાં સમુદાયના લગભગ ૪,૦૦૦ વૃદ્ધ સભ્યો- ભારતીય અને કેનેડિયન બંને નાગરિકો-જેઓ આવશ્યક કોન્સ્યુલર સેવાથી વંચિત છે તેમને પડતી મુશ્કેલીઓ પ્રત્યે સંપૂર્ણ સંવેદનશીલ છે,'. ૨ નવેમ્બરના રોજ, ખાલિસ્તાની ટોળાએ બ્રામ્પટનમાં હિન્દુ સભા મંદિરના પરિસરમાં પ્રવેશ કર્યો અને ત્યાંના ભક્તો ઉપર હુમલો કર્યો. મંદિર કોન્સ્યુલર કેમ્પનું આયોજન કરતું હતું અને ઓન્ટારિયો પ્રાંતની પીલ પોલીસ ખાલિસ્તાની હુમલાખોરો સામે રક્ષણ અને કાર્યવાહી કરવામાં નિષ્ફળ રહી હતી. પ્રતિબંધિત ખાલિસ્તાની તરફી જૂથ શીખ્સ ફોર જસ્ટિસજણાવ્યું હતું કે તેના સમર્થકો ભારતીય કોન્સ્યુલર અધિકારીઓની હાજરીનો વિરોધ કરી રહ્યા હતા જેઓ વહીવટી સેવાઓમાં મદદ કરવા આવ્યા હતા. ભારતીય હાઈ કમિશન કેનેડિયન-ભારતીયને આવશ્યક સેવાઓ પૂરી પાડતું હતું જેને ભારત વિરોધી શક્તિઓ દ્વારા નિશાન બનાવવામાં આવી હતી. બ્રામ્પટનમાં ભારતીય-કેનેડિયન સમુદાય ઉપરના હુમલાઓ બાદ, વિદેશ મંત્રાલય (MEA)એ જણાવ્યું હતું કે સુરક્ષાની ચિંતાઓને કારણે કોન્સ્યુલર સેવાઓને આંચકો લાગ્યો છે, એવી આશા વ્યક્ત કરી કે અન્ય શહેરોમાં શિબિરો ચાલુ રહેશે. કેનેડાના વડા પ્રધાન જસ્ટિન ટ્રુડોએ ગયા સપ્ટેમ્બરમાં ખાલિસ્તાની આતંકવાદીહરદીપ સિંગ નિજ્જરની હત્યાના કાવતરામાં ભારતીય એજન્ટો સામેલ હોવાના આક્ષેપ કર્યા પછી ભારત અને કેનેડા વચ્ચેના રાજદ્વારી સંબંધો ઝડપથી બગડ્યા છે ભારતે આ આરોપોને સખત રીતે રદિયો આપ્યો હતો અને ટ્રુડો વહીવટીતંત્ર ઉપર પ્રહારો કર્યા હતા, તેના ઉપર તુષ્ટિકરણની રાજનીતિમાં સામેલ હોવાનો અને ભારત-કેનેડા દ્વિપક્ષીય સંબંધોમાં તણાવનો આરોપ મૂક્યો હતો.

# રાજકોટ-અમદાવાદ હાઈવે ઉપર ૨૦૦ કિમીમાં ચાર ટોલનાકા બનશે

અમદાવાદ, તા.૨૫ રાજકોટ-અમદાવાદ હાઈવે ઉપર આવેલા બંને ટોલનાકા કાઢી નાંખવામાં આવશે અને આશરે ૨૦૧ કિલોમીટરના હાઈવે ઉપર નવી જગ્યાએ ચાર નવા ટોલનાકા બનાવવામાં આવશે. સમગ્ર મામલે નાણાપંચને રોડ અને મકાન ખાતા દ્વારા દરખાસ્ત મોકલવામાં આવી છે. અમદાવાદ-રાજકોટ હાઈવેને ૩૩૫૦ કરોડ રૂપિયાથી વધુ ખર્ચે સિક્સલેન બનાવાયો હતો. જેમાં બામણબોર અને બગોદરા ઉપર આવેલા ટોલનાકાની જગ્યાએ હવે ચાર ટોલનાકા બનાવાશે. જેમાંથી ત્રણનું તો બેઝિક સ્ટ્રક્ચર ઊભું કરી દેવાયું છે, ત્યારે ૧ એપ્રિલ, ૨૦૨૫થી ચારેય ટોલનાકા ઉપર ટેક્સ વસૂલવામાં આવશે. આ સાથે કારને ફ્રી મુસાફરી બંધ થવાની શક્યતા છે. તમામ ચાર નવાં ટોલનાકાંનું બાંધકામ આખરી તબક્કામાં છે. આ અંગે રોડ અને મકાન ખાતાએ રાજ્યના નાણાપંચને દરખાસ્ત મોકલી આપી છે. આ હાઈવે ઉપર હાલ બગોદરા અને બામણબોર એમ બે જગ્યાએ ટોલનાકાં આવે છે. તેની જગ્યાએ હવે ચાર નવી જગ્યાએ ટોલ ઉઘરાવવામાં આવશે. ચાર ટોલનાકાંમાંથી ત્રણ ટોલનાકાંનું બેઝિક સ્ટ્રક્ચર ઊભું કરી દેવામાં આવ્યું છે. આગામી તારીખ ૧, એપ્રિલ, ૨૦૨૫થી ૪ ટોલનાકાં ઉપર ટોલ ટેક્સ લેવામાં આવી શકે છે. આ હાઈવે ઉપર હાલ ૨ ટોલનાકાં ઉપર જેટલો ટોલ આપવો પડે છે તેમાં હવે ૪ ટોલનાકાં બનતા વાહનચાલકો ઉપર ટોલનો કુલ ખર્ચ વધશે એ નક્કી છે. પણ આખી જર્નીમાં કુલ કેટલો ટેક્સ વધશે એ નવા ભાવ નક્કી થયા પછી કહી શકાય. રાજ્યના રોડ અને મકાન ખાતા દ્વારા નાણાપંચને દરખાસ્ત મોકલવામાં આવી છે, ત્યારે નવા ટોલનાકાને લઈને વિચારણ કર્યા બાદ નાણાપંચ કેન્દ્ર સરકારમાં મોકલવામાં આવશે.

**ચાર જગ્યાએ બનાવાશે ટોલનાકા**

- પહેલું ટોલનાકું : બાવળાથી ૧૨ કિલોમીટર દૂર ભાયલા ગામ પાસે
- બીજું ટોલનાકું : બગોદરા-લીંબડી વચ્ચે ટોકરાળા ગામ પાસે
- ત્રીજું ટોલનાકું : સાયલી-ચોટીલા વચ્ચે ઢેઢુંકી ગામ પાસે
- ચોથું ટોલનાકું : રાજકોટથી આઠ કિલોમીટર પહેલા માલિયાસણ ગામ પાસ

# પવનચક્કી નાખતા પહેલાં કેન્દ્ર સરકાર દ્વારા બહાર પડેલી ગાઈડલાઈનનો અમલ કરવામાં આવે : હાઈકોર્ટ




અમદાવાદ,તા.૨૫ ભાવનગર જિલ્લાના તળાજા તાલુકાના બે ગામોમાં શાળા અને રહેણાંક વિસ્તારોની ૫૦૦ મીટરની અંદર પવનચક્કી ઈન્સ્ટોલ કરવાની મંજૂરી આપતા સરકારી તંત્રના પગલાં સામે થયેલી જાહેર હિતની અરજી હાઈકોર્ટ નિકાલ કરતાં આદેશ કર્યો હતો કે સરકારે આ બાબતે કેન્દ્ર સરકારના નિયમોનું કડક રીતે પાલન કરવાનું રહેશે અને જો નિયમો અને ગાઇડલાઈનનો ભંગ થશે તો ગંભીતાપૂર્વક નોંધ લેવાશે. ભાવનગરના વિક્રમ ડાભીએ હાઈકોર્ટમાં જાહેર હિતની અરજી દાખલ કરી હતી. જેમાં અરજદારે જણાવ્યું હતું કે, ગુજરાત એનર્જી ડેવલપમેન્ટ એજન્સી દ્વારા કેન્દ્ર સરકારના ન્યુ એન્ડ રીન્યુએબલ એનર્જી મંત્રાલયની ગાઇડલાઈનનો ભંગ કરવામાં આવી રહ્યો છે. જે મુજબ રહેણાંક વિસ્તારની ૫૦૦ મીટરની ત્રીજ્યામાં વિંડ ટર્બાઈન નાખી શકાય નહિ. અરજદાર ભાવનગરના તળાજાના ડાકના ગામના રહેવાસી છે. જેઓ ભાવનગર જિલ્લા પંચાયતની પબ્લિક હેલ્થ કમિટીના સભ્ય છે. આ અરજી ચીફ જસ્ટિસ સુનિતા અગરવાલ અને જસ્ટિસ પ્રણવ ત્રિવેદીની બેન્ચ સમક્ષ ચાલી રહી છે. તળાજાના બે ગામો ખાનધેરા અને સરતાનપરમાં વિન્ડ ટર્બાઈન નાખવામાં આવ્યા છે, જે ગાઇડલાઈન વિરૂધ્ધ છેધ્ વિંડ ટર્બાઈનથી ધ્વનિ પ્રદૂષણ થાય છે. દરમ્યાન હાઈકોર્ટે બંને વિન્ડ ટર્બાઈનનો અવાજ નિયત માત્રાની અંદર હાઈકોર્ટે કલેકટર ઓફિસ GEDA અને GPCBની સંયુકત ટીમને પવનચક્કી દ્વારા થતું ધ્વનિ પ્રદૂષણ માપીને આંકડા કોર્ટ સમક્ષ મુકવા આદેશ કર્યો હતો. ચીફ જજ સુનિતા અગરવાલ અને જજ પ્રણવ ત્રિવેદીની બેન્ચ સમક્ષ એડવોકેટ જનરલે રિપોર્ટ રજૂ કર્યો હતો. રિપોર્ટ મુજબ બંને પવનચક્કી દ્વારા થતો અવાજ નિયમો મુજબ ઓછો જ છે. જેથી હાઈકોર્ટે આ જાહેર રીતની અરજીનો નિકાલ કર્યો હતો. જોકે, ઓથોરિટીને ટકોર કરી હતી કે પવનચક્કી નાખવાની સાઈડ નક્કી કરતા પહેલાં તેનું યોગ્ય નિરીક્ષણ કરવામાં આવે અને કેન્દ્ર સરકાર દ્વારા બહાર પડેલી ગાઈડલાઈનનો અમલ કરવામાં આવે.

# શીખો અંગેના જોક્સ ઉપર પ્રતિબંધ મૂકવાની અરજી ઉપર સુપ્રીમ કોર્ટ બે મહિના બાદ સુનાવણી કરશે

નવી દિલ્હી તા.૨૫ સુપ્રીમ કોર્ટ શીખ સમુદાયની મજાક ઉડાવતા જોક્સને લઈને દાખલ કરવામાં આવેલી પીઆઈએલ ઉપર સુનાવણી કરવા તૈયાર થઈ ગઈ છે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે આ ખૂબ જ ગંભીર અને સંવેદનશીલ મામલો છે, અમે તેની સુનાવણી કરીશું. કોર્ટે અરજદારને શીખ સંસ્થાઓ અને તજ્ઞો તરફથી સૂચનો રજૂ કરવા કહ્યું છે. ખરેખર સુપ્રીમ કોર્ટમાં એવી વેબસાઈટ્સ ઉપર પ્રતિબંધ મૂકવાની માંગ કરવામાં આવી છે જે સરદાર સમુદાયને ઓછી બુદ્ધિ ધરાવતા અને મૂર્ખ હોવાનું દર્શાવતી જોક્સ ફેલાવે છે. જસ્ટિસ બીઆર ગવઈ અને જસ્ટિસ કેવી વિશ્વનાથનની બેન્ચે સુનાવણી કરતા કહ્યું કે આ એક મહત્વપૂર્ણ મુદ્દો છે. અરજદાર અને વકીલ હરવિન્દર ચૌધરીએ કોર્ટ સમક્ષ સમુદાયના વ્યક્તિઓ ઉપર આ જોક્સની માનસિક અને સામાજિક અસર ઉપર પ્રકાશ પાડ્યો હતો. જે પછી જસ્ટિસ ગવઈએ કહ્યું કે અમે બે મહિના પછી તેની સુનાવણી કરીશું, આ એક મહત્વપૂર્ણ મુદ્દો છે.કોર્ટે કહ્યું છે કે, અમે જોઈશું કે શાળાઓમાં બાળકોને સંવેદનશીલ બનાવી શકાય છે કે કેમ. આ અરજીમાં કહેવામાં આવ્યું છે કે શીખ સમુદાયને મજાક દ્વારા નિશાન બનાવવામાં આવે છે. આ ખૂબ જ સંવેદનશીલ મામલો છે. સુનાવણી બાદ કોર્ટે હરવિન્દર ચૌધરીને શીખ ગુરૂદ્વારા પ્રબંધન સમિતિઓ, શીખ સભાઓ, તજ્ઞો પાસેથી સૂચનો માંગવા અને તેમને રજૂ કરવા ક

(અનુ.છઠ્ઠા પાને.)

# ભગવાન સોમનાથના સાંનિધ્યે રાજ્ય સરકારની ૧૧મી ચિંતન શિબિરનું સમાપન, શિબિરાર્થીઓને મુખ્યમંત્રીનું પ્રેરણાદાયી માર્ગદર્શન

## રાજ્યમાં જનહિતલક્ષી યોજનાઓના અસરકારક અમલ અને સ્કીમ સેચ્યુરેશન માટે AIનો ઉપયોગ કરવા ટાસ્ક ફોર્સની રચના કરાશે : મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

ગીર સોમનાથ તા. ૨૫

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્ય સરકારની ૧૧મી ચિંતન શિબિરનું સમાપન કરાવતા રાજ્યમાં ટેકનોલોજીના વ્યાપક ઉપયોગથી વહીવટી સુધારણા અને જનહિતકારી યોજનાઓના અમલમાં વધુ ગતિ તથા પારદર્શિતા લાવવા તથા સેચ્યુરેશન એપ્રોચ સાકાર કરવા છૈં ટાસ્ક ફોર્સની રચના કરવાની જાહેરાત કરી હતી. આ તકે મુખ્યમંત્રીશ્રીના હસ્તે ચિંતન શિબિરના કાયમી લોગોનું ડિજિટલ અનાવરણ પણ કરવામાં આવ્યું હતું. સોમનાથ મહાદેવના સાનિધ્યમાં યોજાયેલી ૧૧મી ચિંતન શિબિરના ત્રીજા અને અંતિમ દિવસે સમાપન સમારોહમાં મુખ્યમંત્રીશ્રીએ સ્પષ્ટપણે જણાવ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ટેકનોલોજીના ઉપયોગથી લોકકલ્યાણલક્ષી યોજનાઓના વ્યાપ વિસ્તારથી ૧૦૦ ટકા લાભાર્થી આવરી લઈ સેચ્યુરેશનના અભિગમ અપનાવવા કરેલા આહવાનને ગુજરાત છૈંના ઉપયોગથી સર્વગ્રાહી રીતે સાકાર કરવા પ્રતિબદ્ધ છે. તેમણે ચિંતન શિબિરના સમાપન સત્રમાં વરિષ્ઠ સચિવો, જિલ્લા કલેકટરો, વિકાસ અધિકારીઓને પ્રેરણા આપતાં કહ્યું કે, કુપોષણ, શિક્ષણ, આરોગ્ય, કૃષિ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને રોજગારી તથા જન ફરિયાદ નિવારણના ક્ષેત્રમાં છૈંનો ઉપયોગ સઘન બનાવવો છે. આ હેતુસર ઉચ્ચસ્તરીય ટાસ્ક ફોર્સ રચવામાં આવશે અને તેની ભલામણનો અહેવાલ એક મહિનામાં ટાસ્કફોર્સ આપે તેના આધાર પર છૈં અને ડેટા એનાલિસિસથી સસ્ટેઈનેબલ ડેવલપમેન્ટની રાજ્ય સરકારની નેમ છે.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, વડાપ્રધાનશ્રીની પ્રેરણા અને માર્ગદર્શનમાં ૨૦૦૩થી શરૂ થયેલી ચિંતન શિબિરની જ્વલંત સફળતાને પગલે અનેક એડમિનિસ્ટ્રેટિવ રિફોર્મ્સ આવ્યા છે. જેના પગલે ગુજરાત દેશનું મોડેલ સ્ટેટ તથા ગ્રોથ એન્જિન બન્યું છે. એટલું જ નહીં. આ શિબિરો ટેકનોલોજી ડ્રીવન ગવર્નન્સ માટે એક ટેક ઓફ પ્લેટફોર્મ બની છે. વિકાસ એ નિરંતર ચાલતી પ્રક્રિયા છે અને ખાસ કરીને સામૂહિક ચિંતન-મંથનથી જે ચર્ચા-વિમર્શ થાય તેના પરિણામે વિકાસને નવી દિશા મળે છે. મુખ્યમંત્રીશ્રીએ સ્પષ્ટપણે જણાવ્યું કે, ચૂંટાયેલા પદાધિકારીઓ અને અધિકારીઓ એક બનીને ટીમ તરીકે કામ કરીને ગુજરાતના વિકાસને આગળ ધપાવી રહ્યાં છે. સરકારી તંત્રએ એવી અસરકારક ભૂમિકા નિભાવવી જોઈએ કે, ખોટું કરનારાના મનમાં તંત્રની બીક રહે. તેમણે એમ પણ ઉમેર્યું કે, બોનાફાઈડ ઈન્ટેન્શનથી થયેલી ભૂલો ચલાવી શકાય પરંતુ માલાફાઈડ ઈન્ટેન્શનને કોઈ કાળે ચલાવી લેવાશે નહીં.

મુખ્યમંત્રીશ્રીએ કર્મયોગના છ સિદ્ધાંતોને જીવનમાં ઉતારીને કર્મચારીમાંથી કર્મયોગી બનીને કામ કરવાની પ્રેરણા આપતા કહ્યું કે, આ સિદ્ધાંતો એકબીજા સાથે પરસ્પર એવા જોડાયેલા છે કે, કોઈ એક સિદ્ધાંતને જો વ્યક્તિગત જીવનમાં ઉતારીએ તો તેની અસર સમગ્રતયાં વ્યક્તિત્વ અને કતૃત્વ પર પ્રભાવશાળી રીતે પડે જ.

ભૂપેન્દ્ર પટેલે કોઈપણ પ્રકારની નકારાત્મકતા સામે સકારાત્મક અભિગમ અપનાવવાની પ્રેરણા આપતા કહ્યું કે, સરકાર ખૂબ મહત્વપૂર્ણ ઉપયોગી પ્રજાલક્ષી કામગીરી કરતી જ હોય છે ત્યારે તેની જાણકારી લોકોને સમયસર મળતી રહે અને સોશિયલ મીડિયાના સમયમાં કોઈપણ માહિતી ઝડપથી ફેલાય છે ત્યારે, ખોટી વાતોની સામે સકારાત્મક અને સાચી વાતો લોકો સુધી ત્વરાથી પહોંચે તેવું દાયિત્વ આપણે સૌએ નિભાવવાનું છે. સમાજમાં અનેક પ્રકારની ઘટનાઓ બનતી હોય છે ત્યારે, કોઈપણ ઘટના બની ગયા પછી તેને તાત્કાલિક સુધારવા અને ભવિષ્યમાં એવી કોઈ ભૂલ ના થાય એ માટેનો અભિગમ કેળવીને કામ કરવા મુખ્યમંત્રીશ્રીએ પ્રેરણા આપી હતી.

આ ત્રિ-દિવસીય ચિંતન શિબિરમાં જે જૂથચર્ચા સત્રો યોજાયા હતાં તેમાં રોજગારીની તકો ઊભી કરવા, ગ્રામ્ય વિસ્તારમાં આવકમાં વધારો કરવા, સરકારી સેવાઓમાં સંતૃપ્તિ, પ્રવાસનના વિકાસમાં જિલ્લા અને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં યોગદાન જેવા ચાર મહત્વપૂર્ણ મુદ્દાઓ પર ચિંતન થયું છે, તેની ભલામણોને જિલ્લા સ્તરે ઝડપથી અમલમાં મુકવા મુખ્યમંત્રીએ પ્રેરક સૂચન કર્યું હતું.

તેમણે આ સંદર્ભમાં ઉમેર્યું કે, દરેક જિલ્લા કલેક્ટરો, વિકાસ અધિકારીઓ પોતાના જિલ્લામાં આ ભલામણોમાંથી ત્રણ પ્રોજેક્ટ નક્કી કરીને તેના પર ઝડપથી કાર્યવાહી કરે અને સમયાંતરે તેની પ્રગતિની સમિક્ષા પણ કરતા રહે. વિકાસલક્ષી કોઈપણ કામગીરીમાં પર્યાવરણને ધ્યાનમાં રાખીને જ આગળ વધવા મુખ્યમંત્રીશ્રીએ ખાસ ભાર મુકયો હતો.

# વર્ષ:૨૦૧૯થી ૨૦૨૪ દરમ્યાન ગીર સોમનાથમાં ઉત્કૃષ્ટ સેવાઓ અંગેના 'કર્મયોગી પુરસ્કાર'થી સનદી અધિકારીઓનું સન્માન કરતા મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ

## જિલ્લા કલેક્ટરશ્રીઓ અને જિલ્લા વિકાસ અધિકારીઓ સહિત ૨૦ અધિકારીઓને પુરસ્કારથી સન્માનિત કરાયા

ગીર સોમનાથ તા.૨૫

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે પ્રથમ જ્યોતિર્લિંગ એવા સોમનાથ મહાદેવના સાનિધ્યમાં યોજાયેલ ત્રિ-દિવસીય ૧૧મી ચિંતન શિબિરના આખરી દિવસે વર્ષ:૨૦૧૯થી ૨૦૨૪ દરમિયાન ઉત્કૃષ્ટ પ્રશાસનિક સેવાઓ બજાવનાર ૨૦ જેટલા સનદી અધિકારીઓનું "કર્મયોગી પુરસ્કાર"થી સન્માન કર્યું હતું.

વહીવટમાં આધુનિક ઉપકરણોનો ઉપયોગ, નવીનતમ યોજનાઓ-કાર્યક્રમ અને અન્ય માપદંડોને ધ્યાનમાં રાખીને સીએમ ડેશબોર્ડ અંતર્ગત આવરી લેવાયેલ KPI (Key Performance Indicator)ના આધારે વહીવટમાં ગતિશીલતા લાવવા અને અધિકારોનું સારી કામગીરી માટે પ્રોત્સાહિત કરવાના હેતુથી વર્ષ ૨૦૦૫થી જિલ્લા કલેક્ટરશ્રી/ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓને કર્મયોગી પુરસ્કાર આપવાની યોજના રાજ્ય સરકાર દ્વારા અમલીકૃત છે. આ યોજના અંતર્ગત કલેક્ટરશ્રી/જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ જે-તે નાણાકિય વર્ષ દરમિયાન એક જ જિલ્લામાં છ માસથી વધુ સમય માટે સેવા/ ફરજ બજાવી હોય તેને ધ્યાનમાં લેવામાં આવે છે.

આ યોજનામા શ્રેષ્ઠ જિલ્લા કલેક્ટરશ્રી/ શ્રેષ્ઠ જિલ્લા વિકાસ અધિકારીશ્રી માટે કુલ ૧૦૦ ગુણમાંથી વિભાગો તથા મુખ્ય સચિવશ્રી તેઓની કામગીરીનાં મૂલ્યાંકનનાં આધારે રાજ્ય સરકારને ભલામણ કરે છે, જેના આધારે આ પુરસ્કારો એનાયત કરવામાં આવે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, આ યોજના અંતર્ગત ૧૫ લાખથી વધુ વસ્તી અને મ્યુનિસિપલ કોર્પોરેશનનો વિસ્તાર ધરાવતા જિલ્લા અને ૧૫ લાખ સુધીની વસ્તી ધરાવતા જિલ્લા એમ કુલ બે કેટેગરી માટે પુરસ્કાર આપવામાં આવે છે.

# પ્રસાર ભારતીના ચેરમેન શ્રી નવનીત સેહગલ અને કેન્દ્ર સરકારના ડિજિટલ પ્લેટફોર્મ Mygov ના ડિરેક્ટર ઉપેન્દ્ર ઉપાધ્યાયે ચિંતન શિબિરના સહભાગીઓને મીડિયા મેનેજમેન્ટ અંગે માર્ગદર્શન આપ્યું

## સરકારની જનકલ્યાણકારી યોજનાઓ જન જન સુધી પહોંચાડવામાં મીડિયાની ભૂમિકા અગત્યની : નવનીત સેહગલ

ગીર સોમનાથ તા. ૨૫

ચિંતન શિબિરના અંતિમ દિવસે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં રાજ્ય સરકારની પ્રજાકલ્યાણલક્ષી યોજનાઓ સામાન્ય જનસમૂહ સુધી માધ્યમો દ્વારા પહોંચાડવા અને મીડિયા મેનેજમેન્ટ અંગે ચર્ચાસત્ર યોજાયું હતું. પ્રસાર ભારતીના ચેરમેન શ્રી નવનીત સેહગલ અને કેન્દ્ર સરકારનાં ડિજિટલ પ્લેટફોર્મ સ્અર્ષ્ટ્રદ્દના ડિરેક્ટર શ્રી ઉપેન્દ્ર ઉપાધ્યાયે ચિંતન શિબિરના સહભાગીઓને મીડિયાની કાર્યશૈલી અંગે ઉપયોગી માર્ગદર્શન આપ્યું હતું.

પ્રસાર ભારતીના ચેરમેન શ્રી નવનીત સેહગલે જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર દ્વારા થતી સકારાત્મક પ્રવૃત્તિઓ અને જનકલ્યાણકારી યોજનાઓને છેવાડાના માનવી સુધી પહોંચાડવા માટે પ્રિન્ટ, ઈલેક્ટ્રોનિક તેમજ સોશિયલ મીડિયાની ભૂમિકા ખૂબ અગત્યની છે.

આ તકે તેમણે પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશનના માધ્યમથી ચિંતન શિબિરના સહભાગીઓને કેટલીક ઉત્તામ અનુકરણિય ઉદાહરણો પણ આપ્યા હતા. તેમણે એ.આઈ ટેકનોલોજીના ઉપયોગ પર ભાર આપી સહભાગીઓને માધ્યમો સાથે કેવી રીતે સંવાદિતા સાધવી તે માટે માર્ગદર્શન આપ્યું હતું.

કેન્દ્ર સરકારનાં સ્અર્ષ્ટ્રદ્દ પ્લેટફોર્મના ડિરેક્ટર શ્રી ઉપેન્દ્ર ઉપાધ્યાયે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દિશાનિર્દેશથી શરૂ થયેલ સ્અર્ષ્ટ્રદ્દ એપ પ્લેટફોર્મ સોશિયલ મીડિયાના સકારાત્મક ઉપયોગનું આદર્શ ઉદાહરણ છે. શ્રી ઉપાધ્યાયે સહભાગીઓને સોશિયલ મીડિયાના વિવિધ અને યોગ્ય પ્લેટફોર્મ દ્વારા દ્વારા સરકારની જન કલ્યાણકારી નીતિઓ અને યોજનાઓને પંક્તિની અંતિમ હરોળના વ્યક્તિ સુધી કેવી રીતે લઈ જવી તેનું માર્ગદર્શન પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશનના માધ્યમથી આપી વિવિધ ટેકનોલોજી અને ટૂલ્સ દ્વારા સોશિયલ મીડિયાના સકારાત્મક ઉપયોગ અંગે માર્ગદર્શન આપ્યું હતું.

આ સત્રમાં મંત્રીમંડળના મંત્રીશ્રીઓ, રાજયના મુખ્ય સચિવશ્રી, સહિત ઉચ્ચ અધિકારીશ્રીઓ અને ચિંતન શિબિરના સહભાગીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

# અદાણી ગ્રુપના CFO એ રજૂ કર્યો પોતાનો પક્ષ

# આ ફક્ત આરોપ, અભ્યાસ બાદ અમે જવાબ આપીશું

## અદાણી ગ્રુપના સીએફઓ જુગેશિન્દર સિંહે એક્સ પર એક પોસ્ટ દ્વારા પોતાની સ્પષ્ટતા રજૂ કરી છે

નવી દિલ્હી, તા.૨૫

હિંડનબર્ગ રિપોર્ટ, અમેરિકામાં કેસ અને સેબી...આ બધાને જોતા એવું લાગી રહ્યું છે કે અદાણી ગ્રુપની મુશ્કેલીઓ ઘટવાનું નામ લેતી થી. અમેરિકાની એક કોર્ટે અદાણી ગ્રુપ પર ગંભીર આરોપ લગાવ્યો છે. આ આરોપો બાદ ભારતમાં શેર બજારને રેગ્યુલેટ કરતી સેબી (SEBI) અદાણી ગ્રુપની કંપનીઓ વિરુદ્ધ તપાસ શરૂ કરી શકે છે. આ બધા વચ્ચે અદાણી ગ્રુપના CFO જુગેશિન્દર સિંહે એક્સ પર એક પોસ્ટ દ્વારા પોતાની સ્પષ્ટતા રજૂ કરી છે. તેમણે લખ્યું કે અદાણી ગ્રુપની કોઈ કંપની પર સીધા આરોપ નથી. કેસની તપાસ ચાલુ છે અને ગ્રુપ તરફથી તેના પર અધિકૃત પ્રતિક્રિયા યોગ્ય સમયે આપવામાં આવશે.

CFO જુગેશિન્દર સિંહ તરફથી પોતાની પોસ્ટમાં લખવામાં આવ્યું છે કે છેલ્લા બે દિવસમાં તમે લોકોએ અદાણી ગ્રુપ સંલગ્ન અનેક સમાચારો સાંભળ્યા હશે. આ મામલો ખાસ કરીને Adani Green ના એક કોન્ટ્રાક્ટ સાથે જોડાયેલો છે. આ અદાણી ગ્રીનના કુલ બિઝનેસનો માત્ર ૧૦ ટકા છે. સિંહે લખ્યું કે આ મામલે વિસ્તૃત અને સટીક જાણકારી એક યોગ્ય પ્લેટફોર્મ પર શેર કરાશે. અમને આ અંગે માત્ર બે દિવસ પહેલા જ ખબર પડી કે કઈક ગડબડ છે. જો કે અમને તે અંગે પહેલેથી કઈક શક હતો અને અમે ફેબ્રુઆરી ૨૦૨૪માં જે દસ્તાવેજો બહાર પાડ્યા હતા તેના વિશે પણ લખ્યું હતું. તે ૩૧ માર્ચ ૨૦૨૩ના રોજ અમારા વાર્ષિક રિપોર્ટ બાદ અમારી કોઈ પણ કંપની કે તેના સહયોગીઓ તરફથી પહેલીવાર સાર્વજનિક રીતે બહાર પાડવામાં આવેલા દસ્તાવેજ હતા.

અદાણી ગ્રુપની ૧૧ સાર્વજનિક કંપનીઓમાંથી કોઈ પણ હાલમાં DOJ (ડિપાર્ટમેન્ટ ઓફ જસ્ટિસ) ના legal filingsમાં "defendant" નથી. CFO એ પણ સ્પષ્ટ કર્યું કે કોઈ પણ કંપની કે તેની સહાયક કંપનીઓ પર કોઈ પ્રકારના ખોટા કામનો આરોપ નથી. CFO એ કહ્યું કે અનેક રિપોર્ટ્સ અને ખબરો બીજા કેસ સાથે જોડાઈને સમાચાર બની રહ્યા છે. તેમણે અપીલ કરી કે આ કેસ પર ગ્રુપ તરફથી વિસ્તૃત પ્રતિક્રિયા યોગ્ય સમયે આપવામાં આવશે. CFO જુગેશિન્દર સિંહે જણાવ્યું કે DOJ ના વકીલો મુજબ આ ફક્ત આરોપ છે. કાનૂની ભાષામાં આરોપીને નિર્દોષ ગણવામાં આવે છે. અદાણી ગ્રુપ આ સમગ્ર મામલાનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરી રહ્યું છે. કાનૂની સલાહ બાદ જ સાર્વજનિક રીતે કોઈ પણ પ્રકારની ટિપ્પણી કરવામાં આવશે. CFO એ એમ પણ કહ્યું કે ગ્રુપ સંપૂર્ણ પારદર્શકતા સાથે વિસ્તૃત જવાબ આપશે.

# સુનીતા વિલિયમ્સ પર ખતરો !

# રશિયન મોડ્યૂલમાં લીકેજના કારણે સ્પેસ સ્ટેશનનું સંતુલન બગડ્યું

## સ્પેસ સ્ટેશનના રશિયન મોડ્યૂલ PrKમાં લીકેજ થઈ રહ્યું છે




વોશિંગ્ટન, તા.૨૫

અમેરિકાની સ્પેસ એજન્સી નાસા અને રશિયાની એજન્સી રોસકોસમોસના પ્રોજેક્ટ હેઠળના ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશનમાં લીકેજની સમસ્યામાં વધારો થયો છે, જેના કારણે સુનીતા વિલિયમ્સ સહિત અન્ય અવકાશયાત્રીઓ પર સંકટ આવવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. સ્પેસ સ્ટેશનના રશિયન મોડ્યૂલ PrKમાં લીકેજ થઈ રહ્યું છે. સૌથી મોટી વાત એ છે કે, આ મોડ્યૂલ સાથે જ Zvezda સર્વિસ મોડ્યૂલ આવેલું છે અને તે સ્પેસ સ્ટેશનને જોડે છે.

આ લીકની સમસ્યા ૨૦૧૯માં સામે આવી હતી અને તે અંગે અમેરિકા-રશિયા બંને જાણે છે. તેનો નિવેડો લાવવા માટે અનેક પ્રયાસો કરવામાં આવ્યા હતા, જોકે તેમ છતાં હજુ સુધી આ સમસ્યા ઉકેલાઈ શકી નથી. તેના કારણે સ્પેસ સ્ટેશન પર અનેક વખત ખતરો આવ્યો હતો. જે સ્થળે લીકેજ થયું છે, તેને સીલ પણ કરવામાં આવ્યું હતું, જોકે તેમ છતાં કોઈ ફાયદો થયો નથી. શરૂઆતમાં લીકેજમાંથી ઓછી હવા નીકળી હતી, હવે હવા નીકવામાં વધારો થયો છે, જેના કારણે મોટું સંકટ સર્જાવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. આ ગંભીર સમસ્યા ઉકેલવા માટે અમેરિકા અને રશિયા પણ વિવાદ કરી રહ્યા છે. લીકેજના સંકટને લઈને અમેરિકા અને રશિયા વચ્ચે વિવાદ ચાલી રહ્યો છે. જો આ સમસ્યાનો વહેલીતકે નિવેડો નહીં લાવવામાં આવે તો સ્પેસ સ્ટેશનમાં હાજર અવકાશયાત્રી સુનીતા વિલિયમ્સ અને અન્ય લોકો પર મુસીબત આવી શકે છે. નાસાએ તાજેતરમાં જ લીક અંગે રિપોર્ટ આપ્યો હતો, જેમાં જણાવાયું હતું કે, 'લીકેજના કારણે સ્પેસ સ્ટેશન વર્ષ ૨૦૩૦ સુધીમાં કામ કરવાનું બંધ કરી દેશે. ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન એડવાઈઝરી કમિટીના પ્રમુખ બૉબ કબાનાએ કહ્યું કે, આ લીકના કારણે સ્પેસ સ્ટેશન પર મોટું સંકટ આવી શકે છે.

નાસાએ કહ્યું કે, 'લીકેજમાંથી દૈનિક ૦.૯થી ૧.૧ કિલોગ્રામ હવા નીકળી રહી છે, જેના કારણે સ્પેસ સ્ટેશનનું સંતુલન બગડી રહ્યું છે. આ વર્ષે એપ્રિલથી લીકેજમાંથી દૈનિક ૧.૭ કિલોગ્રામ હવા નીકળવાની શરૂ થઈ છે. જો તેને રિપેર કરવામાં નહીં આવે તો હવાની ગતી વધી શકે છે. નાસાએ અવકાશયાત્રીઓને ધરતી પર લાવવા માટે જૅક્ટ્ઠીઠના ક્રૂ ડ્રૅગન કેપ્સૂલમાં એક્સ્ટ્રા પેલેટ સીટ લગાવવાનો પ્લાન બનાવ્યો છે. નાસાના અવકાશયાત્રી માઈકલ બેરેટનું કહેવું છે કે, સ્પેસ સ્ટેશન ઘણું જૂનું થઈ ગયું છે. હવે સ્ટેશનના જુદા જુદા ભાગમાં તિરાડો પણ પડી શકે છે, તેમાં વિસ્ફોટ પણ થઈ શકે છે. સ્ટેશનનો વર્ષ ૨૦૩૦ સુધી ઉપયોગ કરવા માટેના પ્રયાસો થઈ રહ્યા છે, ત્યારબાદ તે ધરતીના વાયુમંડળમાં સળગીને નીચે પડી જશે.

# અમેરિકાની સંસ્થાએ કરી જાહેરાત

# વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મળશે વિશ્વ શાંતિ પુરસ્કાર



વોશિંગ્ટન,તા.૨૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદીને વિશ્વ શાંતિ પુરસ્કાર આપવાની જાહેરાત કરવામાં આવી છે. આ એવોર્ડ તેમને અમેરિકામાં આપવામાં આવશે. ઈન્ડિયન અમેરિકન માઈનોરિટીઝ એસોસિએશન (AIAM) એ મેરીલેન્ડના સ્લિગો સેવન્થ ડે એડવેન્ટિસ્ટ ચર્ચ દ્વારા આ જાહેરાત કરી છે. તે એક એનજીઓ છે.

આ પગલું ભરવાનો હેતુ અમેરિકામાં ભારતીય લઘુમતી સમુદાયના લોકોને તેમના કલ્યાણને પ્રોત્સાહન આપવા માટે એક થવાનો છે. આ એવોર્ડ પીએમ મોદીને વિશ્વ શાંતિ અને સમાજને એક કરવા માટેના પ્રયાસો માટે આપવામાં આવશે. આ કાર્યક્રમ દરમિયાન પીએમ મોદીને લઘુમતીઓના ઉત્થાન માટે વોશિંગ્ટનમાં માર્ટિન લ્યુથર કિંગ જુનિયર ગ્લોબલ પીસ એવોર્ડથી સન્માનિત કરવામાં આવશે.

આ એવોર્ડ વોશિંગ્ટન એડવેન્ટિસ્ટ યુનિવર્સિટી અને AIAM દ્વારા સંયુક્ત રીતે આપવામાં આવશે. જેનો ઉદ્દેશ્ય લઘુમતીઓના કલ્યાણની સાથે તેમના સમાવેશી વિકાસનો છે. જાણીતા સેવાભાવી જસદીપ સિંહને AIMના સ્થાપક અને અધ્યક્ષ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

લઘુમતી સમુદાયને પ્રોત્સાહિત કરવા માટે તેમાં ૭ સભ્યોનું બોર્ડ ઓફ ડિરેક્ટર્સ પણ છે. તેમાં બલજિન્દર સિંઘ, ડૉ. સુખપાલ ધનોઆ (શીખ), પવન બેઝવાડા અને એલિશા પુલિવર્તી (ખ્રિસ્તી), દીપક ઠક્કર (હિંદુ), જુનેદ કાઝી (મુસ્લિમ) અને ભારતીય વણકર નિસિમ રિવબેન શાલનો સમાવેશ થાય છે. આ સંગઠન પીએમ મોદીના નેતૃત્વમાં ૨૦૪૭ સુધીમાં ભારતને વિકસિત બનાવવાના સંકલ્પોથી પ્રભાવિત છે. જસદીપ સિંહે કહ્યું કે પીએમ મોદીના નેતૃત્વમાં ભારત તમામ પ્રકારનો સમાવેશી વિકાસ કરી રહ્યું છે. જેમાં તમામ ધર્મના લોકોને સમાન તક મળી રહી છે. દરમિયાન, ભારતીય લઘુમતી મહાસંઘના સંયોજક અને સંસદ સભ્ય સતનામ સિંહ સંધુએ પીએમ મોદીની પારદર્શિતાની પ્રશંસા કરી છે. તેમણે કહ્યું કે સબકા સાથ, સબકા વિકાસ અને સબકા વિશ્વાસની ભાવનાએ સમુદાયોમાં એકતા વધારવાનું કામ કર્યું છે.

# પૂર્વ ક્રિકેટર નવજોતસિંહ સિદ્ધૂની પત્નીએ કેન્સરને આપી માત

નવી દિલ્હી, તા.૨૫


લાંબા સમય સુધી કપિલ શર્મા શોનો હિસ્સો રહેલા પૂર્વ ક્રિકેટર નવજોત સિંહ સિદ્ધુ હાલમાં એક પ્રેસ કોન્ફરન્સને લઈને ચર્ચામાં છે. આ પ્રેસ કોન્ફરન્સમાં તેમણે જણાવ્યું કે કેવી રીતે તેમની પત્નીએ ૪ સ્ટેજના કેન્સરને માત આપી છે અને હવે તે સંપૂર્ણપણે કેન્સર મુક્ત છે. જો કે તેમની આ સફર માનીએ તેટલી બિલકુલ સરળ ન હતી. આ સમય દરમિયાન ડોક્ટરોએ હાર માની હાથ અધ્ધર કરી લીધા હતા, પરંતુ નવજોત સિંધુની પત્ની પોતાની લાઈફ સ્ટાઈલ અને ડાયટ પ્લાનમાં ફેરફાર કરીને ૪૦ દિવસમાં કેન્સરને માત આપી નવુ જીવન શરુ કર્યુ છે. પ્રેસ કોન્ફરન્સમાં વાત કરતા સિદ્ધુએ જણાવ્યું કે, તેમની પત્નીની ૪૦ ટકા સારવાર સરકારી હોસ્પિટલમાં થઈ હતી,એ પછી યમુનાનગરમાં થઈ છે. ડૉક્ટરે કહ્યું હતું કે,"સિદ્ધુ સાહેબ ૫% પણ બચવાનો ચાન્સ નથી. 'મેટાસ્ટેસિસ' ચામડી સુધી આવી ગયો છે. ત્યાર બાદ અમેરિકાથી આવેલા મારા મિત્રના દીકરાએ પણ હાથ અધ્ધર કરી દીધા હતા. જો કે, આ દરમિયાન મેં ખૂબ જ અભ્યાસ કર્યો અને તેના વિશે રિસર્ચ કર્યું હતુ." હું દિવસમાં રોજના ચારથી પાંચ કલાક અમેરિકન ડૉક્ટરો અને આયુર્વેદ વિશે વાંચતો હતો. અને જ્યારે મને સમય મળતો ત્યારે મેં જે વાંચ્યું હોય તેના પર કામ કરતો. અને તેમાં મારી દિકરીએ સાથે એક ચોક્કસ પ્રકારનો ડાયટ પ્લાન બનાવ્યો હતો.

નવજોત સિંહ સિદ્ધુએ જણાવ્યું કે, "મારી પત્નીના ડાયટ પ્લાનમાંથી લોટ, દૂધની બનાવટો, સમોસા જલેબી, રોટલી, રિફાઈન્ડ તેલ બિલકુલ કાઢી નાખ્યું હતું અને તેના બદલે કેન્સરથી બચવા માટે ખાવાના સમયમાં અંતર રાખતાં હતાં, મીઠાઈઓ બિલકુલ નહોતા આપતાં. કાર્બોહાઈડ્રેટ ન ખાઈએ તો કેન્સરના કોષો આપો આપ મરી જાય છે. અને સાંજે ૬ થી ૬.૩૦ વાગ્યાની વચ્ચે રાત્રિભોજન કરાવતા હતા અને સવારે ૧૦ વાગ્યે લીંબુ પાણી પાણી આપીને બીજા દિવસની શરુઆત કરતાં હતાં."

આ ઉપરાંત તેઓ તેની સાથે કાચી હળદર, એક લસણ અને સફરજનની ચીપ્સ આપતા હતા. તેની સાથે સાથે પછી લીમડાના પાન, આમળા, બેરી જેવી ૧૦-૧૨ ખાટી વસ્તુઓની મદદ લેતા હતા. આ સિવાય અમે નવજોત કૌરના આહારમાં શું શું ઉમેર્યું તેના વિશે વાત કરી હતી. એટલું જ નહીં, સિદ્ધુએ પણ આ ડાયટ પ્લાન અપનાવ્યો હતો. જેનાથી તેની ફેટી લિવરની સમસ્યા દૂર થઈ અને તેમણે ૨૫ કિલો વજન પણ ઘટાડ્યું છે.

# ટોરેન્ટ ગ્રુપના યુ.એન.એફ. ફાઉન્ડેશન આયોજિત અભિવ્યક્તિની છઠ્ઠી આવૃત્તિએ રવિવારે દર્શકોને આનંદદાયક અનુભવ કરાવ્યો

## કર્ણાટિક સંગીત, પપેટ, બેલે અને સંગીતમય નાટ્ય પ્રસ્તુતિ સાથે કલા પ્રદર્શનની વિવિધ શ્રેણી દર્શકો માટે યાદગાર અનુભવ બની રહી





(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ તા.૨૫

ટોરેન્ટ ગ્રૂપના મહેતા પરિવાર પ્રેરિત યુ.એન.એમ. ફાઉન્ડેશનની પહેલ એવા અભિવ્યક્તિ- ધ સિટી આર્ટસ પ્રોજેક્ટની છઠ્ઠી આવૃત્તિના મંચ ઉપર પપેટથી લઈને બેલે ડાન્સ સુધીની વિવિધ કલા શૈલીઓન અદ્દભૂત પ્રસ્તૃતિએ દર્શકો માટે રવિવારની સાંજ યાદગાર બનાવી. નીલકાંતન આઈ ક્રિષ્નન દ્વારા એક મનમોહક કર્ણાટક સંગીતમય પ્રસ્તૃતિ રજુ કરવામાં આવી. "સ્વયમઃ ધ વોઈસ વિધિન" નામની તેમની પ્રસ્તુતિમાં પરંપરાગત ભારતીય સંગીત અને સમકાલીન પશ્ચિમી શૈલીઓના અનોખા સંમન્વયના માધ્યમથી વિષ્ણુના દસ અવતારોની વાર્તા રજુ કરવામાં આવી. પ્રત્યેક ગીત સત-યુગના પ્રાચીન ધ્વનિથી લઈને કૃષ્ણના આધુનિક યુગ સુધીના અવતારનો સારને ઝીલે છે. આ રચનાઓમાં શાસ્ત્રીય રાગો, લયબદ્ધ અક્ષરો અને પશ્ચિમી વાદ્યો સહિત સંગીતના વિવિધ તત્વનો સમાવેશ કરવામાં આવ્યો હતો, જેની મદદથી એક સમૃદ્ધ અને અભિનવ ધ્વનીનું પરિદ્રશ્ય તૈયર કરવામાં આવે છે. આ પ્રસ્તૃતિ સુપ્રસિદ્ધ સાહિત્યકારો દ્વારા લખવામાં આવેલા ગીતો, વિષ્ણુ અવતાર સાથે સંકળાયેલી શક્તિ, નમ્રતા, જ્ઞાન અને કરુણાના વિષયો ઉપર આધારિત હતી. દિપક અને ભૂમિતિ પ્રજાપતિ નીઓ કલાસિકલ બેલે અને સમકાલીન નૃત્ય પ્રસ્તૃત કર્યુ. દીપક એક બેલે ડાન્સર છે, જ્યારે ભૂમિતિ એક કથક નૃત્યાંગના છે. તમણે સંવેદના વિચ્છેદન અને નવીકરણ ઉપર આધારિત "પંચતત્વ- ધ સિમ્ફની ઓફ સેન્સ" નામનું નાટક રજુ કર્યુ, તેમની ભાવપૂર્ણ પ્રસ્તૃતિમાં એક નાયકની સફરને દર્શાવવામાં આવી છે, જે દુનિયાથી અલગ પડી ગયો છે અને એક ગુરૂ તેમજ પ્રકૃતિના પંચ તત્વોની મદદથી પુનઃશોધના માર્ગ ઉપર આગળ વધે છે. આ આકર્ષક કૃતિ નૃત્ય અને પ્રતીકાત્મક્તાને એકબીજા સાથે જોડે છે, જે સંવેદનાત્મક પુનરૂત્થાન અને વિશ્વ સાથે પુનઃજોડાણનું માર્મિક ચિત્રણ પ્રસ્તૃત કરે છે. કથક નૃત્યાંગના કદમ પરીખે ગુજરાતના જાણીતા મધ્યયુગીન કવિ પ્રેમાનંદના 'આખ્યાન' ઉપર આધારિત પ્રસ્તૃતિ રજુ કરી હતી. તેમની પ્રસ્તૃતિ "કથક આખ્યાન- અભિમન્યુ પર્વ" માં જટિલ આંદલનો અને ભાવપૂર્ણ વાર્તા સાથે મહાકાવ્યાની ભાવાત્મક ઉંડાણ પ્રવેશ કરે છે, પ્રસ્તૃતિમાં મહાભારતના મહત્વના પાત્ર અભિમન્યુના ચરિત્રની ન કહેવાયેલ વાર્તાઓ રજુ કરવામાં આવી હતી. માત્ર ૧૬ વર્ષના ટુંકા આયુષ્યમાં અભિમન્યુ એક એવું પ્રસિદ્ધ પાત્ર બની શક્યો, કે જેને આજે યુગો બાદ પણ લોકો યાદ કરે છે. આરિફ મીરે પોતાની 'ગોલ ચશ્મા' નામની લોક- ફ્યુઝન પ્રસ્તૃતિ રજુ કરી. 'ગોલ ચશ્મા'માં મહાત્મા ગાંધીના ઉપદેશોમાંથી પ્રેરણા લઈને આજના વિશ્વમાં ગાંધીજીના ઉપદેશોની સાર્થકતા રજુ કરવામાં આવે છે. આરિફ મીરે સંગીતના માધ્યમથી માનવતાના પરસ્પર સબંધ ઉપર ભાર મુકીને એક અનોખો દ્રષ્ટિકોણ રજૂ કર્યો. આ પ્રસ્તૃતિમાં સંગીતના માધ્યમથી ગાંધીજીની નજરે દુનિયા દેખાડવા સાથે જીવના દરેક પાસમાં રહેલ સુંદરત અને સદભાવને સપાટી ઉપર લાવવામાં આવે છે. આ પ્રસ્તૃતિ લોકોને વધુ પરિપૂર્ણ અને અર્થપૂર્ણ જીવન તરફ દોરી જતા ગાંધીજીના ઉપદેશોને સ્વિકારવા અને જીવનમાં ઉતારવા માટે પ્રેરિત કરે છે. દેવલ વોરા અને આસિફ અજમેરીએ 'જોગીદાસ ખુમાણ - એક સંત બહારવટીયો' નામની પ્રસ્તૃતિ રજુ કરી, જેમાં ઈતિહાસના સુપ્રસિદ્ધ અને માનવતા સભર બહારવટિયાની દંતકથાઓને પુનઃજીવિત કરવામાં આવી હતી. ભાવનગરના રાજા સાથે જોગીદાસ ખુમાણની દુશ્મનાવટને આજે પણ આદર અને ઉદારતા સાથે યાદ કરવામાં આવે છે. આ પ્રસ્તૃતિમાં કાઠિયાવડની ધરતી ઉપર થઈ ગયેલ એક એવા સાચા નાયકની વાર્તા દર્શાવવામાં આવી હતી, જે ૨૫ વર્ષ સુધી પોતાના અધિકારો માટે લડ્યો અને સંતનું બિરુદ મેળવ્યુ. લોકકથાના સ્વરૂપમાં રજુ થયેલ આ વાર્તાને કલાકારોએ સંગીત, નૃત્ય અને ગીતો દ્વારા તેને જીવંત બનાવી હતી.કિરણ પંચાલે પોતાની ટીમ સાથે મળીને હાસ્ય અને સંગીતમય નાટક 'મઝીં મુશાયરા' રજુ કર્યુ, તેમણે પરંપરાગત કવિતા વાચનને રમુજ અને દર્શકોની આત્મસુઝના સમન્વય સાથે હળવી અને મનોરંજક બનાવી દીધી. આ આગવી રજુઆતમાં માત્ર કાવ્યાત્મક અભિવ્યક્તિ ઉપર ધ્યાન આપવાની જગ્યાએની જગ્યાએ બુદ્ધિ, વ્યંગ અને હાસ્ય ઉપર પણ ધ્યાન આપવામાં આવ્યુ. 'મઝીં મુશાયરા' માં જે રમુજની વાત કરવામાં આવી છે તે કોઈપણ વ્યક્તિના રોજિંદા જીવન સામાજિક મુદ્દાઓ અને રમતિયાળ અતિશયોક્તિમાં સમાયેલી હોય છે. કલાકૃતિ વિભાગમાં રજની ભોસલેનું "વર્તમાનમાં ભૂતકાળની ઝલક" કલાકૃતિ આપણને સમયની સફર ઉપર લઈ જાય છે, આ કલાકૃતિ આપણને ભૂતકાળ, વર્તમાન અને ભવિષ્ય વિશે ચિંતન કરવા પ્રેરીત કરે છે. તેમની કલાકૃતિ માનવ પ્રગતિ અને આપણા પ્રાકૃતિક વારસાની જાળવણી વચ્ચેના નાજુક સંતુલન ઉપર પ્રકાશ પાડે છે. રજની ભોસલેનું માનવુ છે કે જ્યારે આપણે ઐતિહાસિક ઈમારતોને સુરક્ષિત રાખવાનો પ્રયત્ન કરીએ છીએ, ત્યારે ઘણીવાર આપણે આપણી સાથે એ સ્થળોએ રહેતા પક્ષીઓના એટલા જ મહત્વનાના જીવનની અવગણના કરીએ છીએ. પોતાની આકર્ષક કલ્પનાના માધ્યમથી તેઓ આપણને પર્યાવરણ ઉપરની આપણા કાર્યોની અસરને ધ્યાનમાં લેવા તેમજ પ્રકૃતિ સાથે સુમેળમાં સહઅસ્તિત્વની આપણી જવાબદારીને ઓળખવા વિનંતી કરે છે. ચેતન સોલંકીએ પોતાની ''ટાઈમ ફ્લાઈઝ એન્ડ મેમોરીઝ ફેડ'' કલાકૃતિ રજુ કરી છે. આ કલાકૃતિ હસ્તનિર્મિત ફ્લોર ટાઈલ્સ અને પક્ષીઓની છબીના નુકશાનની માર્મિક રજુઆત કરે છે. ગુજરાતના નળ સરોવર પક્ષી અભયારણ્ય સાથે જોડાયેલ તેમની અનમોલ યાદોથી પ્રેરાઈને કલાકારે ભાવપૂર્ણ કલાકૃતિ બનાવવા માટે ફારસી અને ભારતીય લઘુચિત્ર પરંપરાઓની મદદ લીધી છે. પરંપરાગત પદ્ધતિઓ સાથે આધુનિક સામગ્રીને જોડીને ચેતન સોલંકી આપણને જીવનની નાજુકતા અને નુકશાન સાથેના આપણા અનુભવો વચ્ચે રહેલ નાજુક સબંધો અંગે ધ્યાન આપવા પ્રેરીત કરે છે. પોતાની કલાના માધ્યમથી ચેતન સોલંકી સહાનુભૂતિ અને પ્રતિબિંબની ભાવનાને જાગૃત્ત કરવાની સાથે દર્શકોને આત્મનિરીક્ષણની વ્યક્તિગત યાત્રા ઉપર લઈ જવાનો પ્રયત્ન કરે છે. શિલ્પકાર તાન્યા શર્મા પોતાની કલાકૃતિ "હાઈડ એન્ડ સીક" નામની વિચારોત્તેજક મૂર્તિકલાના માધ્યમથી દર્શકોને આત્મખોજની મનમોહક યાત્રા ઉપર લઈ જાય છે. તેમનું વિચારપ્રેરક શિલ્પ પરિચિત વસ્તુઓ ઉપર પ્રશ્ન કરવા અને આપણી પૂર્વગ્રહોને પડકારવા પ્રેરીત કરે છે. માનવ મનની જટિલ ટેપેસ્ટ્રીને ઉજાગર કરીને તે છુપાયેલ સત્યને ઉજાગર કરવા પ્રયત્ન કરે છે તેમજ દર્શકોને પોતાના પૂર્વગ્રહોનો સામનો કરવા સશક્ત બનાવવા માંગે છે. તાન્યા શર્મા માને છે કે તેની કલા વ્યક્તિગત વિકાસ અને પરિવર્તનનો સ્વિકાર કરવા માટે પ્રેરણા આપી શકે છે. દર્શકોને અનિશ્ચિતતાને સ્વીકારવા અને આત્મ ખોજની દિશામાં આગળ વધવા પેરીત કરે છે. અભિવ્યક્તિ ઉત્સવમાં દર્શકો વહેલા તે પહેલાના ધોરણે નિઃશુલ્ક પ્રવેશ મેળવી શકે છે.

**અભિવ્યક્તિ - ધ સિટી આર્ટ્સ પ્રોજેક્ટ : એક મંચ ઉપર અદ્વિતિય અને ભવ્ય કલા પ્રદર્શન**

| ૨૬મી નવેમ્બર, ૨૦૨૪ (મંગળવાર) નાપ્રદર્શનનોકાર્યક્રમ, સાંજે૫:૦૦વાગ્યાથીવિઝ્યુઅલઆર્ટમાટેપ્રદર્શનખુલ્લુંરહેશે(સોમવારેકોઈપ્રસ્તુતિનથી) | | | | |
|---|---|---|---|---|
| સ્થળ | કલાકારો | થીમ | કલાનોપ્રકાર | સમય |
| એમ્ફીથિયેટર - GU કેમ્પસ | જયમીનવૈદ્ય | મહેફિલ-એ-સમા | સંગીત - કવ્વાલી | સાંજે૦૭:૧૫ વાગ્યે |
| ઓડિટોરિયમ - GU કેમ્પસ | કાર્તિક | ધલુકમેન | નાટક - કાલ્પનિકકૃપા | સાંજે૦૭:૧૫ વાગ્યે |
| મંચ - GU કેમ્પસ | રાકેશવાની | અનંતલે | સંગીત – રિધમફ્યુઝન | સાંજે૦૭:૧૫ વાગ્યે |
| અટીરા | શ્રીલક્ષ્મી | આઈએમએડિસ્કોડાન્સર | નૃત્ય - વેકીંગ | સાંજે૦૭:૧૫ વાગ્યે |
| પ્લેટફોર્મ- અટીરા | તારકપટેલ | અર્બનડ્રીમ્સ | નૃત્ય - આફ્રોડાન્સ | રાત્રે૦૮:૩૦વાગ્યે |
| એમ્ફીથિયેટર - GU કેમ્પસ | ગોપાલઅગ્રવાલઅનેઆકાશવઝુઝારા | ટેરિટોરીઅલ | નૃત્ય - માર્શલઆર્ટસાથેસમકાલીન | રાત્રે૦૮:૩૦વાગ્યે |
| ઓડિટોરિયમ - GU કેમ્પસ | અમનરાયથતા | મેઘશ્યામ | સંગીત – ઈન્ડો- વેસ્ટક્લાસિકલફ્યુઝન | રાત્રે૦૮:૩૦વાગ્યે |
| મંચ - GU કેમ્પસ | ધારારૂપાણી | ધાગસંવાદ | નૃત્ય - સમકાલીનઅનેતેનાપેટાસ્વરૂપો | રાત્રે૦૮:૩૦વાગ્યે |
| અટીરા | મુક્તબેન્ડ | ધપેલેટઓફટાઈમ | સંગીત - ફ્યુઝનરોક | રાત્રે૦૮:૩૦વાગ્યે |

અભિવ્યક્તિ - ધ સિટી આર્ટ્સ પ્રોજેક્ટ એ ટોરેન્ટ ગ્રૂપના મહેતા પરિવાર સ્થાપિત યુ.એન.એમ ફાઉન્ડેશનની એક પહેલ છે, જે સ્થાન, મર્યાદા (શારીરિક અને વ્યક્તિગત) અને સામાજિક ભેદભાવ વગર કલા દર્શકો સુધી પહોંચાડીને કલાને સામાજિક રચનાનો એક અભિન્ન ભાગ બનાવવાની પ્રયત્ન કરે છે. જેમાં આર્થિક રીતે તમામ વર્ગના લોકો માટે નિઃશુલ્ક પ્રવેશ છે. અભિવ્યક્તિનું વિઝન અને મિશન ઉભરતી પ્રતિભાઓની ઓળખ કરવી, તેમને સમર્થન આપવુ અને તમામ શૈલીના કલાકારોને શહેરીજનો સમક્ષ પોતાની કલા રજુ કરવા માટે યોગ્ય મંચ પુરો પાડવાનો છે. અભિવ્યક્તિમાં નૃત્ય, સંગીત, ચિત્ર, ફોટોગ્રાફી, ઈન્સ્ટોલેશન અને રંગમંચથી માંડીને અસંખ્ય કલા સ્વરૂપોનો સમાવેશ થાય છે. અભિવ્યક્તિનો ઉદ્દેશ્ય આંતરરાષ્ટ્રીય ગુણવત્તાયુક્ત કલાને લોકો સુધી તદન નિઃશુલ્ક પહોંચાડવાનો છે. અભિવ્યક્તિની છઠ્ઠી આવૃત્તિ ૨૧ મી નવેમ્બરથી ૦૮ મી ડિસેમ્બર-૨૦૨૪ દરમ્યાન યોજાઈ રહી છે. આ વર્ષે ૪૯ કલાકારો ૫૦ પ્રદર્શન રજૂ કરશે. આ ઉપરાંત ૪૭ કલાકારો દ્વારા ૪૬ વિઝ્યુઅલ આર્ટ્સ ડિઝાઈન અને સેટઅપ કરવામાં આવશે. કલા પ્રેમીઓ કાર્યક્રમની રૂપરેખા અને અન્ય માહિતી માટે **www. abhivyakti art.org** ઉપર લોગ ઓન કરી શકે છે અથવા ૭૦૬૯૧ ૦૪૪૪૪/ ૭૦૬૯૧૦૫૫૫૫ નંબર ઉપર ફોન કરી શકે છે. તમામ લોકો માટે પ્રવેશ મફત છે.

# વેરાવળ ખાતે બંધારણ દિવસની ઉજવણી કરાશે

(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ-પાટણ તા.૨૫

ગીર-સોમનાથ જીલ્લાના મુખ્ય મથક વેરાવળમાં ડાયરેકટોરેટ ઓફ પ્રોસિકયુશન ગાંધીનગર ગુજરાત રાજયના ઉપક્રમે ગીર સોમનાથ જિલ્લા સરકારી વકીલની કચેરી દ્વારા બંધારણ દિવસની ઉજવણી તા.૨૬ના મંગળવારે વેરાવળ ક્રિસ્ટલ સ્કુલ ખાતે કરવામાં આવનાર છે. બંધારણ દિવસની ઉજવણી અંગેની માહિતી આપતા ગીર સોમનાથ જિલ્લા સરકારી વકીલ કેતનસિંહ વાળાએ જણાવેલ કે, વેરાવળ ક્રિસ્ટલ સ્કુલ ખાતે તા.૨૬-૧૧-૨૦૨૪ના મંગળવારે બપોરે બે કલાકે કાર્યક્રમ યોજાનાર છે. આ કાર્યક્રમમાં ગીર સોમનાથ જીલ્લા પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ જજ પી.એસ.ગઢવી, સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી કુલપતિ પ્રો.સુકાન્તકુમાર સેનાપતિ, કલેકટર દિગ્વીજયસિંહજી જાડેજા, જીલ્લા પોલીસ વડા મનોહરસિંહજી જાડેજા તેમજ સ્પીપા & પી.ટી.એસ.ના વ્યાખ્યાતા ડો.કે.જે.વૈશ્નવ, વેરાવળના વરિષ્ઠ અધિવકતા કે.એમ.કોટક, ડીફેન્સ કાઉન્સેલર ડીમ્પલબેન વ્યાસ તથા વેરાવળ બાર એસોસીએશનના પ્રમુખ એસ.એન.સવાણી સહીતના મહેમાનો ઉપસ્થિત રહેનાર છે. આ કાર્યક્રમમાં સર્વે વકીલ મીત્રો, વિધાર્થીઓ, સામાજીક સંસ્થાના અગ્રણીઓ તેમજ જીલ્લાના અધિકારીઓ, કર્મચારી મીત્રો સહીતનાને ઉપસ્થિત રહેવા ગીર સોમનાથ જિલ્લાના મુખ્ય સરકારી વકીલ કેતનસિંહ ડી. વાળાએ યાદીમાં જણાવેલ છે.

# રાજ્ય ચિંતન શિબિરમાં પોલીસ કામગીરીને ડીજીપી વિકાસ સહાયે બિરદાવી



(પ્રતિનિધી દ્વારા)

પ્ર.પાટણ તા.૨૫

વિશ્વ પ્રસિધ્ધ સોમનાથ મહાદેવ મંદિર સાનિધ્યમાં તા.૨૧થી ૨૩ નવેમ્બર દરમ્યાન યોજાયેલ રાજય સરકારની ચિંતન શિબિર પોલીસને ભાગે આવતું આયોજન, સલામતી, યાત્રિકો, પ્રવાસીઓને અગવડ ન પડે તેની કાળજી અને તમામ સ્ટાફના સંકલન સાથે સુપેરે પાર પાડી આ ત્રણ દિવસ દરમ્યાન સોમનાથ મીની ગાંધીનગર સચિવાલય બની ગયું હતુ પરંતુ રાજકોટનો બહોળી અનુભવ, ધીરજ, ટીમ વર્ક અને સજાગતાથી સંપુર્ણ કાર્યક્રમ સફળ રહયો અને જીલ્લા પોલીસ વડા મનોહરસિંહ જાડેજાને રાજયના ડીજીપી વિકાસ સહાય દ્વારા પોલીસની કામગીરી બિરદાવવામાં આવી હતી. જાન્યુઆરી ૨૦૨૩માં સુરિનામ દેશના રાષ્ટ્રપતિ જયારે સોમનાથ આવ્યા હતા ત્યારે આવી મજબુત છતા સુંદર પોલીસ વ્યવસ્થા જોઈ સમુદ્ર તટ સર્કિટ હાઉસ ખાતે ગીર સોમનાથ પોલીસના વખાણ કર્યા હતા અને સ્મૃતિરૂપે તેમની સાથે જીલ્લા પોલીસ વડા મનોહરસિંહ જાડેજા તથા સ્ટાફ સાથે ગ્રુપ ફોટો પડાવ્યો હતો. આ ત્રિદિવસીય શિબિરમાં ભાગ લેવો અને જવાબદારી નિભાવવી એવી બેવડી ભુમિકા કોઈપણ જાતની કચાશ ન આવે તે રીતે તથા યાત્રિકો પ્રવાસીઓ સરળતાથી દર્શન કરતા રહે તેવા સમન્વય સાથે તેમજ સજાગતા સાથે કુશળતાથી કામગીરી પાર પાડી ગુજરાત પોલીસ અને જીલ્લાનું ગૌરવ વધાર્યુ હતું.

# ખંભાળિયામાં શાળાની આજુબાજુ વેચાતા તમાકુ સંદર્ભે તંત્ર દ્વારા ચેકિંગમાં દુકાનદારો દંડાયા




(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૫

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સરકારના નિયમ મુજબ શાળા અને કોલેજની આજુબાજુના વિસ્તારમાં તમાકુનું વેચાણ કરવા પર પ્રતિબંધ હોય, આ સંદર્ભે આવી ચીજ વસ્તુઓનું વેચાણ કરતા આસામીઓ સામે કડક હાથે કાર્યવાહી કરવા માટે દેવભૂમિ દ્વારકા જિલ્લા આરોગ્ય વિભાગ અને પોલીસ તંત્ર દ્વારા સંયુક્ત રીતે સ્કવોડ બનાવીને ખંભાળિયા વિસ્તારમાં સઘન ચેકિંગ કાર્યવાહી કરવામાં આવી હતી. જેમાં ખંભાળિયાના જુદા જુદા સ્થળોએથી વિવિધ નિયમોનો ભંગ કરવા બદલ ૧૬ આસામીઓને સામે દંડનીય કાર્યવાહી કરવામાં આવી હતી. જેમાં રૂપિયા ૩,૨૦૦ નો દંડ વસૂલ કરીને શૈક્ષણિક સંકુલ નજીક વેચાતા સિગરેટ, તમાકુ તેમજ તમાકુની જુદી જુદી બનાવટોનો જથ્થો કબજે કરવામાં આવ્યો હતો. આટલું જ નહીં, આવા આસામીઓને કાયદાના અમલીકરણ અંગેની સમજૂતી આપી અને ભવિષ્યમાં આવી બેદરકારી ફરીથી દાખવવામાં ન આવે તે માટે સૂચના પણ આપવામાં આવી હતી. આ સમગ્ર કાર્યવાહી તાલુકા આરોગ્ય અધિકારી ડોકટર એ.એન. તિવારી, ટોબેકો સેલના કૈલાશ ચૌહાણ, સેનેટરી ઈન્સ્પેક્ટર મયુર ગાગલિયા અને પોલીસ કોન્સ્ટેબલ લીલાભાઈ જાદવની ટીમ દ્વારા કરવામાં આવી હતી. આગામી દિવસોમાં પણ તંત્ર દ્વારા આવા ગુનાઓને અનુલક્ષીને વેપારીઓ તેમજ જવાબદારો સામે કડક હાથે કાર્યવાહી કરીને કાયદાની જોગવાઈ મુજબ કામગીરી હાથ ધરવામાં આવશે તેમ દેવભૂમિ દ્વારકા જિલ્લાના મુખ્ય આરોગ્ય અધિકારી દ્વારા વધુમાં જણાવાયું છે.

# દ્વારકા જિલ્લાના તત્કાલીન કલેકટર, ડીડીઓને ખાસ કર્મયોગી પુરસ્કાર



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૫

સોમનાથ ખાતે તાજેતરમાં વિવિધ મુદ્દાઓ અંગે ત્રણ દિવસની ચિંતન શિબિરનું ભાજપ દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું. રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ તથા અન્ય મંત્રીઓ તેમજ નેતાઓ ઉપરાંત સચિવો અને વિવિધ વિભાગના વડાઓ ઉપરાંત જુદા જુદા જિલ્લાના કલેકટરો વિગેરેની ઉપસ્થિતિમાં સોમનાથ ખાતે આ શિબિર યોજાઈ હતી. આ શિબિરમાં રવિવારે છેલ્લા દિવસે મુખ્યમંત્રી તથા રાજયના ઉચ્ચ અધિકારીઓની ઉપસ્થિતિમાં વર્ષ ૨૦૧૯ થી ૨૦૨૪ સુધીના સમયગાળામાં શ્રેષ્ઠ કામગીરી કરનારા ૨૦ આઈ.એ.એસ. અધિકારીઓને કર્મયોગી પુરસ્કાર તરીકે વ્યકિતગત રૂા.૫૧,૦૦૦ તેમજ આ અધિકારીઓ તથા તેમના જિલ્લાને વિકાસ કાર્યો માટે ખાસ ગ્રાન્ટના કિસ્સામાં રૂપિયા ૪૦ લાખ અધિકારી એવોર્ડ દીઠ આપવામાં આવ્યા હતા. જેમાં દ્વારકા જિલ્લાના બે અધિકારીઓની પસંદગી થવા પામી છે. કોરોનાના સમયગાળા બાદ વર્ષ ૨૦૨૧-૨૨ ના શ્રેષ્ઠ કલેકટરનો એવોર્ડ દેવભૂમિ દ્વારકા જિલ્લાના તત્કાલીન જિલ્લા કલેકટર અને હાલ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના ચેરમેન એમ.એ. પંડ્યાને તથા ૨૦૨૧-૨૨ માં દેવભૂમિ દ્વારકા જિલ્લા વિકાસ અધિકારી તરીકે ફરજ બજાવી ચૂકેલા ડી.જે. જાડેજાને પણ કર્મયોગી પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો છે. આ ઉપરાંત થોડા સમય પૂર્વે અહીંના ડી.ડી.ઓ. તરીકે ફરજ બજાવી ચૂકેલા અને વલસાડ જિલ્લાના કલેકટર તરીકે કાર્યરત રહી, નિવૃત્ત થયેલા આઈ.એ.એસ. અધિકારી તેમજ હાલ યાત્રાધામ વિકાસ બોર્ડના સચિવ આર.આર. રાવલને પણ વર્ષ ૨૦૨૦-૨૦૨૧ ના સમયગાળા દરમ્યાન કરવામાં આવેલી શ્રેષ્ઠ કામગીરીને પણ એવોર્ડ એનાયત કરાયો છે. ત્યારે મહત્વની બાબત તો એ છે કે દ્વારકાના બે પૂર્વ આઈ.એ.એસ. અધિકારીને શ્રેષ્ઠ કામગીરી બદલ કર્મયોગી એવોર્ડ મળતા રાજ્ય સરકાર દ્વારા દેવભૂમિ દ્વારકા જિલ્લાને રૂપિયા ૮૦ લાખની માતબર રકમ સ્પેશિયલ ગ્રાન્ટ તરીકે ફાળવવામાં આવી છે.

# નંદાણા નજીક મોટરકારની પલટી : બે મુસાફરો ઈજાગ્રસ્ત



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૫

કલ્યાણપુર તાલુકાના નંદાણા ગામ નજીક મધ્યરાત્રીના સમયે એક મોટરકાર અકસ્માતગ્રસ્ત થતા તેમાં જઈ રહેલા બે મુસાફરોને ગંભીર ઈજાઓ થવામી હતી. અકસ્માતની આ ઘટના સંદર્ભે સૂત્રો દ્વારા જાણવા મળતી વિગત મુજબ કલ્યાણપુર તાલુકાના નંદાણા ગામેથી ગતરાત્રિના આશરે ચારેક વાગ્યાના સમયે પોરબંદર પાસિંગની એક મારુતિ સુઝુકી મોટરકાર જઈ રહી હતી. ત્યારે નંદાણા ગામે આવેલા મોગલ માતાજીના મંદિર પાસેથી પસાર થતા આ કારનો કોઈ કારણોસર અકસ્માત સર્જાયો હતો અને રોડની એક બાજુ આ કાર પલટી ખાઈ ગઈ હતી. આ અકસ્માતમાં કારમાં જઈ રહેલા ચાર વ્યક્તિઓ પૈકી બે વ્યક્તિઓને ગંભીર ઈજાઓ થવા પામી હતી. અકસ્માતની જાણ ૧૦૮ માં કરવામાં આવતા ઈમરજન્સી ૧૦૮ એમ્બ્યુલન્સનો સ્ટાફ તાકીદે ઘટના સ્થળે દોડી ગયો હતો અને અહીં ઘવાયેલાઓને પ્રાથમિક સારવાર આપીને ખંભાળિયાની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

### પાપ છાપરે ચડીને પોકાર્યું તે 'આનુ નામ' ભૂતનાથ મંદિરનાં મહંત મહેશગીરીએ કરેલા હરીગીરી વિરૂધ્ધ શ્રેણીબંધ ધડાકાઓનાં પગલે

# તત્કાલીન કલેકટરે કરેલ હુકમ વર્તમાન કલેકટર રદ કરશે ખરા ?

**સિધ્ધ સંતોની ભૂમિમાંથી કોઈ સંતની નિમણુંક નહીં અને યુપીનાં સંતને નિમવા પાછળનું કારણ શું ? : ભાજપ, કલેકટરો અને સંતોની મિલીભગતનાં ષડયંત્રનો પર્દાફાશ થતાં સનસનાટી મચી ગઈ છે : જનતા સમક્ષ જેમની પર આક્ષેપ થયો છે તેવા લોકો સચ કા સામના માટે બહાર કેમ આવતા નથી !**

જૂનાગઢ, તા.૨૫

જૂનાગઢ નજીક આવેલું ભવનાથ ખાતે બિરાજમાન સ્વયંભુ ભવનાથ મહાદેવ મંદિરની ગાદી મેળવવા માટેનાં પ્રપંચ ખેલ અને ષડયંત્રમાં યેનકેન પ્રકમારે સામેલ થયેલા ભાજપ પાર્ટી તેમજ કલેકટર દરજજાનાં અધિકારી અને સંતોનાં નામજોગ જયારે ભૂતનાથનાં મહંત મહેશગીરી બાપુએ પત્ર જારી કરેલ છે અને જેને પણ ચાર થી પાંચ દિવસ જેવો સમય થયો છે. તેમ છતાં જેમની પર આક્ષેપો થયા છે તેઓ તેનો ખુલાસો હજુ સુધી આપી શકયા નથી. જેને લઈને પણ જનતામાં ભારે ચર્ચા ઉઠવા પામી છે. દરમ્યાન ગત શનિવારે મહેશગીરી બાપુએ ફરી એકવાર મિડીયા સમક્ષ ઉપસ્થિત થયા હતાં અને શ્રેણીબંધ ધડાકાઓ કરી નાંખ્યા છે. અને સરકારશ્રી સમક્ષ ભવનાથનાં મહંત હરીગીરીની ગેરકાયદેસર થયેલી નિમણુંક અંગે કરવામાં આવેલી રજુઆતો અંગે વિસ્તૃત વિગતો આપી હતી. એટલું જ નહી તેઓએ ચીમકી પણ આપી હતી કે ભવનાથ મહાદેવ મંદિરનાં મહંત હરીગીરીની કે જે ગેરકાયદેસર નિમણુંક છે તેનો તાત્કાલીક અસરથી દુર કરો અને ૧લી ડીસેમ્બર સુધીમાં દુર કરવામાં નહી આવે તો હજારો ભકતજનોની હાજરીમાં મહેશગીરી બાપુ ભવનાથ મંદિરનો કબ્જો સંભાળવા જશે તેવું અલ્ટીમેટમ આપી દેતાં ભારે ખળભળાટ મચી જવા પામેલ છે.

પૂ. મહેશગીરી બાપુએ મિડીયા સમક્ષ કેટલાક પત્રો જારી કર્યા હતાં. અને આ પત્રોમાં ભવનાથ મહાદેવ મંદિરનું મહંતપદ મેળવવા માટે વર્તમાન મહંત હરીગીરીએ જે ખેલ પાડયો હતો તે અંગેની જીણામાં જીણી વિગતો દર્શાવી હતી. એમપણ જણાવ્યું હતું કે આજથી દોઢેક વર્ષ પહેલા કેશોદ એરપોર્ટ પર ગુજરાતનાં સન્માનીય મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની સમક્ષ મહેશગીરી બાપુએ વિસ્તાર પૂર્વક રજુઆતો કરી હતી. આ તકે જૂનાગઢનાં ધારાસભ્ય સંજયભાઈ કોરડીયા તેમજ ભાજપનાં પદાધિકારીઓ પણ ઉપસ્થિત હતાં. અને સંતો પ્રત્યે તેમજ ધાર્મિક સ્થળો પ્રત્યે ખુબ જ આદરભાવ ધરાવતા સન્માનીય મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે આ મુદા અંગે જૂનાગઢ જીલ્લા વહીવટી તંત્રને સુચના અને આદેશ પણ કર્યો હતો. અને યોગ્ય કાર્યવાહી કરવા સુચના આપી હોવા છતાં પણ આ તંત્ર તેને ઘોળીને પી ગયું છે તેમજ કોઈપણ જાતની કાર્યવાહી આજ દિવસ સુધી કરવામાં આવી નથી. દરમ્યાન યેનકેન પ્રકારે મહંત પદનો તાજ ધારણ કરી લેનાર હરીગીરીની મુદત ૪ માસ પછી પુરી થતી હોવા છતાં પણ જૂનાગઢનાં તત્કાલીક કલેકટરે તાત્કાલીક અસરથી આ મુદતને વધારી દીધી હોવાનું જણાવ્યું હતું. હરીગીરી દ્વારા કરવામાં આવેલા મહંત પદ મેળવવાની આંટીઘુંટી અને ખેલ અંગે જૂનાગઢનાં ધારાસભ્ય સંજયભાઈ કોરડીયાએ પણ મુખ્યમંત્રીશ્રીથી લઈ અન્ય વિભાગનાં પદાધિકારીઓને પણ સવિસ્તાર રજુઆત કરી છે અને તાત્કાલીક અસરથી યોગ્ય કાર્યવાહી કરવાની માંગણી પણ આ પત્રમાં દર્શાવી છે. વિશેષમાં મુખ્યમંત્રીશ્રીની સ્પષ્ટ સુચના હોવા છતાં પણ જૂનાગઢનાં હાલનાં કલેકટર અનિલકુમાર રાણાવસીયા અને તંત્ર આજ દિવસ સુધી કેમ કાર્યવાહી કરતું નથી તેવો સવાલ ઉઠાવી કંઈક તો ખોટુ થયું છે તેમ જણાવી મહેશગીરી બાપુએ જણાવ્યું હતું કે જૂનાગઢનાં કલેકટર અનિલકુમાર રાણાવસીયાની પણ તાત્કાલીક અસરથી બદલી કરવા જણાવ્યું હતું. કારણ કે તેમની કાર્યપધ્ધતિ પર વિશ્વાસ નથી. વિશેષમાં શનિવારે મિડીયા સમક્ષ ઉપસ્થિત થયેલા મહેશગીરી બાપુએ શ્રેણીબંધ પત્રોનો બોમ્બ ફોડીને અને જાણે ભારે ખળભળાટ મચાવી દીધો હતો. આગામી દિવસોમાં ભવનાથ મહાદેવ મંદિરનાં મહંત પદ પરથી હરીગીરીની હકાલપટ્ટી નિશ્ચિત બની છે. જો આ અંગે ઘટતા પગલા ભરવામાં નહી આવે તો મહેશગીરી બાપુ જૂનાગઢનાં નગરજનોને અને ભાવિકોને સાથે લઈ અને ૧લી ડીસેમ્બરનાં રોજ ભવનાથ મંદિરનો કબ્જો સંભાળશે તેવું અલ્ટીમેટમ જારી કરતાં સબંધીત તંત્ર તેમજ સરકાર પણ ચોંકી ઉઠી છે. અને આ બાબતે ફરી એકવાર સરકાર દ્વારા વહીવટી તંત્રનો ઉધડો પણ લઈ તાત્કાલીક પગલા ભરવા આદેશ જારી કર્યો હોવાનું જણાવેલ છે.

## જૂનાગઢનાં તત્કાલીન કલેકટર રચીત રાજ દ્વારા હરીગીરીની મુદત વધારી દેતો આદેશ

D:\HIJRATI 2022\HIJRATI GENERAL 2022 146

ઈ.વી.પી/ભવનાથ/મહંત નિમણુંક/૯૫/૨૦૨૩

કલેકટર કચેરી,
હિજરતી શાખા,
જુનાગઢ જિલ્લો, જુનાગઢ
તા.૨૩ / ૦૩ / ૨૦૨૩

વિષય :- શ્રી ભવનાથ મહાદેવ મંદિર, ગીરનાર તળેટી, જુનાગઢ ટ્રસ્ટ રજી.નં.એ/૨૦૧/જુનાગઢ માં મહંતની નિમણુંક કરવા બાબત.

વંચાણે લીધા :-
(૧) આ કચેરીનો હુકમ નં.ઈવીપી/ભવનાથ/મહંત/નિમણુંક/૨૬૫/૨૦૨૧, તા.૨૧/૦૯/૨૦૨૧
(૨) મહંતશ્રી, હરીગીરીજી મહારાજ ગુરુશ્રી દતાત્રેય મહારાજની તા.૧૦/૦૨/૨૦૨૩ ની અરજી
(૩) આ કચેરીના પત્ર નં.હિજરતી/વશી/૬૦/૨૦૨૩, તા.૨૭/૦૨/૨૦૨૩
(૪) પ્રાંત અધિકારીશ્રી, જુનાગઢનો પત્ર નં.ટ્રેઝરી/વશી/૪/૩/૨૦૨૩, તા.૦૪/૦૩/૨૦૨૩

-:: હુકમ ::-

જુનાગઢ, ભવનાથ વિસ્તારમાં ટ્રસ્ટ રજી.નં.એ/૨૦૧/જુનાગઢથી પબ્લીક ટ્રસ્ટ એકટ તળે નોંધાયેલ શ્રી ભવનાથ મહાદેવ મંદિર આવેલ છે. આ જાહેર ટ્રસ્ટના અનુગામી ટ્રસ્ટી નીમવાની રીત પી.ટી.આર. કોલમ-૪ માં આપવામાં આવેલ છે. જે મુજબ "શ્રી સમાહર્તા, જુનાગઢ મંજુરી આપે તેવા ચેલાની નિમણુંક થાય છે અને ચેલાના અભાવે શ્રી સમાહર્તા, જુનાગઢ પસંદ કરે તે દશનામી સન્યાસી મહંત તરીકે આવે છે" આમ, આ મંદિરના મહંતની નિમણુંક અત્રેના ક્ષેત્રાધિકારમાં આવે છે. જે અન્વયે ભવનાથ મહાદેવ મંદિરમાં વંચાણે લીધા ક્રમ-૧ ના આ કચેરીના તા.૨૧/૦૯/૨૦૨૧ ના હુકમથી શ્રી હરીગીરીજી ગુરૂ દતાત્રેય મહારાજને મહંત તરીકે તા.૦૧/૦૮/૨૦૨૧ થી તા.૩૧/૦૭/૨૦૨૩ સુધી ની મુદત માટે નિમણુંક આપવામાં આવેલ.

વંચાણે લીધા ક્રમ -૨ ની અરજી થી મહંતશ્રી હરીગીરીજી મહારાજ ગુરુશ્રી દતાત્રેય મહારાજે તેઓની અત્રેના હુકમ નં.ઈવીપી/ભવનાથ /મહંત નિમણુંક/૨૬૫/૨૦૨૧ તા.૨૧/૦૯/૨૦૨૧ થી મહંત તરીકેની તા.૦૧/૦૮/૨૦૨૧ થી તા.૩૧/૦૭/૨૦૨૩ સુધીની એમ કુલ ૨ વર્ષ માટેની નિમણુંક થયેલ હોય, તેઓની મહંત તરીકે મુદત તા.૩૧/૦૭/૨૦૨૩ ના પૂર્ણ થતી હોય, તેઓને ફરી મહંત પદે નિમણુંક આપવા અરજી કરેલ છે. સદરહુ બાબતે અત્રેના વંચાણે લીધા ક્રમ-૩ ના પત્રથી મામલતદારશ્રી, જુનાગઢ (શહેર) ને પ્રાંત અધિકારીશ્રી, જુનાગઢ મારફત અહેવાલ મોકલવા જણાવતા મામલતદારશ્રી ધ્વારા મહંતની નિમણુંક માટે રજુ થયેલ અરજીઓ પરત્વેનો અહેવાલ પ્રાંત અધિકારીશ્રી, જુનાગઢ મારફત વંચાણે લીધા ક્રમ-૪ ના પત્રથી અત્રેને રજુ થયેલ છે. પ્રાંત અધિકારીશ્રી, જુનાગઢ તરફથી આવેલ દરખાસ્ત મુજબ શ્રી હરીગીરીજી ગુરૂશ્રી દતાત્રેય મહારાજને સદરહુ જગ્યાના મહંત પદે નિમણુંક આપવા બાબતે હકારાત્મક અભિપ્રાય આપેલ છે.

આમ,અત્રેની તાબાની મહેસુલી કચેરીઓ પાસેથી મહંતશ્રી, હરીગીરીજીની મહંત તરીકેની નિમણુંક અન્વયે ખરાઈ કરી અહેવાલ મંગાવતા પ્રાંત અધિકારીશ્રી,જુનાગઢ એ તા.૦૪/૦૩/૨૦૨૩ થી અને મામલતદારશ્રી જુનાગઢ(શહેર) એ તા.૨૮/૦૨/૨૦૨૩ થી શ્રી હરીગીરીજી ગુરૂશ્રી દતાત્રેય મહારાજને સદરહુ જગ્યાના મહંત પદે નિમણુંક આપવા બાબતે હકારાત્મક અભિપ્રાય આપેલ છે.શ્રી ભવનાથ મહાદેવ મંદિર ટ્રસ્ટના પી.ટી.આર. મુજબ ચેલાના અભાવે સમાહર્તાશ્રી પસંદ કરે તેવા દશનામી સંન્યાસી મહંત તરીકે આવી શકતા હોય,સદરહુ જગ્યા ઉપર મહંતની નિમણુંક અત્રેના ક્ષેત્રાધિકારીમાં આવે છે. જે અંગે વિચાર કરતા, શ્રી હરીગીરી ગુરૂશ્રી દતાત્રેય મહારાજને શ્રી ભવનાથ મહાદેવ મંદિરના મહંત તરીકે નિમણુંક અપાયા બાદથી હાલ સુધી મંદિરની વ્યવસ્થા સુચારૂ રીતે જળવાઈ રહેલ હોય, તેમજ જિલ્લાના વહીવટી તંત્રને પણ તેઓ સંપુર્ણ સહકાર આપી, નિયમોનુસાર મંદિરનો વહીવટ ચલાવતા હોવાનું જાહેર થયેલ હોય, ટ્રસ્ટના પી.ટી.આર. માં જણાવેલ વિગતે, કોઈ કોર્ટ કે કચેરીના હુકમોને બાધ ન આવે તે રીતે, નિયમોનુસાર વહીવટ કરવાની શરતે તેમજ નીચે જણાવેલ શરતોને સંપુર્ણપણે આધીન રહી કામગીરી કરવાની શરતે એમ તમામ શરતોને

D:\HIJRATI 2022\HIJRATI GENERAL 2022 147

બંધનકર્તા રહેવાની શરતે વધુ બે વર્ષ માટે એટલે કે તા.૦૧/૦૮/૨૦૨૩ થી તા.૩૧/૦૭/૨૦૨૫ સુધી શ્રી ભવનાથ મહાદેવ મંદિરના મહંત તરીકે શ્રી હરીગીરીજી ગુરૂશ્રી દતાત્રેય મહારાજને નિમણુંક આપવા આથી હુકમ કરવામાં આવે છે.

D:\HIJRATI 2022\HIJRATI GENERAL 2022 148

(૧૭) ઉપરની શરતો ઉપરાંત ભવિષ્યમાં જે કંઈ વધારાની શરતોનું પાલન કરવા જણાવવામાં આવે તે મુજબ ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

ઉપરોકત તમામ શરતો પૈકી કોઈપણ શરત કે શરતોનો ભંગ થયેથી અત્રેથી અપાયેલ આ નિમણુંક આપોઆપ રદ થયેલી ગણાશે.

(રચિત રાજ)
કલેકટર
જુનાગઢ જીલ્લો, જુનાગઢ

૨૩/૩ ૨૩/૩

નકલ સવિનય રવાના :-
ઉપ સચિવશ્રી, કાયદા વિભાગ,
નવા સચિવાલય. ગાંધીનગર

## સ્થાનિક સંતોને મહંત પદ નહી આપીને યુપીનાં હરીગીરીને મહંત પદ આપવા પાછળનું કારણ શું ?

જૂનાગઢ તા. ૨૫

લોકોની જયાં આસ્થા રહેલી છે તેવા ભવનાથ મહાદેવ મંદિરની ગાદી પચાવી નાંખવાનો જે ખેલ શરૂ થયો છે અને જે અંગે એકપછી એક ધડાકાઓ થઈ રહયા છે તેને લઈને ભાવિકોમાં ભારે દુઃખની લાગણી ફેલાણી છે. આ દરમ્યાન એક એવી બાબત પણ બહાર આવી છે કે હરીગીરી સામે ૨૦૨૧માં પણ અન્ય સાધુઓએ પણ ગંભીર આરોપો લગાવ્યા છે. ભવનાથ મંદિર પેટા ભાડુત તરીકે આપતા હોવાની પણ ફરીયાદ હોવા છતાં પણ હરીગીરીને નિમણુંક આપવા પાછળ કારણ શું ? આ દરમ્યાન અમરગીરી ગુરૂ રઘુનાથજીએ પણ દાવો કર્યો હતો કે તેમણે કરેલી રજુઆત મુજબ ગુરૂ શિષ્યની પરંપરા મુજબ કલેકટર મહંત પદનો હુકમ કરે છે.

કલેકટર આલોકકુમાર પાંડે, રાહુલ ગુપ્તા તથા સૌરભ પારઘીએ ગુરૂ શિષ્ય પરંપરા મુજબ ઓર્ડર ન કરતાં યુપીનાં વતની હરીગીરીનો ખોટો ઓર્ડર કરતાં હોય જે અંગેનો છેલ્લા પાંચ વર્ષથી હાઈકોર્ટમાં કેસ પણ ચાલી રહયો છે. હરીગીરી યુપીનાં વતની અને ૧૦૦ થી ૨૦૦ મંદિર ધરાવતા અને અખાડાનાં સરક્ષક તરીકે જવાબદારી નિભાવે છે. તેમજ ભવનાથ મંદિર પેટા ભાડુત તરીકે આપી જતા રહે છે. તેમની પાસે ગુજરાતનાં કોઈ આધાર પુરાવા પણ નથી તેમ છતાં તેમને શું કામ નિમણુંક આપવામાં આવે છે. વિશેષમાં કોર્ટમાં કેસ ચાલતો હોવા છતાં વારંવાર આવી નિમણુંક થતી હોય જે કોર્ટનો અનાદાર કર્યો હોવાનો પણ ગુનો દાખલ થતો હોય છે ત્યારે આ કેસમાં આમ કેમ થાય છે? તેવો સવાલ પણ આજે ચર્ચાનો વિષય બન્યો છે.

## અંબાજી મંદિરનાં મહંત તરીકે જેની જાહેરાત થઈ છે તેવા પ્રેમગીરી ઉપર તરૂણ શિષ્ય પર સૃષ્ટી વિરૂધ્ધનું કૃત્ય કર્યાનો આરોપ : પોકસોનો ગુનો લાગુ થઈ શકે

જૂનાગઢ તા. ૨૫

જૂનાગઢ શહેર અને ભવનાથ ક્ષેત્ર ધર્મનગરી તરીકે દેશ-વિદેશમાં પ્રખ્યાત છે ત્યારે છેલ્લા એક અઠવાડીયાથી થઈ રહેલા બનાવનાં પગલે ધર્મનગરીની ગરીમા જોખમાય તેવા બનાવો બહાર આવી રહયા છે. તાજેતરમાં જ અંબાજી માતાજી મંદિરનાં મહંત તનસુખગીરી બાપુનાં નિધન બાદ અંબાજી મંદિરનાં મહંતપદ કોને નિમવા તે બાબતે ભારે ઘમાસાણ ચાલી રહયું છે. પરંતુ નાટકીયાત્મક બનાવમાં અખાડા પરીષદનાં હરીગીરી એન્ડ કંપનીએ પૂ. તનસુખગીરી બાપુની ધુળલોટ વિધિ સમયે જ સમાધી શિષ્ય બનાવી અને અંબાજી મંદિરનાં નવા મહંત તરીકે પ્રેમગીરી નિમણુંક કરી નાંખી છે ત્યારે તેમની સામે પણ ભારે હોબાળો મચી જવા પામ્યો છે. આ દરમ્યાન ગત શનિવારે મહેશગીરી બાપુએ યોજાયેલી પત્રકાર પરીષદમાં પ્રેમગીરી પણ દુધે ધોયેલા નથી તેવી વાત જાહેર થઈ છે. એક વિડીયો કલીપમાં જ એક તરૂણ વયનાં સાધુ પ્રેમગીરી મહારાજ વિરૂધ્ધ ગંભીર પ્રકારનાં આક્ષેપો કરે છે. આ તરૂણ સાધુએ જણાવ્યું હતું કે તેઓ પ્રેમગીરી મહારાજનાં શિષ્ય તરીકે તેમની સાથે રહયા હતાં. આ દરમ્યાન પ્રેમગીરીએ તેમનાં ઉપર સૃષ્ટી વિરૂધ્ધનું કૃત્ય કર્યુ હોવાનો આક્ષેપ પ્રેમગીરી ઉપર કરવામાં આવેલ છે. ત્યારે ભગવા અને સાધુતાને સરેઆમ લજાવતા આવા સાધુ સમાજે પોકસો અંતર્ગત ગુનો પણ લાગી શકે છે તેવી ચર્ચા પણ ઉઠવા પામી છે. એક પવિત્ર અને ધાર્મિક જગ્યા પર લાંછનધારી આવા સાધુ મહંત તરીકે નિમણુંક પામે તે કેટલે અંશે યોગ્ય છે ? તેવો સવાલ પણ આજે ચર્ચાનો વિષય બન્યો છે.

**ચાલતા યંત્રે**

## જૂનાગઢનાં કલેકટર અને ધારાસભ્ય ગાંધીનગર દોડી ગયા

જૂનાગઢ તા. ૨૫

નજીકનાં સમયમાં જ ભવનાથ મહાદેવ મંદિરનાં મહંત પદને લઈને ભારે વિવાદ ઉઠવા પામેલ છે તો બીજી તરફ અંબાજી મંદિરનાં મહંત તનસુખગીરી બાપુનાં નિધન બાદ નવા મહંતની નિમણુંકનો પ્રશ્ન પણ ખુબ જ પેચીદો બન્યો છે અને રાજય સરકાર પણ આમા દરમ્યાનગીરી કરી રહી હોવાનું ચર્ચાય છે. અત્યંત વિશ્વાસપાત્ર વર્તુળ દ્વારા મળતી વિગત અનુસાર જૂનાગઢનાં કલેકટર તેમજ ધારાસભ્ય સંજય કોરડીયા આ લખાય છે ત્યારે ગાંધીનગર દોડી ગયા હોવાનું પણ મનાય છે. બીજી તરફ એક-બે દિવસમાં જ ભવનાથ મંદિર તેમજ અંબાજી મંદિરનાં પ્રકરણમાં નવો ઘટનાક્રમ સર્જાય તેવા સંકેતો મળી રહયા છે.

## ભાજપની આબરૂને ધુળધાણી કરનારા 'નમૂના' ઓનેટિકીટ ફાળવણીમાંથી ગાયબ થઈ જવાનાં છે !

**જૂનાગઢ કોર્પોરેશનની યોજાનાર ચૂંટણીમાં ટિકીટ મેળવવા ભૂતપૂર્વ પદાધિકારીઓના ધમપછાડા**

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ, તા.૨૫

જૂનાગઢ મહાનગરના લોકો જેની લાંબા સમયથી રાહ જોઈ રહ્યા છે તેવી કોર્પોરેશનની ચૂંટણી સાવ નજીક આવી ગઈ છે. ડિસેમ્બરમાં તો જાહેરનામું બહાર પડે તેવી શકયતા છે અને જાન્યુઆરીમાં જ ખુબ ટુંકા ગાળામાં ચૂંટણી યોજી નાખવા વ્યુહ ઘડી કાઢવામાં આવ્યો છે અને કોર્પોરેશનની બારણે આવી ગયેલી આ ચૂંટણીમાં ભૂતકાળમાં જે રીતે થયું હતું તે રીતે આ વખતે પણ ટિકીટ મેળવવા માટે ભાજપના જ ભૂતપૂર્વ પદાધિકારીઓ, કાર્યકર્તાઓ ભારે વલખા મારી રહ્યા છે અને પોતાની છબી વધુ સારી થાય તે માટેના પ્રયત્નો પણ કરી રહ્યા છે અને છેક સુધી એટલે કે પ્રદેશ કક્ષા સુધી ભારે લોબીંગ કરવામાં આવી રહ્યું હોવાનું આધારભૂત રીતે ચર્ચાઈ રહ્યું છે. જોકે ભાજપનું નામોનિશાન મિટાવી દેવા માટેના જે કુ-કાર્યો ભાજપના જ કેટલાક પદાધિકારીઓએ કર્યા છે. આવા નમૂનાઓને વાડીચોળીને સાફ કરી અને નવા ચહેરાને હાઈલાઈટ કરવાના પ્રયાસો ઉચ્ચકક્ષાએથી શરૂ થઈ રહ્યા છે અને જેને લઈને પણ અનેક તર્કો થઈ રહ્યા છે.

સાવ નજીક આવી ગયેલી જૂનાગઢ કોર્પોરેશનની ચૂંટણીનું ધિંગાણું દર વખતની જેમ આપણે આપણી રીતે અને કોઈપણ ભોગે ટિકીટ મેળવશું અને પાછા ચૂંટણીમાં જીતી પણ જાશું તેવા વહેમમાં રહેલા કાટલાછાપ નમૂનાનું ભાવી આ વખતની ચૂંટણીમાં અંધકારમય બની ગયું છે તેમ છતાં પણ આવા કાટલાઓ જોરદાર પ્રયત્નો હાલ કરી રહ્યા છે. ગુજરાતના મુખ્યમંત્રી જૂનાગઢ અને આજુબાજુના વિસ્તારોમાં આવવાના હોય તેવી ખબર પડતાની સાથે જ ૧૦૦ કિલોમીટરના અંતરમાં આવા છાપેલા કાટલા તેને મળવા પણ દોડી જતા હોય છે. મુખ્યમંત્રી અને અન્ય મંત્રીઓનો સારૂ લગાડવા માટેના ભરપુર પ્રયાસો પણ કરવામાં આવી રહ્યા છે પરંતુ બીજી તરફ ભાજપ હાઈકમાન્ડ આ વખતે કહેવાતા આ નમૂનાઓને કદ પ્રમાણે વેતરી નાખવાના મુડમાં છે તો બીજી તરફ જૂનાગઢની સાણી સમજુ પ્રજા આ વખતેની ચૂંટણીમાં પોતાનો મત આપી અને આશ્ચર્યજનક પરિણામો આપી અને નવાજુની કરવાના મુડમાં છે અને તેવા સંજોગોમાં જો છાપેલ કાટલાઓને ટિકીટો જો આપવામાં આવશે તો તેને વાડીજુડીને સાફ કરી નાખી અને ડિપોઝીટ પણ ડુલ કરી નાખે તેવો જનતાનો મિજાજ જોવા મળી રહ્યો છે. ભાજપના ઉચ્ચસ્તરીય વર્તુળો અત્યાર સુધી જેમ કોર્પોરેશનની ચૂંટણી વખતે ફ્રેશ ચહેરા લઈ આવી અને પ્રજામાં જે સર્વમાન્ય નેતાઓને લાવી અને ચૂંટણીનો ગઢ જીતી લેતી હતી તેમ આ વખતે પણ આવો જ એક નવો ખેલ પાડવા માટે કમર કસી હોવાનું પણ જાણકાર સુત્રોમાંથી જાણવા મળે છે.

## જૂનાગઢમાં અવાવરૂ જગ્યામાંથી દેશી દારૂનો જથ્થો ઝડપાયો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૫

જૂનાગઢના પ્રદીપ ખાડીયા વિસ્તારમાં દિનદયાળ નગરમાં અવાવરૂ જગ્યામાં સંતાડેલ વિદેશી દારૂના જથ્થાને એ ડીવીઝન પોલીસે ઝડપી લઈ દારૂ સંતાડનાર શખ્સ વિરૂધ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર એ ડીવીઝન પોલીસ સ્ટેશનના કોન્સ્ટેબલ વિક્રમભાઈ મનસુખભાઈએ ફરીયાદી બની આરોપી તરીકે દિલીપ ઉર્ફે ભુમો બાબુભાઈ સોમા રહે.પ્રદીપ ખાડીયાવાળા વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, આરોપીએ પોતાના કબ્જા ભોગવટાની જગ્યા ખંઢેર જેવી પડતર અવાવરૂ જગ્યામાં જુદી જુદી બ્રાન્ડની વિદેશી દારૂ તથા બીયર ૬૪ નંગ કિ.રૂા.૧૬૬૬૩નો મુદ્દામાલ સંતાડી રાખ્યાની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## ભવનાથ મંદિરનાં મહંત હરીગીરીનું ભવનાથમાં આગમન થયું હોવાની ભારે ચર્ચા

જૂનાગઢ તા. ૨૫

ભવનાથ મંદિરનાં મહંત પદનો વિવાદનો મધપુડો છંછેડાયા બાદ ભારે હોબાળો મચેલો છે. અને એક પછી એક નવા ઘટનાક્રમ સામે આવી રહયા છે. દરમ્યાન જાણકાર સુત્રોમાં ચર્ચાતી વિગત અનુસાર મહંત હરીગીરી બાપુનું આગમન ભવનાથમાં આગમન થયું હોવાનાં પણ સમાચાર મળી રહયા છે. પરંતુ આ અંગે કોઈ સમર્થન મળી શકયું નથી. દરમ્યાન ધર્મસ્થાનો અંગેનાં જાગી ઉઠેલા વિવાદે લાખો શ્રધ્ધાળુઓને ઠેસ પહોંચી છે અને હવે આ પ્રશ્ને યોગ્ય કાર્યવાહી થાય તે પણ જરૂરી છે. અને લોકોની આ પ્રશ્ને મીટ મંડાયેલ છે.





સોપારીનું કટીંગ રીટેઈલમાં મળશે

અમારી સ્પેશ્યલ જુની મોરો સોપારીનું કટીંગ ફકત ૨૫૦ ગ્રામ લઈ અને ખાત્રી કરો તમે જ કહેશો કે વાહ ભઈ વાહ

મોરો સોપારી કટીંગ
૧ કિલોના ફકત રૂા.૬૦૦
આ રીટેઈલ માટે છે

આ ખોટા વખાણ નથી હો..
આપ નજરે નિહાળો પછી તમે જ કહેશો કે વાહ..ભાઈ વાહ..

સૌરાષ્ટ્ર ભૂમિ બ્યુરો ઓફીસ
ગુલબાવાડી નજીક, ખોજાવાડ ચોક પાસે, જૂનાગઢ

મો.૯૩૭૬૬૦ ૫૫૬૨